


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

મહા સુદ-૧૦ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦    સ્થાપક : બાબુભાઈ શાહ    તા. ૭-૨-૨૦૨૫ - શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૧૪૨    RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT    તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ    sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

**નવા હથિયાર લાયસન્સ માટે**

હથિયાર લાયસન્સ તેમજ રીન્યુ અને લાયસન્સને લગતા તમામ કામ ખાતરીપૂર્વક કરી આપશું.

**વાઘેશ્વરી એસોસિએટ**

**મો.૭૭૭૮૮૨૭૭૭૨**

## સાંજ સમાચાર

## કર્તવ્ય પથના પ્રેરણા-પરિવારના વાત્સલ્ય મૂર્તિ પૂ. બાને ભાવભીની વંદના



'સાંજ સમાચાર' પરિવાર આજે પૂજય માતુશ્રી સ્વ.લીલાવંતીબેન નરોતમદાસ (બાબુભાઇ) શાહને ચરણ વંદન કરે છે. સમગ્ર પરિવાર માટે આજથી ૨૫ વર્ષ પહેલાનો એ દિવસ સૌથી કરૂણાસભર બની રહ્યો કે જયારે પૂજય બાએ આપણી વચ્ચેથી વિદાય લીધી પણ તેઓની પરિવાર પ્રત્યેની વાત્સલ્ય સભરતા અને અમારા કર્તવ્ય પ્રત્યેની પ્રતિબધ્ધતા માટેની તેમની પ્રેરણા એ આજે પણ અમને સતત હુંફ અને માર્ગદર્શન આપી રહી છે. 'સાંજ સમાચાર'ના એ વિશાળ પરિવારમાં પૂજય બાએ કેન્દ્ર સ્થાને રહ્યા કે જેણે પૂજય બાપુજીને અખબારી સંચાલનમાં પારિવારિક તાણાવાણાનો ટેકો આપીને વધુ સમર્થ બનાવ્યા અને તેની સાથે જ પરિવારમાં શ્રેષ્ઠ સંસ્કાર અને સિધ્ધાંતોનું પણ સિંચન કર્યુ. પરિવારના એક એક સભ્ય માટે જે તેમની વિશેષ લાગણીઓ હતી તે આજે પણ અમારા હૃદયમાં ખાસ સ્થાન ધરાવે છે અને તેમનું સ્મરણ પણ અમને ભાવવિભોર કરે છે. આજે તેમની વિદાયને ૨૫ વર્ષ પૂરા થયા અને તેઓ સદેહે આપણી વચ્ચે નથી છતાં પણ પરિવાર ઉપર તેમના આશિર્વાદ સતત વરસી રહ્યા હોય તેવી અનુભૂતિ થાય છે. પૂજય બાના ચરણમાં વંદન કરીને અમો વધુ અહોભાગી સમજીએ છીએ.

તંત્રી
**પ્રદીપભાઈ શાહ**
**'સાંજ સમાચાર' પરિવાર**

### નવા ગવર્નર સંજય મલ્હોત્રા અને એમપીસી કમીટીનો સર્વાનુમતે નિર્ણય

# પાંચ વર્ષ બાદ વ્યાજદરમાં ઘટાડો કરતી RBI

### લોનધારકોને મોટી રાહતની શરૂઆતઃ રેપોરેટ ૬.૫૦% માંથી ૬.૨૫% કર્યોઃ હવે તમામ ધિરાણ સસ્તા થશે



### ફુગાવો પણ ૪.૨% રહેવાનો આશાવાદઃ જીડીપી લક્ષ્યાંક વધારીને ૬.૭% કર્યોઃ સિસ્ટમમાં લીકવીડીટીમાં રાહત હોવાનો દાવો

મુંબઈ: લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે વ્યાજદરમાં અંતે પાંચ વર્ષમાં પ્રથમ વખત ૨૫ બેઝીક પોઈન્ટનો ઘડાયો કરાયો છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નવા ગવર્નર સંજય મલહોત્રા અને નવી રચાયેલી મોનેટરી કમીટીની આ પ્રથમ ધિરાણ નીતિ નિશ્ચિત કરવા માટેની બેઠકમાં સર્વાનુમતે રેપોરેટ ૬.૫૦%માંથી ૬.૨૫% કરવા સર્વસંમતી બની હતી. જેના કારણે આગામી દિવસોમાં હવે બેન્ક ધિરાણ સસ્તુ થશે અને તેની હાલના અને ભવિષ્યમાં બેન્ક ધિરાણ લેનારને મોટી રાહત થશે. રિઝર્વ બેન્કના ગવર્નર શ્રી સંજય મલહોત્રાએ દેશનો વિકાસ દર જળવાઈ રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા જીડીપી દર ૬.૬ના બદલે ૬.૭નો આશાવાદ દર્શાવ્યો છે અને ફુગાવો જે લાંબા સમયથી દેશના કરોડો લોકો અને રિઝર્વ બેન્ક માટે પણ ચિંતાનો વિષય બની ગયો હતો તેમાં પ્રથમ વખત હવે ૪.૨%નો દરનો વિશ્વાસ દર્શાવાયો છે.

આમ રિઝર્વ બેન્ક ૪% ફુગાવા પર તેની ધિરાણ નીતિની શ્રેષ્ઠ પરીસ્થિતિ ગણે છે અને તેમાં પાંચ વર્ષમાં પ્રથમ વખત ૪.૨ થી ૪.૬ સુધીનો આશાવાદ દર્શાવાયો છે. શ્રી સંજય મલહોત્રાએ સ્વીકાર્યુ કે વૈશ્વિક પડકારો ભારતના અર્થતંત્રને અસર કરશે. પરંતુ દેશનું અર્થતંત્ર હવે આ વૈશ્વિક પડકારોને ઉપાડવા સક્ષમ હોવાનો પણ વિશ્વાસ દર્શાવ્યો છે તથા હવે અર્થતંત્રમાં લીકવીડીટીની સ્થિતિમાં રિઝર્વ બેન્કે હાલમાં જ રૂા.૧.૫૦ લાખ કરોડ ઉમેર્યા તેના કારણે ખાધ ઘટી હોવાનું જણાવ્યું હતું.

# વ્યાજદર ઘટાડો ડીસ્કાઉન્ટ! સેન્સેક્સમાં ૫૦૦ પોઈન્ટનું ગાબડુ

### ઈન્ટ્રા-ડે અફડાતફડીઃ ઓટો મોબાઈલ્સ શેરો ઝળક્યાઃ ડોલર સામે રૂપિયો ૨૦ પૈસા ઉંચકાયો

રાજકોટ, તા.૭

રિઝર્વ બેંકના વ્યાજદરમાં ઘટાડાના નિર્ણયને શેરબજારે ડિસ્કાઉન્ટ કરી દીધો હોય તેમ સેન્સેક્સમાં ૫૦૦ પોઈન્ટથી અધિકનું ગાબડુ પડ્યું હતું. કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો ઉંચકાયો હતો.

શેરબજારની નજર આજે રિઝર્વ બેન્કની ધિરાણ નીતિ પર હતી. આરબીઆઇએ રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. આ ઘટાડો 'અપેક્ષિત' ગણી લેવામાં આવ્યો હોય તેમ તેજી તરફી પડઘો પડ્યો નહતો. વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલી, અમેરિકા સહિતના વૈશ્વિક ઘટનાક્રમો સહિતના પ્રત્યાઘાતોથી માર્કેટ મંદીમાં આવી ગયું હતું. ઇન્ટ્રા-ડે બેતરફી વધઘટ જોવા મળી હતી પરંતુ અંતિમ તબકકામાં વેચવાલીના દબાણ સામે ઝીંક ઝીલી શક્યું નહતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટમાં એકથી વધુ પોઝીટીવ કરણો આવ્યા છે. હવે આવતીકાલે જાહેર થનારા દિલ્હી વિધાનસભાના ચૂંટણી પરિણામો તથા નવા આવકવેરા ખરડા પર નજર રહેશે.

શેરબજારમાં આજે અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતીય એરટેલ, ઇન્ડુસઇન્ડ બેંક, એનટીપીસી, ટાટા સ્ટીલ, ટાઇટન, ટ્રેન્ડ, જેએસડબલ્યૂ સ્ટીલ સહિતના શેરો ઉછળ્યા હતા. અદાણી પોર્ટ, બજાજ ફાઇનાન્સ, એચડીએફસી બેંક,

(અનુસંધાન ૧૨ મા પાને)




# જામનગર-માળીયા-અમદાવાદમાં મીઠા ઉદ્યોગ પર ઈન્કમટેકસનાં દરોડા

### દેવસોલ્ટ પર સવારથી સર્ચઃ દેવેન્દ્રસિંહ તથા હિરેનસિંહ ઝાલાની જામનગરમાં પંચવટી સ્થિત ઓફિસ-હોટેલ-રહેણાંક, અમદાવાદમાં નિવાસસ્થાન-ઓફિસ માળીયામાં ફેકટરી તથા ગાંધીધામ સહિત ૨૦ જેટલા સ્થળોએ કાર્યવાહીઃ જંગી કરચોરી પકડાવાની આશંકા

રાજકોટ તા.૭

નાણાંકીય વર્ષની સમાપ્તિને આડે બે મહિના પણ બાકી રહ્યા નથી ત્યારે એકશનમાં આવેલા ઈન્કમટેકસ દ્વારા આજે જામનગર, અમદાવાદ, માળીયા તથા ગાંધીધામમાં ટોચના મીઠા ઉદ્યોગ ગ્રુપ પર દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવતા ફફડાટ સર્જાયો છે. કરોડો રૂપિયાની કરચોરી પકડાવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

આવકવેરા વિભાગનાં સુત્રોએ કહ્યું કે અમદાવાદ-જામનગરમાં ઓફિસ-રહેણાંક તથા માળીયામાં ફેકટરી ધરાવતા દેવ સોલ્ટ પર આજે સવારથી દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.દેવ સોલ્ટના દેવેન્દ્રસિંહ એસ.ઝાલા તથા હિરેનસિંહ ઝાલાના અમદાવાદ-જામનગરનાં નિવાસસ્થાન-ઓફીસ પર અધિકારીઓનો કાફલો ત્રાટકયો હતો અને સર્ચ કાર્યવાહી હાથ ધરી હતી. આ સિવાય ગાંધીધામની ઓફીસ તથા માળીયામાં આવેલી કંપનીની ફેકટરીમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી.

એમ જાણવા મળ્યુ છે કે મીઠાના વ્યવસાયની સાથે કંપનીના સંચાલકો જામનગરમાં પંચવટી ખાતે હોટેલ પણ ધરાવે છે અને તેમાં જ ઓફીસ છે. જયાંથી સમગ્ર વહીવટ કરવામાં આવે છે.ત્યાં પણ સર્ચ હાથ ધરવામાં આવ્યું છે. સંચાલકો મુળ જામનગરનાં છે અને કેટલાંક વખતથી અમદાવાદમાં વસવાટ કરે છે અને મુખ્ય ઓફીસ ધરાવે છે. અમદાવાદના રહેણાંક ઓફિસને પણ દરોડા કાર્યવાહીમાં આવરી લેવામાં આવ્યા છે.

સુત્રોના કહેવા પ્રમાણે દરોડાની પ્રાથમીક કાર્યવાહીમાં જ મોટી રકમના બિનહિસાબી વ્યવહારો દર્શાવતાં દસ્તાવેજાહે મળી આવ્યા હતા. બેંક લોકરો પણ સીલ કરવામાં આવ્યા હતા અન્ય ક્ષેત્રોમાં રોકાણનાં વ્યવહારો ખુલવાની પણ ચર્ચા છે. સર્ચ કાર્યવાહી બે-ત્રણ દિવસ ચાલુ રહેવાનું મનાય છે.

આવકવેરા વિભાગ દ્વારા ૨૦૨૫

(અનુસંધાન ૧૨ મા પાને)

# અમેરિકા માટેના H-1B વિસાની ફી હવે ૨૧૫ ડોલરઃ અરજી પ્રક્રિયા પણ બદલાઈ




**હવે મલ્ટીપલ અરજી ટાળવા દરેકના પાસપોર્ટને યુનિક નંબર અપાશે**

નવી દિલ્હી: અમેરિકામાં ટ્રમ્પ-૨ સરકારના આગમન બાદની હવે પ્રથમ વખતની એચ-વન-બી વિસા પ્રક્રિયામાં અનેક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યા છે. ખાસ કરીને આ વિઝા માટેની ફી જે અગાઉના વર્ષમાં ૧૦ ડોલર હતી તે વધારીને હવે ૨૧૫ ડોલર કરવામાં આવી છે. આ વિસા માટેની અરજી સ્વીકારવાની પ્રક્રિયા તા.૭ માર્ચના રોજ શરૂ થશે અને તા.૨૪ માર્ચ સુધી આવેદન કરી શકાશે. આ વિસા ૩૦ સપ્ટે. ૨૦૨૬ના પુરા થતા નાણાકીય વર્ષ માટે હશે. આ પ્રક્રિયામાં વિસા-અરજી ફી વધારા ઉપરાંત પસંદગી પ્રક્રિયામાં પણ હવે ધરખમ ફેરફાર કરાયા છે અને એક માહિતી મલ્ટીપલ કંપની મારફત એચ-વન-બી વિસા પ્રક્રિયા કરી શકાશે નહી. સર્વાંગી ટેલન્ટ ધરાવતા વ્યક્તિને જ આ પ્રકારના જોબ વિસા મળે તે હેતુથી ઉમેદવાર કેન્દ્રીત વિસા પ્રક્રિયા અમલી બનાવાઈ છે. જેમાં પ્રથમ વખત દરેક વિસા અરજદારના પાસપોર્ટને એક યુનિક નંબર અપાશે અને પછી તે લોટરી સીસ્ટમમાં દાખલ કરાશે જેથી દરેક અરજદાર ફકત એક જ વખત પસંદગી પ્રક્રિયામાં દાખલ થઈ શકશે. એક કંપનીના સ્પોન્સર વિસા નકારાય હોય તે બીજી કંપનીના સ્પોન્સર વિસા જે તે વર્ષમાં અરજી કરી શકશે નહી તેથી અન્યના ચાન્સ વધી જશે. પછી લોટરી સિસ્ટમથી આ વિસા અપાશે. ૨૦૨૫માં ૪.૭૦ લાખ ભારતીયોએ આ વિસા માટે અરજી કરી હતી જે અગાઉના વર્ષ કરતા ૩૮.૬% ઓછી હતી પણ આ વર્ષે હવે મસ્ક ઈફેકટના કારણે અરજદારો વધી જશે તેવા સંકેત છે. માર્ચના અંતમાં આ વિસા મેળવનાર સફળ લોકોની યાદી જાહેર થશે પછી તેણે વિસા પ્રક્રિયા શરૂ કરવાની રહેશે. આ ઉપરાંત સ્પેશ્યાલીટીની વ્યાખ્યામાં ફેરફાર થયો છે જેની ખૂબજ ટેલેન્ટેડને જ હવે આ વિસા મળશે.

# કુંભમેળામાં ફરી આગ ભભુકીઃ ઈસ્કોનના પંડાલો સળગીને ખાખઃ જાનહાની નહીં

### એસીનું ગેસ સિલિન્ડર ફાટતા આગ લાગ્યાનું અનુમાનઃ ફાયર બ્રિગેડે તાબડતોબ આગને કાબુમાં લીધી

પ્રયાગરાજ, તા.૭

મહાકુંભમાં આજે ફરી એકવાર સવારે આગ લાગવાની ઘટના બની હતી. અહીં આગની આ ત્રીજી ઘટના માનવામાં આવી રહી છે. આ આગ ઇસ્કોનના કિચનમાં લાગી હતી. જો કે સદ્ભાગ્યે આ આગમાં કોઇ જાનહાની નથી થઇ. આગની આ ઘટનામાં અનેક કોટેજ સળગ્યા છે. જો કે અગ્નિશમન દળે ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવી લીધો છે.



આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ પ્રયાગરાજમાં કુંભમેળા ક્ષેત્રના સેકટર ૧૮ શંકરાચાર્ય માર્ગ પર ઇસ્કોનના કિચનમાં આજે સવારે આગ ભભૂકી ઉઠી હતી. જેમાં અનેક કોટેજ સળગી ગયા હતા. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડ તત્કાળ ઘટના સ્થળે પહોંચી ગયું હતું. ઘણી જહેમત બાદ આગ

(અનુસંધાન ૧૨ મા પાને)

# નોટીસ વગર બુલડોઝર કાર્યવાહીઃ સુપ્રીમની અવમાનનાનો કેસ ચાલશે

નવી દિલ્હી તા.૭

બુલડોઝર કાર્યવાહીના કેસમાં સુપ્રીમ કોર્ટની અવગણનાનો આરોપ લગાવતી અરજી સુપ્રીમ કોર્ટમાં આવી હતી. આ મામલે સુપ્રીમ કોર્ટે અરજદારને હાઈકોર્ટમાં જવાનું કહ્યું હતું.



ખરેખર તો અરજીમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે સુપ્રીમ કોર્ટે ૧૩ નવેમ્બર ૨૦૨૪ના પોતાના આદેશમાં અગાઉથી નોટિસ અને સુનાવણીનો મોકો આપ્યા વિના બુલડોઝર કાર્યવાહી રોકવાનો આદેશ આપ્યો હતો. અરજીમાં આરોપ લગાવાયો હતો કે ઉતરપ્રદેશ ઓથોરિટી દ્વારા અદાલતના આદેશની અવગણના કરાઈ છે. અરજદારે જણાવ્યું હતું કે સુપ્રીમકોર્ટના ઉપરોક્ત આદેશ છતાં ૧૦-૧૧ જાન્યુઆરી ૨૦૨૫માં સંભલ સ્થિત સંપતિમાં કોઈ પુર્વ સૂચના અને પક્ષને સાંભળ્યા તોડફોડની કાર્યવાહી થઈ હતી. અરજદારનો દાવો હતો કે આ સુપ્રીમ કોર્ટના આદેશનો ભંગ હતો. જો કે આ મામલે સુપ્રીમ કોર્ટે અરજદારને હાઈકોર્ટમાં જવાનો આદેશ આપ્યો હતો. અરજદાર મોહમ્મદ ગયુર તરફથી રજુ થયેલ અરજી અંગે વકીલ ચાંદ કુરેશીએ દલીલો રજુ કરી હતી.



# ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ પર ટ્રમ્પનો પ્રતિબંધ : ખળભળાટ

## આઈસીસી હમેશાં અમેરિકા અને ઈઝરાયેલ સામે અન્યાયી અને પાયાવિહોણા પગલાં ભરે છેઃ ટ્રમ્પનો આરોપઃ ટ્રમ્પે આઈસીસી અધિકારીઓ કર્મચારીઓ, તેના પરિવારના સભ્યોની સંપતિ જપ્ત કરવા આદેશ આપ્યો



વોશિંગ્ટન(અમેરિકા),તા.૭

ગત ૨૦જાન્યુઆરીના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક ચોંકાવનારા નિર્ણયો લઇ રહ્યા છે, જેને કારણે તેઓ લગભગ દરરોજ હેડલાઈનમાં રહે છે. તાજેતરના એક આદેશમાં ટ્રમ્પે ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) સામે પ્રતિબંધો લગાવવાની જાહેરાત કરી છે.

એક કાર્યકારી આદેશમાં ટ્રમ્પે ICC ને 'પાયાવિહોણું' ગણાવ્યું છે. ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ICC હંમેશા અમેરિકા અને તેના સાથી ઇઝરાયલ સામે અન્યાયી અને પાયાવિહોણા પગલાં ભરે છે. ટ્રમ્પે ICC અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યો તેમજ કોર્ટની તપાસમાં મદદ કરનારા કોઈપણ વ્યક્તિની સંપત્તિ જપ્ત કરવા અને મુસાફરી પ્રતિબંધ લાગવવાનો આદેશ આપ્યો છે. નોંધનીય છે કે અમેરિકા કે ઇઝરાયલ આ કોર્ટના સભ્ય નથી. પ્રતિબંધો અંગે ICC તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી.

ગત ૨૧ નવેમ્બરના રોજ, ICC એ ઇઝરાયલના વડા પ્રધાન નેતન્યાહૂ, તેમના ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટ અને હમાસના લશ્કરી વડા મોહમ્મદ દેઈફ સામે અરેસ્ટ વોરંટ જાહેર કર્યું હતું. જેના કારણે ઇઝરાયલ નારાજ છે. તાજેતરમાં નેતન્યાહૂ અમેરિકાની મુલાકતે હતાં અને ટ્રમ્પ સાથે બેઠક પણ કરી હતી, ત્યાર બાદ ટ્રમ્પે આ આ જાહેરાત કરી છે.

ICC અફઘાનિસ્તાનમાં યુએસ સૈનિકો દ્વારા અને ગાઝામાં ઇઝરાયલી સૈનિકો દ્વારા કથિત વોર ક્રાઈમની તપાસ કરી રહ્યું છે, જેના વિષે ટ્રમ્પના આદેશમાં કહેવામાં આવ્યું છે, ટ્રિબ્યુનલ યુનાઇટેડ સ્ટેટ્સ અને અમારા નજીકના સાથી ઇઝરાયલને નિશાન બનાવીને ગેરકાયદેસર અને પાયાવિહોણા કાર્યોમાં લાગેલું રહે છે.

જયારે ટ્રમ્પ પહેલીવાર અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે પણ તેમણે ICC પર પ્રતિબંધો લગાવ્યા હતા. તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૨૦ માં તેમણે તત્કાલીન ICC પ્રોસિક્યુટર ફાટૌ બેન્સૌડા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને સ્ટાફ પર નાણાકીય અને વિઝા પ્રતિબંધો લાધા હતા. અફઘાનિસ્તાનમાં યુએસ સૈનિકો સામે વોર ક્રાઈમના આરોપોની તપાસ શરૂ કર્યા બાદ ટ્રમ્પે ICC ને કાંગારુ કોર્ટ ગણાવ્ય હતું અને આ પગલું ભર્યું હતું.

# રશિયાના દુષ્પ્રચાર માટે બાયડને રચેલ ટાસ્ક ફોર્સને ટ્રમ્પે વિખેરી નાખ્યું

## રશિયન અબજોપતિઓની સંપતિ જપ્ત કરવાનો પણ આ ટાસ્કફોર્સનો ઉદેશ હતો



વોશિંગ્ટન (અમેરિકા): ટ્રમ્પ પ્રશાસનના ન્યાય વિભાગે બાયડન સરકાર દરમિયાન બનાવવામાં આવેલ એક ખાસ કાર્યબળ 'ટાસ્ક ફોર્સ કલેપ્ટોકેપ્ચર'ને ખતમ કરી નાખ્યુ છે, જેનો ઉદ્દેશ યુક્રેન હુમલાના જવાબમાં રશિયન અબજોપતિઓની સંપતિ જપ્ત કરવાનો હતો. ન્યાય વિભાગના નવા એટોર્ની જનરલ પેમ બોન્ડીના નેતૃત્વમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાથી સંકેત મળે છે કે ટ્રમ્પ પ્રશાસન રશિયા અને રાષ્ટ્રીય સુરક્ષાને લઈને અલગ નીતિ અપનાવશે. આ ઉપરાંત ટ્રમ્પ સરકારે વિદેશી ટાસ્ક ફોર્સ પણ વિખેરી નાખ્યુ છે. આ ટાસ્ક ફોર્સ રશિયા અને અન્ય દેશો તરફથી ચલાવવામાં આવતા દુષ્પ્રચાર અભિયાનોને રોકવાના ઉદ્દેશથી બનાવવામાં આવ્યુ હતું.

# અમેરિકામાં મસ્કની સરકારી કર્મીઓની છટણીની સ્કીમ સામે શ્રમિક સંઘ મેદાનેઃ અદાલતે રોક લગાવી

## સરકારના ખર્ચા ઘટાડવા ડીઓજીઈ ઈન્ચાર્જ મસ્કે સ્કીમ રજુ કરેલીઃ યોજનાની કાયદેસરતા સામે સવાલો



વોશિંગ્ટન (અમેરિકા) તા.૭

અમેરિકામાં સંઘીય કર્મચારીઓને મોટા પ્રમાણમાં નોકરીથી છુટા કરવાની એલન મસ્કની યોજના પર એક સંઘીય અદાલતના જજે હાલમાં રોક લગાવી દીધી છે. મેસારયુસેટસના એક જજે આ રોક લગાવી છે. મસ્કની યોજનાની સમય સીમા ગુરુવારે પુરી થઈ ગઈ હતી પણ હવે અદાલતે સોમવાર સુધી વધારી દીધી છે. ઉલ્લેખનીય છે કે એલન મસ્ક ડોનાલ્ડ ટ્રમ્પની સરકારમાં સરકારી દક્ષતા વિભાગ (ડીઓજીઈ) નામના સ્વતંત્ર એકમના ઈન્ચાર્જ છે.

આ વિભાગને સરકારના ખર્ચાઓને નિયંત્રીત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. કર્મચારીઓને રિટાયરમેન્ટના બદલામાં આપવામાં આવી સુવિધાઓઃ તેમણે છટણી માટે એક યોજના બનાવી હતી જેમાં રાજીનામું આપનાર કર્મચારીને ૮ મહિનાનો પગાર સહિત અનેક સુવિધાનો સમાવેશ થાય છે. મસ્કે કહ્યું હતું કે કર્મચારી કાં તો આ યોજનાનો લાભ મેળવી રિટાયર થઈ જાય, નહીં ભવિષ્યમાં નોકરીમાંથી કાઢી મુકવામાં આવશે. સરકારની આ યોજના સામે અમેરિકાના શ્રમિક સંઘોએ અદાલતનો આશરો લીધો હતો. મેસારયુએટસની ફેડરલ કોર્ટના જજ જયોર્જ ઓ ટુલે આ યોજના પર રોક લગાવી દીધી છે અને મામલાની સુનાવણી કરવાનો નિર્ણય લીધો છે.

મસ્કની સ્કીમનો ૪૦ હજાર કર્મીઓએ લાભ લીધોઃ એક બાજુ મસ્કની સ્કીમ સામે શ્રમિક સંઘોએ કોર્ટનું વલણ અપનાવ્યુ છે ત્યારે ૪૦ હજાર જેટલા કર્મચારીઓએ રિટાયરમેન્ટ સ્કીમનો ફાયદો ઉઠાવી રાજીનામા આપવાનો નિર્ણય કર્યો છે. કર્મચારીઓને પદ પરથી હટાવવાના કારણે સરકારના અનેક વિભાગોમાં કામકાજને અસર થઈ છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી પર રોહિતનું ફોકસ

## રોહિત બોલિંગ, બેટિંગની દ્રષ્ટિએ શક્ય તેટલું બધું સારું કરવા માંગે છે



નાગપુર :

ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ કહ્યું છે કે ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં કંઈપણ વિશેષ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવા માંગતી નથી. પરંતુ શક્ય તેટલી બધી વસ્તુઓ સુધારવા માંગે છે.

ગુરુવારે પ્રથમ મેચમાં વિજય પછી, રોહિતે કહ્યું કે એક ટીમ તરીકે, હું ઇચ્છું છું કે અમે ખાતરી કરીએ કે અમે શક્ય તેટલી યોગ્ય વસ્તુઓ કરવાનું ચાલું રાખીએ.

તેમણે કહ્યું કે અમે બોલિંગ, બેટિંગની દ્રષ્ટિએ શક્ય તેટલું બધું સારું કરવા માંગીએ છીએ. તેમણે કહ્યું કે ટીમ ઈંગ્લેન્ડ સામે આમ કરવામાં ખૂબ જ સફળ રહી છે.

### ટીમનાં પ્રદર્શનથી સંતુષ્ટ

ભારતીય કેપ્ટને કહ્યું કે તે ભારતનાં પ્રદર્શનથી સંતુષ્ટ છે કારણ કે ટીમ લગભગ છ મહિના પછી વનડે રમી રહી હતી. તેમણે કહ્યું કે દરેક ખેલાડીને ખબર હતી કે આપણે લાંબા સમય પછી આ ફોર્મેટમાં રમી રહ્યાં છીએ, તેથી ટીમ માટે ફરીથી એક થવું અને શું કરવું તે સમજવું મહત્વપૂર્ણ હતું. વિજય માટેની ક્રેડિટ બધાં બોલરોને જાય છે, બધાએ આ પ્રદર્શનમાં ફાળો આપ્યો છે.

# બુમરાહની ગેરહાજરીથી ચેમ્પિન્સ ટ્રોફી જીતવાની ભારતની શક્યતા ૩૦-૩૫ ટકા ઘટી જશેઃ રવિ શાસ્ત્રી



મુંબઇ:

ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર રવિ શાસ્ત્રીએ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ભારતીય ટીમ અને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ માટે ચિંતા વ્યકત કરી છે. આઇસીસી રિવ્યુમાં તે કહે છે, 'બુમરાહ ફિટ ન હોવાથી ભારતની (ચેમ્પિયન્સ ટ્રોફી) જીતવાની શક્યતા ૩૦-૩૫ ટકા ઘટી જશે. સંપૂર્ણપણે ફિટ બુમરાહ હોવાથી તમારી પાસે ડેથ ઓવરોમાં સારી બોલિંગની ખાતરી રહે છે. મને લાગે છે કે તેને ઉતાવળમાં પાછો લાવવો ખૂબ જોખમી છે. તેણે ભારત માટે ભવિષ્યમાં ઘણું ક્રિકેટ રમવાનું છે. તેની કેરીયરના આ તબકકે તેને અચાનક મેચ માટે ન બોલાવવો જોઇએ, અપેક્ષાઓ ખૂબ ઉંચી હશે. તમને લાગશે કે તે આવતાની સાથે જ ધમાલ મચાવી દેશે, પણ જ્યારે તમે ઇજામાંથી પાછા આવો છો ત્યારે એ ક્યારેય એટલું સરળ નથી હોતું.'

# સૈફ હુમલો કેસ- આરોપી શરીફુલના ફિંગરપ્રિન્ટ મેચ

## હુમલાના ૭ દિવસ પછી નમૂના લેવામાં આવ્યા હતા; ગઈકાલે અભિનેતાના સ્ટાફે હુમલાખોરની ઓળખ કરી હતી



મુંબઈ : સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપી શરીફુલ ઇસ્લામના કેટલાક ફિંગરપ્રિન્ટ્સ અભિનેતાના ઘરેથી લેવામાં આવેલા નમૂનાઓ સાથે મેચ થયા છે. ૧૫ જાન્યુઆરીની મોડી રાત્રે સૈફ પર હુમલો થયો હતો. ૨૨ જાન્યુઆરીના રોજ, મુંબઈ પોલીસે ફિંગરપ્રિન્ટ્સ અને અન્ય નમૂનાઓ એકત્રિત કર્યા અને તેમને તપાસ માટે CID લેબમાં મોકલ્યા.

મુંબઈ પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપી શરીફુલ ઇસ્લામના ફિંગરપ્રિન્ટ પરીક્ષણ માટે મોકલવામાં આવેલા કેટલાક નમૂનાઓના રિપોર્ટ આવી ગયા છે. આમાં કેટલાક ફિંગરપ્રિન્ટ્સ મેચ થયા છે. જોકે, પોલીસ અંતિમ રિપોર્ટની રાહ જોઈ રહી છે.

બીજી તરફ, સૈફના બે મહિલા સ્ટાફ સભ્યોએ ગુરુવારે (૬ ફેબ્રુઆરી) આરોપી શરીફુલની ઓળખની પુષ્ટિ કરી. હુમલા સમયે બાળકોના રૂમમાં હાજર એરિયાના ફિલિપ અને જુનુને તાજેતરમાં મુંબઈની આર્થર રોડ જેલમાં બોલાવવામાં આવ્યા હતા. અહીં આરોપી શરીફુલ ઇસ્લામની ઓળખ પરેડ યોજાઈ હતી, જે દરમિયાન બંનેએ તેની ઓળખની પુષ્ટિ કરી હતી.

### સુવિચાર

રીટર્ન ટીકીટ કન્ફમ છે એટલે
મન ભરીને જીવો મનમાં ભરીને નહીં



### આજનું ચિંતન

#### મન

- જેની વાતથી તમારૂ મન અશાંત થઇ જાય તેવી વ્યકિત પાસે ન બેસો કે ના તમારી પાસે બેસાડો.
- ઇન્સાનની આર્થિક સ્થિતિ સારી ના હોય પરંતુ જીવનમાં સાચો આનંદ લેવા માટે મનની સ્થિતિ સારી હોવી જોઇએ.
- બીજાને આનંદિત ને સુખી જોઇને ખુશ થવું એ નિરોગી મનનું લક્ષણ છે.
- મન જોઇને મહેમાન થવાય, મકાન જોઇને નહીં.
- મન કંટ્રોલમાં હોય તો બધું મુટ્ઠીમાં જ છે.
- મનથી પોઝીટીવ રહો, રીપોર્ટ બધા નેગેટીવ આવશે.
- મનને બદલી શકાય છે પણ મનમાં હોય તેને બદલી શકાતું નથી.
- મનની શાંતિથી વધુ જીવનમાં બીજી કોઇ મોટી સંપતિ નથી.
- જે પરિસ્થિતિનો મન સ્વીકાર કરી લે તેનું નામ સુખ.

## સહયોગ ભાવનાથી, વિશ્વનું રૂપ નિખારીએ

વિશ્વનું રૂપ નવું કરવા દરેક મનુષ્યમાં પ્રેમ, દયા, આપસમાં ભાઈચારાની ભાવના જગાવવી પડશે. આપણા પૂર્વજોની પરંપરા હતી જે પાડોશીને પહેલા સગા ગણતા કે જે સંકટ સમયે પ્રથમ મદદગાર બનતા હોય છે. સંબંધો કે જે કપરા સમયે અને અચોક્કસતા વાળા જીવનના એકલાપણાંના સમયના સાચા મદદગાર હોય છે. સાંત્વના આપનાર બનતા હોય છે. કુટુંબમા કોઈ બળીયો કોઈ નબળો હોય છે. એકબીજાની મદદ વગર બન્ને સાથે કેવી રીતે જીવન ગુજારી શકે? આથી જ સદ્દભાવ, રહમભાવ, છલ-કપટ રહિતનો નિ:સ્વાર્થ પ્રેમ બની રહે તે જરૂરી છે. જીવનના આવા મૂલ્યો જે આપણા પૂર્વજોમાં ઠાંસીને ભરેલા હતા ત્યારે જ સમાજ રચનાને પ્રોત્સાહન મળ્યુ. આવા સમાજોથી જ દેશ મહાન બને છે ને! આપણે ફરી પૂર્વજોના સંસ્કારોને જગાડીએ નફરત, ઈર્ષા, દ્વેષ, હરીફાઈઓથી દૂર રહી એકબીજાની ભાવનાનું સમ્માન કરીએ. સ્વીકાર કરીએ. નબળો છે તો તેને પણ સહયોગ આપી સાથે સાથે ઉપર ઉઠાવીએ. જેથી સર્વ એકબીજાના છેવટ સુધીના સહયોગી બની રહે. કારણ કે જીવનનો અંતિમ બુઢાપાનો સમય, બીમારીનો સમય સંબંધોના સ્નેહ અને સહયોગથી જ પડતા દુ:ખ, દર્દ ભૂલાવી દેવાની અકસીર દવા બનતી હોય છે. પૂરા વિશ્વને એક સ્નેહના સૂત્રમાં કેવી રીતે બાંધી શકાશે? તે માટે આપસમાં ધર્મ, જાતી, નાત-જાત, રંગ ભેદ કે તવંગર-ગરીબના ભેદ દૂર કરીએ. ક્ષણ મિનિટો માટે એવી દુનિયાની કલ્પના કરો જયાં પોતાના માટે કોઈ પરાયું નથી. બધા પોતાના છે. નજીકના છે, મારા છે. અમે એક કુટુંબના જ છીએ- એ મનની ભાવનાને વહેતી કરીએ. ભેદભાવ મટી જશે અંતરમનથી તો, એક બની જઇશું બાહ્ય જગતથી. કારણ કે દૂરી તો સંસ્કારો, મન-બુધ્ધિ અને વૃતિઓથી છે તેને મિટાવવાની જરૂર છે.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

હાથમાં હાથ મિલાવીને ચાલવાથી દુર્ગમ પહાડ પરનું ચઢાણ સહેલાઈથી ચઢી શકાય છે. કષ્ટોભરી દુનિયામાં દુ:ખ, અશાંતિ ખુબ છે દુરાચાર અને બદલાની ભાવનામાં જ જીવનને લુટાવી દેનાર દુનિયાના મનુષ્યોએ સમય પર જાગવું પડશે. ચેતી જવું પડશે. વિસ્તારવાદ અને ભૌતિકવાદે આ દુનિયાને એકબીજાના દુશ્મન બનાવી દીધા છે. જે કાંઈ કુદરતી સંશાધનો છે તે સર્વના સુખાકારી માટે છે, સર્વના છે. દરેકના ઉપયોગ માટે છે. પરંતુ હું અને મારૂંના અહંકારો ટક્કરાય છે તો સહયોગ અને સ્નેહના મૂલ્યો ભુલાય જાય છે.

વાસ્તવમાં આત્માનો સ્નેહ પિતા પરમાત્મા સાથેનો અતૂટ રહેવો જોઈએ તો તે પરમ શક્તિનો સહયોગ જ આ સ્વાર્થી બનેલી દુનિયામાં જીવનને સુખમયી મૃત્યુ તરફ લઈ જઈ શકે છે.

# મહાકુંભમાં પ્રથમ વખત ૨૦ ટકા નવા નાગા સાધુઓ દલિતો અને આદિવાસી

## ૮૭૧૫ નવા નાગા સાધુમાંથી ૧૮૫૦ દલિત અને આદિવાસી સમાજના સંન્યાસી બન્યાં



પ્રાયાગરાજ : ઉત્તર પ્રદેશના મહાકુંભ દરમિયાન, દેશ અને વિશ્વનાં ભક્તો સંગમકાંઠે પહોંચ્યાં અને પવિત્ર ત્રિવેણીમાં ડૂબકી લગાવી હતી. આની સાથે, નાગા સાધુની દીક્ષાની પરંપરા પણ અનુસરવામાં આવી હતી. ખરેખર, નાગા સાધુ મહાકુભનું પ્રતીક છે. સદીઓથી, આ યોદ્ધાઓ જે પોતાને આદિ શંકરાચાર્ય સાથે જોડે છે, તે ચોક્કસ ભાઈચારો સાથે એક થાય છે. પહેલાનાં સમયમાં, તેઓ મોટા પાયે વિશેષાધિકૃત જાતિઓમાંથી આવ્યાં હતાં. જો કે, આ મહાકુંભ દરમિયાન સામાજિક રચાયેલી જાતિઓના ક્રમમાં ફેરફાર સૂચવ્યો છે.

મહાકુંભ દરમિયાન, નાગા સાધુની દીક્ષાએ સમાજમાં જાતિના ક્રમની કઠોર સીમાઓમાં પરિવર્તન સૂચવ્યું છે. ઇતિહાસમાં પ્રથમ વખત, નવા નાગા સાધુના ૨૦ ટકાથી વધુ દલિત અને આદિજાતિ સમુદાયોમાંથી આવ્યાં છે. મહાકુંભમાં કુલ ૮૭૧૫ સાધકોએ નાગ સાધુ અને સાધ્વી તરીકે દીક્ષા લીધી હતી જેમાથી, દલિત અને આદિજાતિ સમાજના નાગા સાધુઓની સંખ્યા ૧૮૫૦ હતી. પરિવર્તનમાં લગભગ ૨૫૦ મહિલાઓએ નાગા સાધ્વીના જીવનમાં પ્રવેશ કર્યો હતો.

આદિવાસી અને દલિત સમુદાયોના સાધુ મધ્યપ્રદેશથી ઉત્તર પૂર્વમાં આવ્યાં છે. તેઓ છત્તીસગઢના જંગલો, બંગાળનાં નદીનાં કાંઠે અરુણાચલ અને ત્રિપુરાની પહાડો અને મધ્યપ્રદેશના મેદાનોથી આવ્યાં હતાં. તેનાં ઘરો, પરિવારો અને જૂની ઓળખ પાછળ છોડીને તેણે નાગા સાધુનુ જીવન અપનાવ્યું હતું.

**અખાડા પરિષદ શું કહે છે ?**

અખિલ ભારતીય અખાડા પરિષદનાં પ્રમુખ મહંત રવિન્દ્ર પુરીએ જણાવ્યું હતું કે, તમામ ક્ષેત્રે આદિજાતિ અને હાંસિયામાં ધકેલીને સમુદાયોના રૂપાંતરને રોકવા માટે અભિયાન ચલાવી રહ્યાં છે. ઘણાં લોકોએ સંન્યાસ અને તેમનાં જીવનને સનાતન ધર્મમાં સમર્પિત કરવાનું પસંદ કર્યું છે. જગદગુરૂ મહેન્દ્રનંદ ગિરી અને મહામંડલેશ્વર કૈલાશાનંદ ગિરી બંને દલિત સંતો છે. તેમને ઉચ્ચતમ ધાર્મિક પદ સોંપવામાં આવ્યું છે. તેમનાં પ્રભાવથી હાંસિયામાં ધકેલી દેવાયેલા સમુદાયોને પરંપરાગત રીતે અલગ આ સ્થળોએ મંજૂરી મેળવવા પ્રેરણા મળી છે.

જૂના અખાડાના પ્રવક્તા શ્રીમંત નારાયણ ગિરીએ કહ્યું કે જાતિ, ધર્મ અને વર્ગ વચ્ચેનાં અંતરને દૂર કરવું જરૂરી છે. અમે આ દિશામાં કામ કરી રહ્યાં છીએ. આ જ કારણ છે કે ઘણાં દલિતો અને આદિવાસીઓ સંન્યાસ લઈ રહ્યાં છે.

# દિલ્હી-એનસીઆરની શાળાઓમાં ફરી એકવાર બોમ્બની ધમકી

## પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ ટુકડીના ઘટનાસ્થળે ધામાઃ કંઈપણ શંકાસ્પદ મળ્યું નહીં



દિલ્હી, તા.૭

ફરી એકવાર દિલ્હી-NCRની શાળાઓમાં બોમ્બ હોવાના સમાચાર આવ્યા છે. ધમકીના સમાચાર મળ્યા બાદ સત્તાવાળાઓએ પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ ટુકડીને ઘટનાસ્થળે મોકલી હતી. શાળાઓની તપાસ કરવામાં આવી હતી. જો કે તપાસમાં કંઈ મળ્યું ન હતું. આ પહેલા ૫ ફેબ્રુઆરીએ પણ ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના નોઈડાની ચાર શાળાઓને બોમ્બની ધમકી મળી હતી. ધમકી મળ્યા બાદ અધિકારીઓએ શાળાઓની તપાસ હાથ ધરી હતી, જેમાં કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. મયુર વિહાર-૧ સ્થિત એહાલકોન ઈન્ટરનેશનલ સ્કૂલ વતી, પાંડવ નગર એસએચઓને જાણ કરવામાં આવી હતી કે આજે સ્કૂલના પ્રિન્સિપાલને સ્કૂલમાં બોમ્બની ધમકી અંગેનો ઈ-મેલ મળ્યો હતો. આ માહિતી સવારે ૬.૪૦ કલાકે આપવામાં આવી હતી. ત્યારબાદ કંટ્રોલ રૂમ અને વરિષ્ઠ અધિકારીઓ જણાવવામાં આવી હતી. તેમજ પૂર્વ જિલ્લાની બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને જાણ કરવામાં આવી હતી. અને એસએચઓ પાંડવ નગર ફોર્સ સાથે સ્કૂલ પહોંચ્યા. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમ પણ શાળાએ પહોંચી હતી. ડોગ હેન્ડલર્સ સાથે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા શાળાના પરિસરની તપાસ કરવામાં આવી હતી. અસામાન્ય કંઈ મળ્યું નથી. અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે જે ધમકીભર્યા ઈ-મેલ મળ્યા છે તે પૂર્વ દિલ્હીની શાળાઓને મોકલવામાં આવ્યા છે. પોલીસ સાવચેતીના પગલા તરીકે, દરેકને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા અને સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
મહા સુદ-૧૧, તા.૮/૨/૨૫, શનિવાર

સૂર્યોદય : ૭-૨૪, સૂર્યાસ્ત : ૬-૩૮, જૈન નવકારશી : ૮.૧૨
રાશિ : મિથુન (ક.છ.ઘ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મકર, મંગળ-મિથુન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મકર, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** આપને આજે બૌધ્ધિક ચર્ચામાં જોડાવાનું મન થશે, કોઈ પણ પ્રકારના વાદવિવાદથી આપના માનભંગનો પ્રસંગ ન બને તેની કાળજી લેવી.
**વૃષભ :** આપને આજ ધન ખર્ચ થવાનો તથા અપકીર્તિ મળવાના યોગ છે. સમયસર ભોજન પણ ન મળે, અનિંદ્રાનો ભોગ બનો.
**મિથુન :** આપને આજે પરિવાર સાથે પિકનીક પાર્ટીનું આયોજન થવાની શકયતા છે, પરિવારના સાથ સહકારથી દિવસ આનંદમય રહે.
**કર્ક :** આપને આજે બહુવિધ લાભ મળવાની શકયતા છે, વેપારીઓને નફાકારક સોદા થાય તેમજ નવા ઓર્ડર મળી શકે.
**સિંહ :** આપ યુવા વર્ગ તથા વિવાહીતોને ઉતમ દાંમ્પત્ય સુખ મળે, તેમજ જીવનસાથીને ખુશ કરવા કોઈ ઉતમ ભેટ આપવી.
**કન્યા :** અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની, નોકરીમાં ચીવટ રાખવી, રાજકીય લાભ મળવાનો.
**તુલા :** સરકારી કાર્યોમાં અનુકુળતા રહે, લાગણીઓને કાબુમાં રાખજો, શેરસટામાં નિર્ણયો મહત્વના રહે.
**વૃશ્ચિક :** સ્વાસ્થ્યમાં સુધારો થાય, દિવસ ઉત્સાહજનક રહે, સંસ્થામાં સારો હોદો મેળવશો.
**ધન :** નોંધપાત્ર સફળતા મળવાની રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારો થાય, ધાર્મિક કાર્યમાં અનુકુળતા રહે.
**મકર :** ભાગીદારી ધંધાની ઈચ્છા ફળે, પરિવારના વડીલોનું માર્ગદર્શન લેજો, યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
**કુંભ :** લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય, શેર સટામાં અનુકુળતા.
**મીન :** અટકતા કાર્યોમાં કોઈની મદદ મળવાની, નવા સાહસ માટે કોઈ ઉતાવળ ન કરવી, વિદેશથી લાભ મળ વાના.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. શિયાળાનું શકિતવર્ધક ચાટણ (૫)
૫. ટ્રેન (૪)
૮. હોટમહોટ (૬)
૧૦. ...ખાએં સૈયા હમારો (૨)
૧૧. ... રે તું કાહે ના ધીર ધરે (૨)
૧૩. આધાર (૩)
૧૪. એક ધાતુ (૩)
૧૫. ...શોર ...બલાટ (૨)
૧૬. રજની રજન સંક્ષિપ્ત (૨)
૧૭. અભિનેત્રી-મહૈલિન (૩)
૧૮. એક હાર્ડડ્રિન્ક (૨)
૨૦. ટાઇટલ (૫)
૨૪. હુંફાળી ચાદર (૩)
૨૬. અભિનેત્રી : ઝરિના ... (૩)
૨૮. ઇજા (૩)
૨૯. ખળભળાટ - હિન્દી (૪)
૩૧. આંખ, નજર (૩)
૩૨. જીવ ... (૨)

### ઉભી ચાવી

૨. હેવીવેઇટ (૫)
૩. એક પરદેશી શહેર (૨)
૪. શર્મ જગાડતું (૬)
૫. ફાયર (૨)
૬. ...વાન (૩)
૭. વિલેજ (૨)
૯. એક પવિત્ર સરોવર (૬)
૧૦. ...મનુષ્ય (૩)
૧૨. સાજન માટેનો શબ્દ (૩)
૧૫. દેણું (૩)
૧૯. ફેરફાર, ચેન્જ (૫)
૨૧. છુટ્ટી (૨)
૨૨. પીવાનું પાણી-હિન્દી (૪)
૨૩. ગેસ્ટ (૪)
૨૫. અક્ષયકુમારની એક ફિલ્મ (૪)
૨૭. દલીલ-હિન્દી (૩)
૩૦. સ્મિતા પાટીલ, નસીરૂદ્દીન શાહની ફિલ્મ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | લા | હ | કા | ર | | મો | ર | પીં | છ |
| | ભ | | મ | ત | દા | ર | | ચ | |
| | | અ | દા | લ | ત | | મ | કા | ન |
| અ | લં | કા | ર | | ણ | | શ | રી | ર |
| સા | કા | ર | | રા | | ચા | લ | | મ |
| મા | | ણ | | મ | હો | લ | ત | | દિ |
| જી | લ | | | બ | | ચ | | જા | લ |
| ક | લ | | એ | લ | ફે | લ | | મ | |
| | કા | કા | | રા | | ગ | | ફ | લ |
| શ | ર | મ | | મ | ન્ન | ત | | ળ | |

# સાંજ સમાચાર




## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )




( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

## આખરે શા માટે ભારતીયો દેણા કરીને, જીવના જોખમે અમેરિકા જાય છે?

# અમેરિકાનું આકર્ષણ શા માટે?: ડ્રાઈવરને પણ ૨૭ લાખનો પગાર મળે છે!

### ભારતમાં એક એન્જિનિયર પણ આટલા પગારની કલ્પના ન કરી શકેઃ અમેરિકાના શ્રમ કાયદા કર્મચારીના હિતમાં, નોકરીના અનેક વિકલ્પો, શોષણના નામે મીંડુઃ બ્રેઈનડ્રેઈન તો ઠીક ભારતમાંથી 'લેબર ડ્રેઈન' પણ થાય છે! ભારતની શોષણખોર સમાજ વ્યવસ્થાએ આત્મમંથન કરવું જરૂરી


નવીદિલ્હી તા.૭

તાજેતરમાં અમેરિકામાં ગેરકાયદે ઘુસેલા ભારતીયોને હાથમાં હાથકડી અને પગમાં બેડીઓ બાંધીને પરત મોકલવામાં આવ્યા હતા, આ ઘટનાએ દેશમાં ખળભળાટ મચાવ્યો છે. આમાંના ઘણા લોકોએ જમીન, પશુઓ વેચીને લાખો રૂપિયા ખર્ચ્યા હતા. સવાલ એ છે કે આટલા રૂપિયા ખર્ચીને જીવનું જોખમ વ્હોરીને લોકો ગેરકાયદે અમેરિકા શા માટે જાય છે. આના ચોંકાવનારા કારણો બહાર આવ્યા છે. દેશમાં શોષણ અને બે પૈસા કમાવવાના સ્કોપ ન હોવાથી લોકો વધુ પૈસા કમાવવા, બહેતર જિંદગી જીવવા અમેરિકા જતા હોય છે. અમેરિકામાં હલકા ગણાતા કામના પણ સારા પૈસા મળે છે. આ ઘટના સમાજ અને સરકારને પણ લાલપત્તી ધરે છે.

ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે અમેરિકામાં ગેરકાયદે જતા મોટાભાગના ભારતીયો ત્યાં નાની-મોટી નોકરી કરી લેતા હોય છે. આવા મોટાભાગના લોકો પાસે ના તો કોઈ ઢંગની સ્કીલ હોય છે, ના તો કોઈ ડિગ્રી હોય છે. આ પરિસ્થિતિમાં તેમણે મજૂરી, ટેકસી ડ્રાઈવર કે પછી ડિલીવરી બોય જેવી નોકરી કરવી પડે છે. આવી નાની નોકરી માટે પણ ભારતીયો લાખો રૂપિયા ખર્ચીને જીવને જોખમમાં મૂકીને અમેરિકા પહોંચતા હોય છે.

#### યુએસમાં સારો પગાર

અમેરિકામાં નોકરી (પછી ભલે તે હલકી કહેવાતી હોય) કરવાનું સૌથી મોટું કારણ સારો પગાર છે. અહીં એક ટેકસી ડ્રાઈવરને વર્ષે ૩૧ હજાર ડોલર (લગભગ ૨૭ લાખ રૂપિયા) પગાર મળે છે. ભારતમાં રહીને એક ટેકસી ડ્રાઈવર વર્ષે આટલા રૂપિયા કમાવવાનું વિચારી પણ ન શકે. ભારતમાં એક એન્જિનિયરને પણ આટલો પગાર નથી મળતો હોતો. અમેરિકામાં ગેરકાયદે જતા મોટાભાગના લોકો પર ભારે દેવું હોય છે.



જેને તે કેટલાક વર્ષોમાં ચૂકવી પણ દે છે.

#### બહેતર જિંદગી

અમેરિકામાં ગેરકાયદે જવાનું એક કારણ ભારતની તુલનામાં બહેતર જીવન પણ છે. યુએસ કવોલિટી ઓફ લાઈફના કારણે દુનિયાભરમાં જાણીતું છે. ચોખ્ખી હવા અને સારા માળખાને કારણે દુનિયાભરના લોકો અમેરિકાથી આકર્ષાય છે. અહીં હેલ્થ કેર સિસ્ટમ પણ સારી છે. લોકો કામ કર્યા બાદ આસપાસના પ્રાકૃતિક સ્થળોએ હરવા ફરવા જઈ શકાય છે.

#### રોજગાર અધિકાર અને નોકરીના વિકલ્પો

ભારતીય કંપનીઓ કર્મચારીઓને ખુબજ ઓછી રજાઓ આપે છે કેટલીક કંપનીઓમાં ૬ દિવસ કામ કરવું પડે છે, જયારે અમેરિકામાં અનેક પ્રકારની રજાઓ અપાય છે. જો કંપની કર્મચારી સાથે ખરાબ વ્યવહાર કરે છે તો તેમની પાસે કાનૂની વિકલ્પ પણ છે. બીજું, અમેરિકામાં ઢગલાબંધ નોકરીના વિકલ્પો છે, એટલે એક જગ્યાએથી નોકરી છુટે તો બીજી જગ્યાએ નોકરી મળી જાય છે.

#### મજબૂત શ્રમ કાયદો

ભારતમાં શ્રમ કાયદા વધુ કડક નથી, જેના કારણે કંપનીઓ કર્મચારીનું શોષણ કરતી હોય છે. ભારતમાં મોટે ભાગે નોકરી બદલતા પહેલા ત્રણ મહિના સુધીનો નોટિસ પીરિયડ સર્વ કરવો પડે છે જો કોઈ નોટીસ પીરિયડમાં કામ નથી કરતું તો તેને એકસપિરિયન્સ લેટર નથી મળતો પણ અમેરિકામાં આવું નથી, કારણ કે અહીં શ્રમ કાયદા કર્મચારીઓના હિતમાં છે. અહીં નોકરી બદલવી ઘણી સહેલી છે.

#### ટેલેન્ટને પ્રોત્સાહન

ભારતીય કંપનીઓ કે ફર્મોમાં કામ કરવું ઘણું બોરીંગ થઈ જતું હોય છે. નિયમો જરી પુરાણા હોય છે મોટે ભાગે પ્રમોશન માટે સિનિયોરિટીને આધાર માનવામાં આવે છે જયારે અમેરિકામાં આથી ઉલ્ટુ ટેલેન્ટને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જો કોઈ સારૂ કામ કરે છે તો કંપનીઓ તેને બોનસ, પાર્ટી ડિનર અને રજા જેવા એવોર્ડ આપે છે. પ્રમોશનનો ઓપ્શન પણ રહે છે.

# ૩૩માંથી ૧૮ ગુજરાતીઓ તો ટ્રમ્પની તાજપોશીના દિવસે જ અમેરિકા પહોંચ્યા હતા!

### અમેરિકી ધરતી પર પગ મુકતાવેંત ઝડપાઈ ગયા અને ઘરભેગા કરી દેવાયા

અમદાવાદ તા.૭

અમેરિકામાં ગેરકાયદે વસાહતીઓ પર ટ્રમ્પતંત્ર દ્વારા દેશનિકાલ ઓપરેશન હાથ ધરાયુ છે અને તેમાં ૧૦૪ ભારતીયોને પરત મોકલવામાં આવ્યા છે તે પૈકીના ૩૩ ગુજરાતીમાંથી ૧૮ તો ટ્રમ્પની તાજપોશીના દિવસે જ અમેરિકા પહોંચ્યા હતા અને ૧૫ જ દિવસમાં હાથકડી સાથે પરત ફરવાનો વખત આવ્યો હતો.

અમેરિકાથી ૧૦૪ ભારતીયોને પરત ધકેલવામાં આવ્યા હતા. તેમાં ૩૩ ગુજરાતી હતા. મોટાભાગના મહેસાણા-ગાંધીનગર જીલ્લાના હતા. અમૃતસરમાં ઉતરાણ બાદ તેઓને અમદાવાદ લાવીને પોતપોતાના વતન મોકલવામાં આવ્યા હતા. હવે એવો ખુલાસો થયો છે કે આ ગુજરાતીઓ ટ્રમ્પ સતારૂઢ થયા ત્યારે જ ગયા હતા. ૨૦મી જાન્યુઆરીએ ટ્રમ્પની તાજપોશી થઈ હતી. ૧૮ ગુજરાતીઓએ આ જ દિવસે અમેરિકાની ધરતી પર પગ માંડયા હતા અને સીધા જ તંત્ર દ્વારા કસ્ટડીમાં લઈને ડીટેન્શન સેન્ટરમાં ધકેલી દેવામાં આવ્યા હતા.



સૂત્રોના કહેવા પ્રમાણે 'કેચ એન્ડ રીલીઝ પોલીસી' હેઠળ તેઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને પ્રથમ લોટમાં ભારત પરત મોકલાયેલા ૧૦૪ લોકોમાં તેઓને ઘર ભેગા કરી દેવામાં આવ્યા હતા.

માનવ તસ્કરી-કબુતરાબાજીના નેટવર્કથી વાકેફ સૂત્રોના કહેવા પ્રમાણે ગાંધીનગરના કલોલ તાલુકાના અને મહેસાણાના એજન્ટોએ સંયુકત રીતે આ ૧૮ લોકોને અમેરિકા મોકલ્યા હતા. મેકસીકો સરહદેથી અમેરિકામાં ઘુસાડયા હતા પરંતુ અમેરિકાની ધરતી પર પહોંચતા જ ઝડપાઈ ગયા હતા. આ તમામ ૧૮ લોકો ઉત્તર ગુજરાતના છે અને માનવ તસ્કરી હેઠળ ગેરકાયદે રીતે અમેરિકા પહોંચ્યા હતા. એજન્ટોએ વાસ્તવમાં ટ્રમ્પ સતાધૂરા સંભાળે તે પુર્વે જ ૧૮ લોકોને ઘુસાડવાનો પ્લાન કર્યો છે. પરંતુ કોઈ કારણોસર સમયસર પહોંચાડી શકયા ન હતા અને પકડાઈ ગયા હતા. તત્કાલ ડીર્પોટેશનનો ભોગ બન્યા હતા.

# અમેરિકાથી પાછા ધકેલાયેલા 'ગુજરાતી'ઓના નિવેદન લેવાનું શરૂઃ કાનુની કાર્યવાહી નહીં થાય

અમદાવાદ, તા.૭

અમેરિકામાં ગેરકાયદે પહોંચેલા ગુજરાતના ૩૩ લોકો વિરૂદ્ધ પોલીસ દ્વારા કાર્યવાહી ન કરવાનો મહત્વનો નિર્ણય રાજ્યના ગૃહવિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.

જો કે ગુજરાતમાં કબુતરબાજીના કૌભાંડમાં સક્રિય એજન્ટોના નેટવર્કની માહિતી એકઠી કરવા માટે કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે તમામના નિવેદનો લેવામાં આવશે. જેના આધારે આગામી દિવસોમાં પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે માત્ર નિવેદનની પ્રક્રિયા પૂર્ણ કરીને ગૃહવિભાગને રિપોર્ટ મોકલવામાં



### એજન્ટ નેટવર્ક ભેદવા એકશન પ્લાન તૈયાર કરવાનો વ્યુહ

આવશે.ગુજરાતમાંથી ગેરકાયદે અમેરિકા પહોંચેલા ૩૩ ગુજરાતીઓને ડિપોર્ટ કરાવવાના મામલે રાજ્યના ગૃહવિભાગે કાયદાકીય કાર્યવાહી અનુસંધાનમાં મહત્વનો નિર્ણય લીધો છે. જેમા ગેરકાયદે અમેરિકા ગયેલા લોકો વિરૂદ્ધ કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહી.

આ લોકો જે એજન્ટોની મદદથી અમેરિકા પહોંચ્યા હતા. તે એજન્ટોના નેટવર્કની તમામ કડી મેળવવા માટે પોલીસ દ્વારા કામગીરી કરવામાં આવશે. જે અનુસંધાનમાં ગુરૂવારે પોલીસે ૩૭ લોકોને તેમના વતન પર સલામત પહોંચતા કરવાની સાથે નિવેદન નોંધવાની કામગીરી પણ શરૂ કરી છે. જયારે કેટલાંક કિસ્સામાં તેમના પરિવારજનોના નિવેદનો પણ નોંધવામાં આવી રહ્યા છે.

આ માટે તમામ જિલ્લા પોલીસ વડાને તેમની લોકલ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી છે. તમામ લોકોના નિવેદન નોંધાયા બાદ રિપોર્ટ તૈયાર કરીને ગૃહવિભાગને સોંપવામાં આવશે. જેના આધારે એજન્ટોના નેટવર્ક અંગે તપાસ કરવાની બ્લુ પ્રિન્ટ તૈયાર કરાશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનુ મહાકુંભ ત્રિવેણીસંગમમાં પવિત્ર સ્નાન

### ત્રિવેણીસંગમ ખાતે પવિત્ર સ્નાન કરીને અર્ધ્ય અર્પણ કર્યુ









મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બપોરે પ્રયાગરાજના કુંભ મેળામાં ત્રિવેણી સંગમ ખાતે શ્રદ્ધા ભક્તિ પૂર્વક પવિત્ર સ્નાન કરવા સાથે જળ અર્ધ્ય અર્પણ કર્યા હતા.

કરોડો ભક્તોના શ્રદ્ધા અને આસ્થા કેન્દ્ર પ્રયાગરાજમાં યોજાયેલા કુંભ મેળામાં કુંભ સ્નાન માટે દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે. ગુજરાતમાંથી પણ આ મેળામાં વિશાળ સંખ્યામાં જતા યાત્રાળુઓની સુવિધા માટે ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન દ્વારા ઉભા કરવામાં આવેલા ગુજરાત પેવેલીયનની મુલાકાત પણ મુખ્યમંત્રીશ્રીએ લીધી હતી.

મુખ્યમંત્રીશ્રીએ શુક્રવારે સવારે પ્રયાગરાજ પહોંચીને સૌ પ્રથમ બડે હનુમાનજી મંદિરમાં પુજન, દર્શન અને આરતી કર્યા હતા અને સૌના સુખ સમૃદ્ધિ તથા પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.કુંભમેળામાં યાત્રીઓ માટેની વ્યવસ્થાની પ્રશંસા કરી હતી.

ખાસ કરીને સફાઈ-સ્વચ્છતાનું ધ્યાન રાખવા સાથે યાત્રિકોને કુંભ સ્નાન માટે જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ખૂબ જ સુંદર અને આયોજનબદ્ધ છે

# સોના-ચાંદીમાં ફરી તેજી

### સોનાનો ભાવ રૂા.૨૫૦ વધીને ૮૭૪૦૦

રાજકોટ, તા.૭

બુલીયન માર્કેટમાં ઉથલપાથલનો દોર રહ્યો છે. સોના-ચાંદીમાં એક દિવસ માટે તેજીને બ્રેક લાગ્યા બાદ આજે ભાવ ફરી ઉછળ્યા હતા. સોનામાં રૂા.૨૫૦ તથા ચાંદીમાં ૭૫૦નો ભાવવધારો થયો હતો.



રાજકોટમાં હાજર સોનુ ૧૦ ગ્રામે ૮૭૪૦૦ થયું હતું. વિશ્વબજારમાં ૨૮૬૪ ડોલર હતો. ચાંદીનો ભાવ ઉંચકાઇને ૯૮૧૫૦ થયો હતો. આંતરરાષ્ટ્રીય ભાવ ૩૨.૩૨ ડોલર હતો.

સોની બજારના વેપારીઓના કહેવા પ્રમાણે અમેરિકી પ્રમુખ ટ્રમ્પના નવા-નવા આદેશો તથા વૈશ્વિક ઘટનાક્રમો અને કરન્સી માર્કેટની ઉથલપાથલનો સોના-ચાંદીમાં પ્રભાવ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે માહોલ સ્થિર ન બને ત્યાં સુધી અફડાતફડીનો દોર યથાવત રહી શકે છે. ઘરઆંગણે ઇન્વેસ્ટરો તથા ગ્રાહકો સ્તબ્ધ છે. લગ્નગાળાની ઘરાકી પ્રભાવિત થઇ છે. ઇન્વેસ્ટરો પણ સોનામાં નવું રોકાણ કરવામાં સાવચેતી રાખી રહ્યા છે. જો કે જાણકારો હજુ તેજી આગળ ધપવાનો અંદાજ મુકી રહ્યા છે.

# સુરતમાં ખુલ્લી ગટરમાં પડેલા બાળકના મોત મામલે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધાયો

### ગટર વિભાગના અધિકારી-કર્મચારી કસૂરવાર સાબિત થશે તો કડક કાર્યવાહી કરાશે

સુરત,તા.૭

સુરતમાં ખુલ્લી ગટરમાં બાળક પડી ગયુ હતુ અને ૨૫ કલાક બાદ બાળકનો અતોપતો મળ્યો હતો જે મામલે પોલીસે કોર્પોરેશનના જવાબદાર અધિકારી સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધ્યો છે.

પરમદિવસે સુરતના વરિયાવ ખાતે ૨ વર્ષનું બાળક કેદાર ખુલ્લી ગટમાં પડી ગયું હતું. જેનો મૃતદેહ ૨૫ કલાક બાદ ગટરમાંથી કાઢવામાં આવ્યો હતો. માસૂમના મૃતદેહને જોઇને પરિવારજનોં હૈયાફાટ રૂદને ભલભલાના કાળજા કંપાવી દીધા હતા. સુરત મહાનગરપાલિકાની બેદરકારીના કારણે માસૂમે જીવ ગુમાવવો પડ્યો જેના કારણે લોકોએ મહાનગર પાલિકાના સત્તાધીશો સામે આક્રોશ વ્યકત કર્યો હતો. જેને લઇને આજે બાળકના મોત બાદ પોલીસે જવાબદાર અધિકારી અને કર્મચારી સામે સપરાધ મનુષ્યવધનો ગુનો નોંધવામાં આવ્યો છે.



સુરતના વરિયાવમાં બાળક ખુલ્લી ગટરમાં પડી જતાં મોતને ભેટ્યો હતો. આ બાબતે પરિવારે પોલીસ ફરિયાદની માંગ કરી હતી. જેના પગલે પાલિકાના ગટર વિભાગના દેખરેખ રાખતા અજાણ્યા અધિકારી કે કર્મચારી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ સમગ્ર મામલે પોલીસ તપાસ કરશે અને જે પણ અધિકારી કે કર્મચારી કસૂરવાર સાબિત થશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલ બાળકના ફોરેન્સિક પી એમની તજવીજ હાથ ધરાઈ છે.

બુધવારી બજારમાં કેદાર તેની માતા સાથે ગયો હતો. ત્યાંથી પરત ફરતા તેને આઇસક્રીમ ખાવાની ઇચ્છા વ્યકત કરી હતી. આઇસક્રીમ ખાવા જતા કેદાર રસ્તામાં આવેલી ખુલ્લી ગટરમાં પડી ગયો. ખુલ્લી ગટરમાં પડી જતા ૨ વર્ષના બાળકનું મોત થયું છે. ૨૫ કલાકની શોધખોળ બાદ ગટરમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો છે.

# રેલ્વે મુસાફરીમાં નવો યુગ ટૂંક સમયમાં શરૂઃ વંદે ભારત સ્લીપર ટ્રેન તૈયાર

રાજકોટ/જામનગર,તા.૭

ભારતીય રેલ્વે દેશના સૌથી ઝડપથી વિકસતા કાફલાનું અત્યાધુનિક સંસ્કરણ , વંદે ભારત સ્લીપર ટ્રેનના લોન્ચ સાથે લાંબા અંતરની મુસાફરીમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે . ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મુંબઈ-અમદાવાદ સેક્શન પર ૫૪૦ કિમીના અંતર માટે રિસર્ચ ડિઝાઇન એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઇઝેશન (RDSO) ના કઠોર પરીક્ષણને સફળતાપૂર્વક પૂર્ણ કરીને, વિશ્વ કક્ષાની , હાઇ-સ્પીડ સ્લીપર ટ્રેનનું સ્વપન હવે વાસ્તવિકતા બની ગયું છે . ચેન્નાઈ સ્થિત ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરીએ ગયા વર્ષે ૧૭ ડિસેમ્બરના રોજ ભારતની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન સેટનું ઉત્પાદન પૂર્ણ કર્યું હતું.પખવાડિયાની અંદર, ટ્રેનને કોટા ડિવિઝનમાં લાવવામાં આવી અને ગયા મહિનાના પહેલા અઠવાડિયામાં સતત ત્રણ દિવસ ૩૦ થી ૪૦ કિમીના ટૂંકા અંતર માટે સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું , જ્યાં તેને ૧૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે આરામદાયક મુસાફરીનો અનુભવ થયો.આ પ્રકારની મુસાફરીનો નવો યુગ ટૂંક સમયમાં શરૂ થશે.

આ સિદ્ધિ રેલવેના આધુનિકીકરણમાં એક મહત્વપૂર્ણ છલાંગ છે , જે મુસાફરોને સરળ અને વૈભવી મુસાફરીના અનુભવનું વચન આપે છે. આરામ , ગતિ અને અત્યાધુનિક ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરીને , વંદે ભારત સ્લીપર ટ્રેનો આગામી દિવસોમાં લોકો માટે રાત્રિ મુસાફરીને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે તૈયાર છે.

#### ઉત્પાદનમાં વધારોઃ પ્રગતિ તરફ

પ્રોટોટાઇપના સફળ પરીક્ષણ પછી, એપ્રિલ અને ડિસેમ્બર ૨૦૨૫ ની વચ્ચે નવ વધુ વંદે ભારત સ્લીપર ટ્રેન સેટનું ઉત્પાદન કરવાનું આયોજન છે. આ ટ્રેનો લાંબા અંતરના મુસાફરો માટે કાર્યક્ષમતા અને સુવિધાના સંદર્ભમાં નવા ધોરણો સ્થાપિત કરશે.

આ સ્લીપર ટ્રેનને પહેલી વાર ઉપલબ્ધ કરાવવા માટે , ભારતીય રેલ્વેએ ૧૭ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ ૨૪ કોચવાળી વંદે ભારત સ્લીપર ટ્રેન સેટના ૫૦ રેક માટે પ્રોપલ્શન ઇલેક્ટ્રિકનો મોટો ઓર્ડર આપ્યો છે. આ ઓર્ડર બે અગ્રણી ભારતીય ઉત્પાદકોને આપવામાં આવ્યો છે , જે ૨ વર્ષના સમયગાળામાં તૈયાર થવાની અપેક્ષા છે. મેસર્સ મેધા ૩૩ રેક્સ માટે પ્રોપલ્શન સિસ્ટમ્સ સપ્લાય કરશે મેસર્સ અલ્સ્ટોમ ૧૭ રેક્સ માટે પ્રોપલ્શન સિસ્ટમ્સ સપ્લાય કરશેઆગળ જોતાં , ૨૪ કોચવાળી વંદે ભારત સ્લીપર ટ્રેનનું પૂર્ણ-સ્તરે ઉત્પાદન ૨૦૨૬-૨૭ માં શરૂ થશે , જે રેલ્વે ટેકનોલોજીમાં ભારતની આત્મનિર્ભરતાને વધુ મજબૂત બનાવશે.

#### ગતિ અને વૈભવી રેલ મુસાફરીમાં એક નવો અદયાય

આ વંદે ભારત સ્લીપર ટ્રેનો ઓટોમેટિક દરવાજા , અત્યંત આરામદાયક બર્થ , ઓન બોર્ડ વાઇફાઇ અને એરક્રાફ્ટ જેવી સુવિધાઓ સાથે ડિઝાઇન કરવામાં આવી છે . ભારતમાં મુસાફરો પહેલાથી જ દેશભરમાં મધ્યમ અને ટૂંકા અંતર પર દોડતી ૧૩૬ વંદે ભારત ટ્રેનો દ્વારા આરામથી બેસીને વિશ્વ કક્ષાની મુસાફરીનો અનુભવ માણી રહ્યા છે. વંદે ભારત સ્લીપર સાથે , મુસાફરો વિશ્વ કક્ષાની સુવિધાઓ અને અદ્યતન સલામતી સુવિધાઓથી સજ્જ શાંત , સરળ અને વધુ આરામદાયક મુસાફરીની અપેક્ષા રાખી શકે છે . મેક ઇન ઇન્ડિયા પહેલ હેઠળ ડિઝાઇન અને ઉત્પાદિત , આ ટ્રેન ભારતની એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા અને રેલ મુસાફરીમાં પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. ભારતીય રેલ્વે આ પરિવર્તનશીલ પ્રોજેક્ટ સાથે આગળ વધી રહી છે , ત્યારે વંદે ભારત સ્લીપર ટ્રેન સેટ આધુનિક , કાર્યક્ષમ અને મુસાફરો-મૈત્રીપૂર્ણ પરિવહનના રાષ્ટ્રના વિઝનનો પુરાવો છે.







### સ્લીપર ટ્રેનમાં મુસાફરોને રાત્રી મુસાફરી આરામદાયક બનશેઃ એપ્રિલથી ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં ૯ વધુ વંદે ભારત સ્લીપર સેટનું ઉત્પાદન કરાશે

#### સ્લીપર ટ્રેનની સુવિધા, વિશેષતાઓ

એસી ફર્સ્ટ, એસી-૨, એસી ૩ ટાયરના કુલ ૧૬ કોચ
૧૧૨૮ મુસાફરોની ટ્રેનમાં ક્ષમતા
ટ્રેનમાં ક્રેશ બફર, ડિફોર્મેશન ટયુબ, ફાયર બેરિયરવોલ
ઓટોમેટિક દરવાજા, ગાદીવાળા બર્થ, ઓનબોર્ડ વાઈફાઈ
ટ્રેનમાં વિશ્વ કક્ષાની મુસાફરીનો અનુભવ
ભારતની એન્જીનિયરીંગ શ્રેષ્ઠતા-પરિવર્તનની પ્રતિબદ્ધતા

#### ટ્રેનની સુવિધાઓ

ભારતની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન કાર્યરત થાય તે પહેલાં , રિસર્ચ ડિઝાઇન એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઇઝેશન (RDSO) ટ્રાયલ રનનું વિશ્લેષણ કર્યા પછી અંતિમ પ્રમાણપત્ર જારી કરશે. રેલ્વે સેફ્ટી કમિશનર ટ્રેનની મહત્તમ ગતિનું મૂલ્યાંકન કરશે.

નગરપાલિકા-તાલુકા પંચાયત ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ માટે ૨૮૪ તેમજ સર્વિસ વોટર્સ માટે ૧૭૩ પોસ્ટલ બેલેટ ઈશ્યુ

# રાજકોટ જિલ્લામાં પાલિકા-તાલુકા પંચાયતની ચૂંટણી માટે રિસિવીંગ-ડીસ્પેચિંગ સેન્ટરો તૈયાર: ૧૧ નોડલ ઓફિસરોની નિમણૂંક

**પાંચ પાલિકાની ૧૬૮ બેઠકો પર ૪૬૯ ઉમેદવારોના નામાંકન: જેતપુરમાં સૌથી વધુ મુરતીયાઓની દાવેદારી: ૭ બેઠકો બિનહરીફ: તમામ બુથો પર કર્મચારીઓ માટે પીવાના પાણી, બેડીંગ-ભોજન સહિતની વ્યવસ્થા: વહીવટી તંત્રના ૪૧૧૦ કર્મચારીઓ ફરજ પર તૈનાત: બપોરે રાજય ચૂંટણીપંચ દ્વારા રાજયના તમામ કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ: ફરિયાદ કરવા માટે હેલ્પલાઈન નંબર ૦૨૮૧-૨૪૭૧૫૭૩ જાહેર**

રાજકોટ,તા.૭

રાજકોટ જિલ્લાની જસદણ, જેતપુર, નવાગઢ, ધોરાજી, ભાયાવદર, અને ઉપલેટા, એમ પાંચ નગર પાલિકા તેમજ ગોંડલ, જેતપુર, ઉપલેટા, અને જસદણ એમ ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની ચૂંટણી શાંતીપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે વહીવટી તંત્ર સજ્જ બની ગયું છે. રાજય ચૂંટણી પંચ દ્વારા આજે બપોરના સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે રાજકોટ સહિત રાજયભરના જિલ્લા કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી ચૂંટણી તૈયારીઓની સમિક્ષા કરી હતી.

દરમિયાન જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લામાં કે, પાંચ નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે, તેમાં જસદણ નગરપાલિકામાં ૧ થી ૭ વોર્ડ માટેની ૨૮ બેઠકો પર ૬૪ ઉમેદવારોએ ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે, જેમાંથી બે બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જેતપુર-નવાગઢ નગરપાલિકામાં ૧ થી ૧૧ વોર્ડ માટેની ૪૪ બેઠકો પર ૧૪૦ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે. ધોરાજી નગરપાલિકામાં ૧ થી ૯ વોર્ડ માટેની ૩૬ બેઠકો પર ૧૧૦ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે. ભાયાવદર નગરપાલિકામાં ૧ થી ૬ વોર્ડ માટેની ૨૪ બેઠકો પર ૬૮ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે. ઉપલેટા નગરપાલિકામાં ૧ થી ૯ વોર્ડ માટેની ૩૬ બેઠકો પર ૮૭ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે, જેમાંથી પાંચ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. પાંચ નગરપાલિકાની ચૂંટણીઓમાં કૂલ ૧૬૮ બેઠકો પર કૂલ ૪૬૯ ઉમેદવારોએ નામાંકન કર્યું છે. અત્યાર સુધીમાં કૂલ સાત બેઠકો બિન-હરીફ જાહેર કરાઈ છે.

નગરપાલિકાની ચૂંટણીઓની સાથોસાથ તાલુકા પંચાયતની કૂલ ૬ બેઠકો ઉપર પેટા ચૂંટણીઓ યોજાનાર છે. ગોંડલની એક બેઠક, ઉપલેટાની બે બેઠક, જેતપુરની એક બેઠક અને જસદણની બે બેઠક થઈને કૂલ ૬ બેઠક પર કૂલ ૧૨ ઉમેદવારોએ નામાંકન કર્યું છે.

નગરપાલિકાઓમાં ચૂંટણી ખર્ચની જોગવાઈ મુજબ, જે નગરપાલિકામાં ૯ કે તેથી ઓછા વોર્ડ હોય ત્યાં ઉમેદવાર રૂ. ૧.૫ લાખ ચૂંટણી ખર્ચ પેટે વાપરી શકે. જે નગરપાલિકામાં ૯ કે તેથી વધુ વોર્ડ હોય ત્યાં ઉમેદવાર રૂ. ૨.૫ લાખ ચૂંટણી ખર્ચ પેટે વાપરી શકે છે.



નગરપાલિકાની અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ નિષ્પક્ષ રીતે યોજાય તે માટે રાજકોટ વહીવટી તંત્રના ૪૧૧૦ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. તમામ કર્મચારીઓને તાલીમબધ્ધ કરવામાં આવી રહ્યા છે. નગરપાલિકા તથા તાલુકા પંચાયત ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ માટે ૨૮૪ પોસ્ટલ બેલેટ ઈસ્યુ કરવામાં આવ્યા છે. સર્વીસ વોટર્સ માટે કૂલ ૧૭૩ પોસ્ટલ બેલેટ ઈસ્યુ કરવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણીની વિવિધ કામગીરી માટે કૂલ ૧૧ નોડલ ઓફિસરોની નિમણુંક કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે હેલ્પલાઈન તથા ફરીયાદ કરવા માટે ૦૨૮૧-૨૪૭૧૫૭૩ નંબર નક્કી કરવામાં આવ્યો છે. તમામ બુથ ઉપર ચૂંટણી ફરજના સ્ટાફ માટે પીવાનું પાણી, બેડીંગ, ભોજન સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નગરપાલિકા તથા તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટે કૂલ પાંચ સખી મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. ઉપરોક્ત તમામ બેઠકોનું મતદાન આગામી તા. ૧૬/૦૨/૨૦૨૫ના રોજ કરવામાં આવશે અને મત ગણતરી તા. ૧૮/૦૨/૨૦૨૫ના રોજ સવારે ૦૯.૦૦ કલાકથી કરવામાં આવશે.

નગરપાલિકા તથા તાલુકા પંચાયત માટે રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટરો પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જે મુજબ ધોરાજી નગરપાલિકાનું રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તથા મત ગણતરી કેન્દ્ર નવી ભગતસિંહજી હાઈસ્કૂલ - ધોરાજી રહેશે.જેતપુર- નવાગઢ નગરપાલિકાનું રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તથા મત ગણતરી કેન્દ્ર સેન્ટ ફ્રાન્સીસ સ્કૂલ નેશનલ હાઈવે નવાગઢ જેતપુર રહેશે. ઉપલેટા નગરપાલિકાનું રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તથા મત ગણતરી કેન્દ્ર ટાવરવાળી તાલુકા શાળા, ઉપલેટા ખાતે રહેશે. ભાયાવદર નગરપાલિકાનું રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તથા મત ગણતરી કેન્દ્ર મ્યુનિ. કન્યા વિદ્યાલય ભાયાવદર રહેશે. જસદણ નગરપાલિકાનું રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તથા મત ગણતરી કેન્દ્ર મોડેલ સ્કુલ, જસદણ રહેશે. જયારે ગોંડલ તાલુકા પંચાયતનું રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તથા મત ગણતરી કેન્દ્ર તાલુકા સેવા સદન, ગોંડલ રહેશે. જેતપુર તાલુકા પંચાયતનું રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તથા મત ગણતરી કેન્દ્ર તાલુકા સેવા સદન મામલતદાર કચેરી જેતપુર જૂનાગઢ રોડ જેતપુર રહેશે. ઉપલેટા તાલુકા પંચાયતનું રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તથા મત ગણતરી કેન્દ્ર મામલતદાર કચેરી ઉપલેટા રહેશે. જસદણ તાલુકા પંચાયતનું રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તથા મત ગણતરી કેન્દ્ર મોડેલ સ્કુલ જસદણ રહેશે. તમામ મતદાન મથકો ઉપર સંવેદનશીલતાને ધ્યાને લઈને વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

---

રેલ્વે હોસ્પિટલના ગેટ પાસેથી...

## શાકભાજીના ધંધાર્થી પાસેથી ચાલુ રીક્ષાએ રોકડ ઝુંટવી લેનાર કુખ્યાત ચોર ધનજી સહિત બે ઝડપાયા

**મહિના પહેલાં જ પાસામાંથી છૂટી બહાર આવેલ શખ્સ ફરીવાર ચિલઝડપ કરવાં લાગ્યો, ડ્રાઈવર રાખી ગુનાને અંજામ આપતો: પ્ર. નગર પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીને દબોચી રીક્ષા સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો: પીઆઈ પીયૂષ ડોબરીયા અને ટીમની કાર્યવાહી**

રાજકોટ. તા.૦૭

રેલ્વે હોસ્પિટલના ગેટ પાસેથી શાકભાજીના ધંધાર્થી પાસેથી ચાલું રિક્ષાએ રોકડ ઝુંટવી લેનાર કુખ્યાત ચોર ધનજી સહિત બે શખ્સોને પ્ર. નગર પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી રીક્ષા સહિતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.બનાવ અંગે રૂખડીયાપરામાં રહેતાં જીતેશભાઈ રાયસંગભાઈ દેલવાણીયા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ શાકભાજી વેચી પરીવાનુ ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારના દશેક વાગ્યે ઘરેથી નીકળી ગ્રેનલેન્ડ ચોકડી છોટાહાથી ગાડી રીપેરીંમા પડેલ હોય અને રીપેરીંગના પૈસા તેને આપવાના હોય જેથી રૂ.૪ હજાર લઈ ગેરેજે ગાડી લેવા જવા માટે કોઠી કંપાઉન્ડ રેલવે સ્ટેશનથી એક રીક્ષામા બેસેલ અને રીક્ષામા એક જાડા સરખોભાઈ રીક્ષામા બેસેલ હતો. તેની બાજુમા તેઓ બેસેલ અને એક ૩૫ વર્ષીય રિક્ષા ડ્રાઈવર રિક્ષા ચલાવાતો હતો.



દરમિયાન રેલવે સ્ટેશનથી રિક્ષા આગળ ચલાવી રેલ્વેની હોસ્પિટલ ગેટ આગળ પહોચતા બાજુમા બેસેલ જાડા સરખાભાઈએ તેમના પેન્ટના ખિસ્સામાં ઓચિંતો હાથ નાખી રોકડ રૂ.૪ હજાર આચકી કાઢી લીધેલ અને રિક્ષામાંથી ઉતારી દીધેલ હતાં. તેઓ રિક્ષા લઈ ખટારા સ્ટેન્ડ તરફ જતા રહેલ હતાં. બાદમાં તેઓએ ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસ મથકના પીઆઈ પી.આર.ડોબરીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ આઈ.એ.બેલીમ અને ટીમે ગુનો ડિટેકટ કરવાં તપાસમાં હતાં ત્યારે કોન્સ્ટેબલ ચાપરાજ ખવડ અને તોફિક મંધરાને મળેલ ચોક્કસ બાતમીના આધારે ધનજી ઉર્ફે ધનો દેવજી ગેડાણી (ઉ.વ.૪૨),( રહે, પોપટપરા શેરી નં.૦૪/૧૦ નો ખુણો રામાપીર વાળી શેરી) અને સચીન ઢોડીરામ આમકર (ઉ.વ.૩૪),( રહે, પોપટપરા રઘુનંદન સો.સા. ૩/૪ નો ખુણો) ને ગુનામાં ઉપયોગ કરેલ રિક્ષા તેમજ પેસેન્જર પાસેથી આંચકી લીધેલ રોકડ રકમ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ હતી. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આરોપી ધનજી ઉર્ફે ધનો કુખ્યાત ચોર છે અને તેના વિરૂદ્ધ રાજકોટ, અમદાવાદ સહિતના શહેરના પોલીસ મથકમાં ૧૬ ગુના નોંધાયેલ છે અને બે વખત પાસામાં જેલની હવા ખાઈ આવેલ છે. તેમજ આરોપી ધનજી પોતાનો ઓટો રીક્ષામાં ડ્રાઈવર રાખી તે પાછળ બેસતો અને મુસાફર રીક્ષામાં બેઠાં હોય ત્યારે ચિલઝડપને અંજામ આપતો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી ધનજી મહિના પહેલાં જ પાસામાંથી છૂટી જેલ બહાર આવ્યો હતો અને ફરીવાર ચોરીને અંજામ આપ્યો હતો.

---

કોઈ પક્ષકારે વીડિયો વાયરલ કરી દેતા તંત્રની ભારે ટીકા

## જ્યાં રોજ લાખોની કમાણી ત્યાં જ ગંદકી : જિલ્લા નોંધણી ભવનના નવા બિલ્ડીંગના ગોબરા શૌચાલય

**જૂની કલેકટર કચેરી પાસે થોડા સમય પહેલા જ નવું બિલ્ડીંગ બન્યું, નિયમિત સફાઈનો અભાવ : અધિકારીઓ સ્વછતા પ્રત્યે નીરસ**

રાજકોટ, તા.૭

સરકાર સ્વછતા અભિયાન ચલાવી રહી છે, કલેકટરથી લઈ તમામ કક્ષાના અધિકારીઓ, ધારાસભ્યો, સાંસદસભ્યો આ અભિયાનમાં જોડાય છે. ઠેક ઠેકાણે સફાઈ કરે છે અને પછી લોકોને પણ સફાઈ રાખવા સૂચનો આપે છે. જોકે, રાજકોટ જિલ્લા નોંધણી ભવનમાં ચિત્ર કંઈક અલગ જ છે. અહીં ખુદ અધિકારીઓ જ સ્વછતા પ્રત્યે નીરસ હોય તેમ જણાય છે. કારણ કે અહીંના નવા બનેલા બિલ્ડીંગના ટોયલેટમાં ભારે ગંદકી છે.

આ રાજકોટ જિલ્લા નોંધણી ભવન જૂની કલેકટર કચેરીની પાસે આવેલ છે. તાજેતરમાં આ બિલ્ડીંગનું નવનિર્માણ કર્યું. લાખો રૂપિયા વાપરી સરકારે સરસ મજાના શૌચાલયો બનાવ્યા. અહીં ગ્રાઉન્ડ ફ્લોરમાં રજિસ્ટાર કચેરી ઝોન ૧ અને બીજા માળે ઝોન ૨ અને ઝોન ૮ની કામગીરી થાય છે. દરરોજ અનેક પક્ષકાર પોતાના દસ્તાવેજોની નોંધણી અહીં કરાવે છે. દરરોજ આ બિલ્ડીંગમાં સરકારને લાખો રેવન્યુ પણ જનરેટ થાય છે. છતાં અહીં સ્વછતા નથી. પીવાના પાણીનું વોટર ફિલ્ટર છે. પણ તેમાં પાણી નથી. કોઈ જાગૃત નાગરિક અહીં દસ્તાવેજ નોંધણી માટે ગયા હશે. તેણે આ સ્થિતિનો વીડિયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધો અને પછી સોશ્યલ મીડિયામાં વાઇરલ કરી દીધો. દ્રશ્યો પરથી સ્પષ્ટ થાય છે કે અહીં નિયમિત સફાઈ થતી નથી. લાગે છે કે અહીંના અધિકારીઓને સ્વછતા અભિયાન પ્રત્યે કોઈ સજાગતા નથી. નિયમિત સફાઈ કરાવતા નથી. જેથી વકીલો અને પક્ષકારો પરેશાની વેઠે છે.



જિલ્લા નોંધણી ભવનનું બિલ્ડીંગ અને ત્યાં ટોયલેટમાં થયેલી ગંદકી

(તસવીર : સરફરાઝ પઠાણ)

---

## ઉછીના આપેલ ૧૦ હજારની ઉઘરાણી કરી યુવાન પાસેથી મિત્રોએ કાર પડાવી ધમકી આપી

**ભીમનગર ચોક પાસેનો બનાવ: યુવાનની ફરિયાદ પરથી બે શખ્સો સામે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી નોંધાયો**

રાજકોટ તા. ૭

નાના મવા રોડ પર ભીમનગરમા રહેતા યુવાનને ઘર નજીક આવેલા ચોકમા બોલાવી રૂ. ૧૦ હજારની ઉઘરાણી કરી બે મિત્રોએ કાર પડાવી લેતા તાલુકા પોલીસ મથકમા ફરીયાદ નોંધવામા આવી છે આ ઘટના મામલે બંને આરોપીને સકંજામા લેવા તજવીજ શરૂ કરવામા આવી હતી. બનાવ અંગે ભીમનગર શેરી નં ૧ મા રહેતો યોગેશ મનોજભાઈ ગલચર નામના યુવાને પોતાની ફરીયાદમા તેમના મિત્ર મિલન સોની અને જામનગરના પિયુષ રાઠોડ વિરુધ્ધ પોલીસમા બળજબરીથી કાર પડાવી લેવા અંગેની ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરીયાદમા યોગેશે જણાવ્યુ હતું કે, પોતે ડ્રાઇવીંગ કામ કરે છે અને તેનુ મુળ વતન જામનગર છે. તેમના મોટા ભાઈ રોહિતભાઇની માલીકીની સ્વીફ્ટ કાર ચલાવી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમણે છ મહીના પહેલા મિત્ર પ્રિન્સ રાઠોડ હસ્તક તેના મિત્ર મિલન સોની પાસેથી રૂ. ૧૦ હજાર ઉછીના લીધા હતા અને આ પૈસા તેમને ચુકવ્યા નહોતા.

આરોપી અવાર નવાર પૈસાની માંગણી કરતા હોય જેથી તેમને બે ત્રણ દિવસમા હિસાબ કરી નાખવાનુ કહ્યુ હતુ. ત્યારબાદ ગઈ તા. ૧-૧૦-૨૪ ના રોજ રાત્રીના સમયે પ્રિન્સ રાઠોડનો ફોન આવ્યો હતો અને તેમણે ભીમનગર ચોક પાસે બોલાવ્યો હતો ત્યા મિલન સોની પણ હાજર હતો અને તેમણે પૈસાની માગણી કરી હતી. જેથી યોગેશે એક દિવસમા નાણા આપી દેશે તેમ જણાવ્યુ હતુ. તેમ છતા બંને આરોપીઓએ યોગેશ પાસેથી સ્વીફ્ટ કારની ચાવી લઈ કાર બળજબરી પુર્વક પડાવી લઇ ત્યાથી નાસી ગયા હતા. આ ઘટના મામલે પોલીસે ગુનો નોંધી બંને આરોપીઓને સકંજામા લેવા તજવીજ શરૂ કરી છે.

---

## પોલીસ પંચનામામાં રમકડાંની બતાવેલી પિસ્તોલ FSLમાં મેડ ઈન જર્મની બની ગઈ! આરોપીનો નિર્દોષ છુટકારો

**૧૫ વર્ષ પહેલા ક્રાઈમ બ્રાંચની ટીમે ખોડા જોગરાણાને હથિયાર સાથે પકડ્યો હતો**

રાજકોટ, તા.૭

રાજકોટ કોર્ટે ૧૫ વર્ષ જુના કેસમાં હથિયાર સાથે પકડાયેલા એક આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. કેસમાં આશ્ચર્યજનક બાબત એ રહી કે, પોલીસ પંચનામામાં રમકડાંની બતાવેલી પિસ્તોલ એફ એસ એલ રિપોર્ટમાં મેડ ઈન જર્મની ૯ એમએમની અસલી પિસ્તોલ બતાવી હતી.

કેસની વિગત એવી છે કે, ૧૫ વર્ષ પહેલા તા. ૧-૧૧-૨૦૦૯ ના રોજ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ નજીક ખોડીયારનગરમાં રહેતા ખોડા ધના જોગરાણા પાસે હથિયાર હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાંચના સ્ટાફે દરોડો પાડ્યો હતો. આરોપી ખોડા જોગરાણાને એક દેશી તમંચા અને રમકડાંની પિસ્તોલ સાથે ઝડપી લીધો હતો. આ મતલબની ફરિયાદ નોંધાઈ હતી. પછી આરોપીની ધરપકડ કરવામાં હતી.

તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. કેસ ચાલવા પર આવતા સરકાર પક્ષે ૬ સાહેદો અને ૧૪ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી રજુઆત કરી કે, જે રમકડાંની બંદૂક બતાવી હતી તે એફએસએલ તપાસમાં વિદેશી પિસ્તોલ હોવાનું ખુલ્યું છે. અને તે હથિયાર ચાલુ હોવાનું પણ રેકર્ડ પર છે.



નિવિદ પારેખ એડવોકેટ

જયારે આરોપીના વકીલે દલીલ કરી કે, પોલીસે આરોપીની ધરપકડ કરી ત્યારે તમંચો તથા રીવોલ્વર કબ્જે કરેલ છે તેવો કેસ છે. હથીયાર એફ.એસ.એલમાં મોકલેલ છે. એફ.એસ.એલ.માં હથીયાર બદલાઈ ગયેલ છે. જેમાં છેકછાક થયેલ છે. પંચોએ આ વાતનું સમર્થન આપેલ નથી. એફ.એસ.એલ દ્વારા જે હથીયારનું વર્ણન જણાવેલ છે તે બંને અલગ અલગ છે.

ઉપરોકત દલીલો અને ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાનમાં લઈ અધિક સિવિલ જજ જે.વી. પરમારે આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ ફરમાવેલો છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ પિયુષ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નિવિદભાઈ પારેખ, નિતેશભાઈ કથિરીયા, વિજયભાઈ પટગીર, જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, હપીલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ, તથા આસીસ્ટન્ટ તરીકે રવિરાજભાઈ વાળા, રૂત્વીકભાઈ વધાસીયા, સંજયભાઈ મેરાણી રોકાયેલા હતા.

---

## ગીરગઢડામાં ગેરકાયદે સિંહદર્શન માટે વન વિભાગની રેન્જમાં ઘુસેલા રાજકોટ-વેરાવળના ૮ યુવાનો પકડાયા

ઉના,તા.૭

ગીરગઢડા નાં બાબરીયા રેન્જ ના ઝાંખીયા નજીક ગેર કાયદેસર સિંહદર્શન કરવાના ઈરાદે ઘૂસેલા ૮ યુવાનો વિરૂદ્ધ વનતંત્રએ કાર્યવાહી કરી રૂા.૮૦ હજારનો દંડ ફટકાર્યો હતો. ગીરગઢડા નાં બાબરીયા રેન્જ ના ઝાંખીયા નજીક વન વિભાગ ના ફોરેસ્ટ સેટલમેન્ટ વિસ્તાર માં રાત્રી ના સમયે વેરાવળ, વંથલી તેમજ રાજકોટ ના ૮ યુવકો ગેર કાયદેસર સિંહ દર્શન કરવાના ઈરાદે આંટાફેરા મારી રહેલા હતા, આ દરમ્યાન બાબરીયા આર.એફ.ઓ ની સૂચના થી બાબરીયા રેન્જ ના જંગલ તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં વન વિભાગ નો સ્ટાફ રાત્રી દરમિયાન પેટ્રોલિંગ કરી રહેલ હતો, તે દરમિયાન ઝાખીયા નજીક ના ફોરેસ્ટ સેટલમેન્ટ વિસ્તાર માં ગેર કાયદેસર સિંહ દર્શન કરવાના ઈરાદે આંટા ફેરા મારી રહેલા ૮ યુવકો ને રોકી પુછપરછ કરતાં સંતોષ કારક જવાબ નહીં આપી વન વિસ્તારમાં સિંહ દર્શન ને આવ્યા નું જોવાં મળતાં તેને પકડી રૂ!૮૦.૦૦૦ હજાર નો દંડ ફટકારતા બાબરીયા તેમજ આસપાસ ના વિસ્તારોમાં ગેર કાયદેસર સિંહ દર્શન કરવાના ઈરાદે આંટાફેરા મારતા લોકોમાં ફફડાટ.આ પ્રકારની કડક કાર્યવાહી આરએફઓ પરમાર ફોરેસ્ટ દીપક સોંદરવાં સહિત કર્મી એ કરી હતી



**વન તંત્રએ રૂા.૮૦ હજારનો દંડ ફટકારી કડક કાર્યવાહી કરી**

---

## લલુડી વોકળી પાસે રહેતા યુપીના યુવાને ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું

રાજકોટ. તા.૦૭

લલુડી વોકળી પાસે રહેતા મુળ યુપીના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો લેતાં શ્રમિક પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો. બનાવની મળતી વિગતો મુજબ, લલુડી વોકળી પાસે શેરી નં.૬ માં રહેતા અખીલેશ કુમાર જવાહરલાલ નાઇ (ઉ.વ ૧૮) નામના યુવાને ગઇકાલે રાત્રીના પોતાના ઘરે ગળાફાંસો ખાઇ લીધો હતો.જે અંગેની જાણ થતા ૧૦૮ ના ઇએમટીએ આવી જોઇ તપાસી યુવાનને મૃત જાહેર કર્યો હતો.યુવાન બે ભાઇના પરિવારમાં નાનો હતો. યુવાન મૂળ યુપીનો વતની હોવાનું અને અહીં રહી મજુરીકામ કરતો હોવાનું માલુમ પડયું છે.બનાવને લઇ ભકિતનગર પોલીસ જરૂરી કાર્યવાહી કરી યુવાનના આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

---

## ઉનામાં રૂા.૧.૨૫ લાખનાં ડ્રગ્સ સાથે બે શખ્સો ઝડપાયા

**ડ્રગ્સનું દુષણ હવે નાના શહેરો-ગ્રામ્ય વિસ્તારો સુધી વિસ્તર્યુ: એસઓજી-સ્થાનિક પોલીસે વોચ ગોઠવી ઓપરેશન પાર પાડયું**

ઉના તા.૭

સરહદી વિસ્તારો અને દરિયાઈ તટનાં વિસ્તારોમાં આવતા ડ્રગ્સને નાથવા સઘન પેટ્રોલીંગ ચાલી રહ્યું છે. મહાનગરોમાં ડ્રગ્સનું સેવન વધી રહ્યુ છે. સાથે સાથે હવે મોટા શહેરો, તાલુકા મથકોના ગ્રામ્ય વિસ્તારોમાં યુવાધન ડ્રગ્સના માર્ગે વળતા તેમને ડ્રગ્સથી દુર રાખવા સ્થાનીક પોલીસ તંત્ર દ્વારા જાગૃતિ કાર્યક્રમો યોજી ડ્રગ્સના દુષણને ડામી દેવા કામગીરી હાથ ધરી છે. ત્યારે ઉનામાં ચાની લારીવાળો યુવાન ડ્રગ્સ વેચતો હોવાની બાતમી આધારે સ્થાનીક પોલીસ અને એસઓજીએ યુવાન સહિત બે શખ્સોને રૂા.૧.૨૫ લાખના ડ્રગ્સ સાથે ઝડપી લઈ ગુનો નોંધેલ છે.

ઉના સ્થાનીક પોલીસ અને ગીર સોમનાથ એસઓજીએ ઉનાના ગીરગઢડા રોડ પર ઉનાના સોહિલશા ભીખુશા જલાલીને સિન્થેટીક ડ્રગ્સ ૧૨.૫ ગ્રામ કિ.રૂા. ૧.૨૫ લાખ સાથે ઝડપી લઈ ગુનો નોંધી પુછપરછ કરતા આ ડ્રગ્સ તેમણે તેના મુંબઈ રહેતા મામા ઈમરાન સતાર જરીવાલા પાસેથી લાવ્યો હોવાની કબુલાત આપતા તેમની વિરૂધ્ધ પાણ ગુનો નોંધેલ છે. ડ્રગ્સ સાથે ઝડપાયેલ સોહિલશા અને સોહિલ હારૂન વલીયાણી બંને ઉનામાં રહે છે. સોહિલ વલીયાણી ચાની લારી ચલાવે છે ચાની લારીનું કેબીન દુર થતા બેકાર બનતા ડ્રગ્સના રવાડે ચડી ગયાનું ખુલ્યું હતું. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મહાનગરોની માફક હવે નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારો સુધી ડ્રગ્સ પહોંચી જતા ચિંતાનો વિષય બન્યો છે.

---

## રાત્રે મોડે સુધી વાગતા ભુંગળા બંધ કરાવો, જાહેરનામાની અમલવારી કરાવવા માંગ

**ધો.૧૦-૧૨ બોર્ડની પરિક્ષા નજીક આવી રહી છે ત્યારે વિદ્યાર્થીઓને ખલેલ ન પડે તે માટે પોલીસ કમિશ્નરને રજૂઆત**

રાજકોટ,તા.૭

રાજકોટમાં હાલ મોડી રાત્રી સુધી ડીજે સાઉન્ડ વાગતા હોય છે જેથી જાહેરનામાની પોલીસ કમિશ્નર કડક અમલવારી કરાવે તેવી માંગ ઉઠી છે.આ અંગે એડવોકેટ ભરતસિંહ જે.ગોહિલે રાજકોટના પોલીસ કમિશ્નરને રજૂઆત કરતા જણાવ્યું કે, ૨૭ ફેબ્રુઆરીથી ધો.૧૦ અને ૧૨ની પરિક્ષા ચાલુ થનાર છે. હાલ વિદ્યાર્થીઓ પરિક્ષાની તૈયારી કરી રહ્યા છે.હાલ લગ્ન પસંગની સિઝન પણ ચાલી રહી છે.તેવામાં મોટા અવાજ વાળા સાઉન્ડ વાગે છે. મોટા અવાજ વાળા ફટાકડા દાંડીયા રાસ, વરઘોડા મોડી રાત સુધી ચાલે છે. જાહેરનામા મુજબ રાત્રીના ૧૦ વાગ્યા બાદ મોટા અવાજવાળા સાઉન્ડ પ્રતિબંધિત છે.છતા વાગે છે. તો જાહેરનામાની ચુસ્ત અને કડક અમલવારી કરાવવા માંગ કરાઈ છે. ઉપરાંત પ્રસંગ આનંદથી ઉજવતા લોકો પણ વિદ્યાર્થીઓને અગવડતા ન પડે તેમ કાર્યકરે તેવી અપીલ પણ કરાઈ છે.

---

## હેકસાવેર ટેકનોલોજીસ લિમિટેડનો આઈપીઓ બુધવાર, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ખૂલશે

અમદાવાદ,તા.૭

હેકસાવેર ટેક્નોલોજીસ લિમિટેડ બુધવાર, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ પ્રત્યેક રૂા.૧ની ફેસ વેલ્યુના તેના ઇક્વિટી શેર્સનો આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઇન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખૂલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ છે.

પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. ૬૭૪થી રૂ. ૭૦૮ના ભાવે ફિક્સ કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ ૨૧ ઇક્વિટી શેર્સ અને ત્યારબાદ ૨૧ ઇક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

આઈપીઓમાં સીએ મેગ્નમ હોલ્ડિંગ્સ દ્વારા રૂા.૮,૭૫૦ કરોડના મૂલ્યના ઇક્વિટી શેર્સના વેચાણની ઓફરનો સમાવેશ થાય છે. આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૧ સાથે વાંચતા અને સુધારેલા (the SCRR) સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) નિયમ ૧૯(૨) (બી)ના સંદર્ભે કરવામાં આવી છે. ઓફર બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી છે અને સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)ના અનુપાલનમાં કરવામાં આવી છે જેમાં સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૨(૧)ના સંદર્ભે નેટ ઓફરના લઘુત્તમ ૫૦ ટકા પ્રમાણસર ધોરણે ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIBs) (the QIBCategory) ને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની બુક રનિંગ લીડ મેનેજર્સ સાથેની ચર્ચા બાદ ક્યુઆઈબી હિસ્સાનો ૬૦ ટકા સુધીનો હિસ્સો સેબી આઈસીડીઆર નિયમનો મુજબ વિવેકાધીન ધોરણે એન્કર ઇન્વેસ્ટર્સ (the Anchor Investor Portion)ને ફાળવી શકે છે જે પૈકી એક-તૃત્યાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ તરફથી પ્રત્યેક રૂા.૧ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેર્સની જે કિંમતે એન્કર ઇન્વેસ્ટર્સને ફાળવણી કરવામાં આવી હોય (the Anchor Investor Allocation Price) તે અથવા તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. એન્કર ઇન્વેસ્ટર પોર્શનમાં અંડર-સબસ્ક્રીપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં બાકીના ઇક્વિટી શેર્સ નેટ ક્યુઆઈબી પોર્શનમાં (એન્કર ઇન્વેસ્ટર પોર્શન સિવાય) ઉમેરવામાં આવશે.

### હવે બેન્કિંગ સહિતના ધિરાણોમાં વ્યાજ દર સતત ઘટતા રહેવાની આશાઃ લાંબાગાળાની લોન લેનારને વધુ ફાયદો

# રૂ.૫૦ લાખની હોમલોનમાં વર્ષે રૂ.૯૫૦૦ અને રૂ.૫ લાખની ઓટોલોનમાં વર્ષે ૧૬૦૦ EMI ઘટશે

## બજેટમાં કોરા રહી ગયેલા રીયલ એસ્ટેટ અને ઓટો ક્ષેત્ર માટે આરબીઆઇનો વ્યાજદર ઘટાડો રાહતની સ્થિતિ સર્જશે



મુંબઇ, તા.૭

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ પાંચ વર્ષ બાદ વ્યાજદરમાં કરેલો ઘટાડો બેંકમાં ખાસ કરીને હોમ તથા ઓટો લોન ધારકો માટે મોટી રાહત થશે. તો બીજી તરફ હવે આગામી દિવસોમાં હોમલોનના દરો ઘટવાથી રીયલ એસ્ટેટને પણ નવા બુકીંગની તક મળશે. ઓટો કંપનીઓ માટે પણ છેલ્લા કેટલાક મહિનાઓથી જે સુસ્તી છે તેમાં પણ નવા ઓર્ડર આવે તેવા સંકેત છે.

રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે કોવિડકાળ બાદ વ્યાજદરમાં વધારો થયો છે પરંતુ ઘટાડવાની શક્યતા નહીં હોવાથી લાંબાગાળા સુધી ઉંચા વ્યાજદરના વાતાવરણમાં આપણે રહ્યા છીએ અને હવે વ્યાજદર ઘટાડવાની તક છે તેથી રેપોરેટ ૨૫ બેઝીક પોઇન્ટ ઘટાડ્યો છે જે ૬.૨૫ ટકા થશે જેના કારણે હોમલોન ધારકોને દર વર્ષે અંદાજે રૂા.૧૦ હજારની બચત થશે. ખાસ કરીને જેઓએ ફ્લોટીંગ રેટની લોન લીધી છે તેના માટે વ્યાજદર ઘટાડો મહત્વનો બની જશે.

બેન્કો જો કે પર્સનલ લોન કે ક્રેડીટ કાર્ડના વ્યાજદર ઘટાડે કે કેમ તે તેની આખરી પ્રાયોરીટી હશે. જો કોઇ વ્યકિતએ રૂા.૫૦ લાખની હોમલોન ૮.૫ ટકાના દરે લીધી હશે અને તેનો લોનનો સમયગાળો ૨૦ વર્ષનો હશે તો તેમાં ૨૫ બેઝીક પોઇન્ટ વ્યાજ ઘટી જશે જેથી તેને ૮.૨૫ ટકા વ્યાજ લાગુ થશે આ પ્રકારની હોમલોનમાં વ્યકિતએ રૂા.૪૩૩૯૧નો માસિક હપ્તો ભરવાનો રહેશે પણ વ્યાજદર ઘટતા રૂા.૪૨૬૦૩ થઇ જશે જેને કારણે દર મહિને રૂા.૭૮૮નો હપ્તો ભરશે અને વર્ષે રૂા.૯૪૫૬ની બચત થશે. આવી જ રીતે કાર લોનમાં ૧૨ ટકાના વ્યાજદરમાં જેણે લોન લીધી છે તેણે વર્તમાન સમયમાં રૂા.૧૧૨૮૨નો હપ્તો ભરવાનો છે તે રેપોરેટમાં ઘટાડા બાદ રૂા.૧૧૧૪૯ થઇ જશે. જે રૂા.૧૩૩ ઘટશે. રૂા.પાંચ લાખની લોનમાં આ પ્રકારના ઇએમઆઇ સામાન્ય રીતે બેન્કો નિશ્ચિત કરે છે જેણે વર્ષે રૂા.૧૫૯૬નો ફાયદો થશે.

આમ રીઝર્વ બેન્કનું પગલું લાંબાગાળા બાદ લોન ધારકો માટે રાહત લાવી છે. ખાસ કરીને જેઓએ લાંબાગાળાની લોન લીધી છે તેઓને હવે વ્યાજદરમાં ઘટાડાનો લાભ સતત મળતો રહે તેવા સંકેત છે.

## ફ્લોટીંગ રેટથી લોન લેનાર માટે ભવિષ્યમાં બચત વધશેઃ ક્રેડીટ કાર્ડ અને પર્સનલ લોનના વ્યાજ દર ઘટાડામાં બેંકો રાહ જુએ તેવી શક્યતા

### રૂા.૨૦ લાખની લોન પર આટલી બચત

જો તમે રૂા.૨૦ લાખની હોમ લોન લીધી હોય અને તેના પર ૮.૨૫ ટકા વ્યાજ અને મુદ્દત ૨૦ વર્ષની છે. તો હાલ મહિને ૧૭૩૫૬ રૂપિયા ઇએમઆઇ જશે. જેમાં ૨૫ બેઝિસ પોઇન્ટનો ઘટાડો થતાં લોન પર ૮.૨૫ ટકા વ્યાજ ચુકવવાનું થશે. જેથી હવે રૂા.૧૭૦૪૧ ઇએમઆઇ ચૂકવવો પડશે. અર્થાત દર મહિને રૂા.૩૧૫ની બચત થશે. જો તમે રૂા.૩૦ લાખની લોન ૮.૫૦ ટકાના દરે ૨૦ વર્ષ માટે લીધી હોય તો દર મહિને રૂા.૨૬૦૩૫ ઇએમઆઇ પેટે ચૂકવવા પડશે. પરંતુ હવે ૨૫ બેઝિસ પોઇન્ટનો ઘટાડો થતાં દર મહિને રૂા.૨૫૫૬૨ ઇએમઆઇ ચુકવવો પડશે જેથી દર મહિને રૂા.૪૭૩ બચત થશે.

## બેન્કો માટે હવે bank.in અને ફાયનાન્સીયલ કંપનીઓ માટે fin.in ડોમેઇન નેઇમ રહેશેઃ આરબીઆઇનો નિર્ણય

### ડિજિટલ ફ્રોડ ટાળવા ઉપાયોઃ આંતરરાષ્ટ્રીય ઓનલાઇન વ્યવહારોમાં ટુ-સ્ટેપ ઓથેન્ટીફિકેશન સીસ્ટમ અમલી બનશે




મુંબઇ, તા.૭

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા આજે નવી જાહેર કરાયેલી ધિરાણ નીતિ સમયે આરબીઆઇના ગવર્નર સંજય મલ્હોત્રાએ દેશમાં વધતા જતાં ઓનલાઇન અને ડીજીટલ ફ્રોડ પર ચિંતા વ્યકત કરી હતી અને હવે ઇન્ટરનેશન ડીજીટલ ટ્રાન્ઝેકશનમાં પણ ટુએ ઓથેન્ટીફીકિશનની વ્યવસ્થા અમલમાં મુકવા જાહેરાત કરી છે. ખાસ કરીને વિદેશમાંથી ફ્રોડ માટેના અનેક કિસ્સાઓ નોંધાયા છે અને તેથી જ આરબીઆઇએ હવે ઓથેન્ટીફિકેશનમાં એક નવા સ્ટેપનો ઉમેરો કરશે અને તે એપ્રિલ-૨૦૨૫થી લાગુ થશે. આ ઉપરાંત આરબીઆઇએ તમામ બેન્કો માટે હવે તેમની વેબસાઇટના ડોમેઇન નેઇમ bank.in નિશ્ચિત કરી છે જે તમામ બેન્કોને લાગુ થશે જ્યારે નોનબેન્કીંગ ફાઇનાન્સીયલ કંપનીઓ માટે ડોમેઇન નેઇમ fin.in રહેશે અને આ બંને પ્રકારના ડોમેઇન નેઇમ રહેશે. આંતરરાષ્ટ્રી ક્રેડિટ કાર્ડના ટ્રાન્ઝેકશનમાં પણ સીક્યુરીટીના નવા નિયમો આવશે. બેન્કોની અને નાણાંકિય સંસ્થાઓની બોગસ વેબસાઇટ મારફત જે ફ્રોડ થાય છે તે માટે હવે આ નવા ઉપાયો કરવામાં આવ્યા છે.

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ધિરાણ પર વ્યાજદર ઘટાડવામાં પહેલ કરશે

### બેન્કના એમડી દ્વારા જાહેરાતઃ હોમલોન તથા ઓટોલોન સસ્તી કરાશે

મુંબઇ, તા.૭

રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ આજે વ્યાજદરમાં કરાયેલા ઘટાડાને બેંકીંગ સહિતના ક્ષેત્રોએ આવકાર આપ્યો છે. જ્યારે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ તો તેના હાઉસીંગ સહિતના ધિરાણમાં ઘટાડાની તૈયારી કરી લીધી છે અને આજે સાંજ સુધીમાં જ તેની જાહેરાત થાય તેવા સંકેત છે. એસબીઆઇના એમડી અશ્વિનીકુમાર તિવારીએ જણાવ્યું કે રીઝર્વ બેન્કની નવી પોલીસી અપેક્ષા મુજબની જ હતી અને અમે હોમ લોન તથા કારલોનના દરમાં ઘટાડો કરવા જઇ રહ્યા છીએ.

# આવતીકાલથી રણજી નોક-આઉટ શરૂ: રાજકોટમાં સૌરાષ્ટ્ર ગુજરાત વચ્ચે ટક્કર

### જમ્મુ કાશ્મીર, મુંબઈ, કેરલ, સૌરાષ્ટ્ર, ગુજરાત, વિદર્ભ, હરિયાણા અને તમિલનાડું વચ્ચે કવાર્ટર ફાઈનલ મેચ રમાશે



રાજકોટ,તા.૭

ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા આયોજિત સૌથી પ્રતિષ્ઠિત ઘરેલુ ટુર્નામેન્ટ રણજી ટ્રોફીના નોક-આઉટ સ્ટેજનો આવતીકાલથી પ્રારંભ થાય છે. ક્વાર્ટર ફાઈનલમાં આઠ ટીમો પહોંચી છે. ત્યારે એક કવાર્ટર ફાઈનલ મેચ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ પર રમાશે. સૌરાષ્ટ્ર અને ગુજરાત વચ્ચેનો ક્વાર્ટર ફાઇનલ મેચ આવતીકાલે સવારે ૯ વાગ્યાથી શરૂ થશે.

**સૌરાષ્ટ્ર ટેબલના બોટમ પર થી બે મેચ બોનસ પોઇન્ટ સાથે જીતી, મેળવી એન્ટ્રી :**

આ વર્ષે રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર ચાર મેચમાં ચાર પોઈન્ટ મેળવ્યા હતા અને કવોલિફાય થવું તે ખૂબ જ અઘરું લાગી રહ્યું હતું. પરંતુ દિલ્હી અને આસામ સામે બોનસ પોઈન્ટ સાથે જીત મેળવી નોક આઉટ સ્ટેજમાં એન્ટ્રી મેળવી ચૂકી છે.

**ટીમ સૌરાષ્ટ્ર :**

જયદેવ ઉનડકટ (કેપ્ટન), ચેતેશ્વર પૂજારા, અર્પિત વસાવડા, ચિરાગ જાની, હાર્વિક દેસાઈ, શેલ્ડન જેક્સન, પ્રેરક માંકડ, વિશ્વરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, પાર્થ ભૂત, યુવરાજસિંહ ડોડીયા, હિતેન કણબી, સમર ગજજર, જય ગોહિલ, તરંગ ગોહેલ, પ્રણવ કારિયા અને ચેતન સાકરીયા

**ટીમ ગુજરાત :**

પ્રિયાંક પંચાલ, ઊર્વિલ પટેલ, આર્ય દેસાઈ, મનન હિંગ્રાજા, ક્ષિતિજ પટેલ, હેટ પટેલ, ઉમંગ રોહિતકુમાર, હેમાંગ પટેલ, જયમિત પટેલ, વિશાલ જયસ્વાલ, સિધ્ધાર્થ દેસાઈ, ચિંતન ગાઝા, અરઝન નગવસ્વાલા, પ્રિયજીત જાડેજા, રવી બિશનોઈ અને અભિષેક દેસાઈ

**ક્વાર્ટર ફાઈનલ મેચ શિડયુલ (૮ થી ૧૨ ફેબ્રુઆરી)**

૧. જમ્મુ કાશ્મીર વિ. કેરલ : પુણે
૨. વિદર્ભ વિ. તમિલ નાડું : નાગપુર
૩. મુંબઈ વિ. હરિયાણા : લાહલી
૪. સૌરાષ્ટ્ર વિ. ગુજરાત : રાજકોટ

**સેમી ફાઈનલ મેચ ૧૭ થી ૨૧ ફેબ્રુઆરી વચ્ચે રમાશે**

સેમી ફાઈનલ ૧ : કવાર્ટર ફાઇનલ ૧ અને ૪ ના વિકેટ વચ્ચે રમાશે
સેમી ફાઈનલ ૨ : કવાર્ટર ફાઇનલ ૨ અને ૩ વચ્ચે રમાશે
રણજી ટ્રોફી ફાઈનલ ૨૬ ફેબ્રુઆરી થી ૨ માર્ચ વચ્ચે રમાશે.

**મેચ ટીવી અને મોબાઈલ પર લાઈવ નિહાળી શકશો :**

આવતીકાલે રાજકોટમાં રમાનાર સૌરાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે રણજી ટ્રોફી કવાર્ટર ફાઈનલ મેચ જીઓ સિનેમા મોબાઈલ એપ અને સ્પોર્ટ્સ ૧૮ પર લાઈવ પ્રસારણ થશે. આ માટે રાજકોટમાં પ્રજ્ઞાન ઓઝા, સલિલ અંકોલા, ચેતન શર્મા, અશોક મલ્હોત્રા, વિ.રમન કોમેન્ટરી માટે આવી પહોચ્યા છે.

## હાર્દિક પટેલે ટ્વિટ કરી સરકારનો આભાર માન્યો

### પાટીદાર અનામેત દરમિયાન થયેલા કેસો સરકારે પરત ખેંચતા સમાજ વતી વિશેષ આભાર વ્યકત કર્યો



અમદાવાદ તા.૭

પાટીદાર આંદોલન સમયે પાટીદાર સમાજમાં યુવાનો સામે થયેલા કેસ સરકારે પરત ખેંચતા ધારાસભ્ય હાર્દિક પટેલે ટવીટ કરી ભાજપ સરકારનો આભાર માન્યો છે.


ભૂપેન્દ્ર પટેલની સરકારે ગુજરાતમાં પાટીદાર આંદોલન દરમિયાન મારા સહિત સમાજના ઘણા યુવાનો સામે દાખલ કરાયેલા ગંભીર રાજદ્રોહના કેસ સહિતના કેસો પાછા ખેંચી લીધા છે. સમાજ વતી, હું ગુજરાતની ભાજપ સરકારનો ખાસ આભાર માનું છું.

પાટીદાર આંદોલનને કારણે ગુજરાતમાં બિન-અનામત વર્ગો માટે કમિશન-નિગમની રચના થઈ, ૧૦૦૦ કરોડ રૂપિયાની યુવા સ્વાવલંબન યોજના લાગુ કરવામાં આવી અને દેશમાં ઉચ્ચ જાતિઓને આર્થિક ધોરણે ૧૦% અનામતનો લાભ મળ્યો.

હાર્દિક પટેલે ટવીટ કરતા જણાવ્યું છે કે હું ફરી એકવાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર માનું છું.

## હવે માનવજાત જ નહી, મૃત કાંગારૂના ભ્રૂણ પણ આઈવીએફથી તૈયાર

### ઓસ્ટ્રેલિયાના વૈજ્ઞાનિકોને મળી સફળતાઃ આ ટેકનિકથી લુપ્તપ્રાયઃ જાનવરોનું રક્ષણ થઈ શકશે



મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) તા.૭

અત્યાર સુધી આઈવીએફ (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન) ટેકનિકનો ઉપયોગ માત્ર માણસો માટે કરવામાં આવી રહ્યો છ પરંતુ ઓસ્ટ્રેલિયાના વૈજ્ઞાનિકોએ કાંગારૂ માટે આ કમાલ કરી દેખાડી છે અને ૨૦થી વધુ ભ્રૂણ આ ટેકનિકથી તૈયાર કર્યા છે.

ઓસ્ટ્રેલિયાના વૈજ્ઞાનિકોની એક ટુકડીએ આઈવીએફ ટેકનિકનો ઉપયોગ કરીને સફળતાપૂર્વક કાંગારૂનું ભ્રુણ તૈયાર કર્યું હતું.

કવીન્સલેન્ડ યુનિવર્સિટીના પેટ્રિસિયો ડી પેલોસિયો અને એન્ડ્રેસ ગામબિનીએ આ સિધ્ધિ મેળવી લીધી છે. તેમનો દાવો છે કે આ સફળ પ્રયાસ બાદ લુપ્ત પ્રાય જાનવરોની પ્રજાતિને બચાવાવામાં મદદ મળશે

. વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે વન્ય જીવ હોસ્પિટલમાં હાલમાં જ મૃત્યુ પામેલા કાંગારૂઓના સ્પર્મ અને ઈંડા લઈને આઈવીએફની ટેકનિકથી ૨૦ ભ્રૂણ તૈયાર કરાયા હતા. આ સંશોધનને જર્નલ રિપ્રોડકશન, ફર્ટીલિટી એન્ડ ડેવલપમેન્ટમાં પ્રકાશિત કરાયું છે.

## મહારાષ્ટ્રમાં નવી રાજકીયની ઉથલપાથલની તૈયારીઃ ઉદ્ધવ ઠાકરેના ૬ સાંસદો શિંદે જુથમાં જોડાવવા તૈયાર

### લોકસભાના વર્તમાન સત્રમાં એનડીએની તાકાત વધારવા કવાયત



મુંબઇ, તા.૭

મહારાષ્ટ્રમાં ધારાસભા ચૂંટણીમાં મહાયુતિના વિજય બાદ હવે વિપક્ષ લગભગ વેરવિખેર છે અને મહાવિકાસ અઘાડીમાં કોંગ્રેસ-શિવસેના ઉદ્ધવ ઠાકરે જુથ અને એનસીપી વચ્ચે મતભેદો વધતા જાય છે તે સમયે શિવસેના ઉદ્ધવ ઠાકરે જુથના ૬ સાંસદો હવે ગમે ત્યારે શિંદે જુથમાં જોડાઇ જાય તેવા સંકેત છે અને ખાસ કરીને મોદી સરકારને જે રીતે જનતા દળ-યુ અને તેલુગુદેશમનો ટેકો લઇને સરકાર ચલાવી પડે છે તેમાં રાહત થશે.

સુત્રોના જણાવ્યા મુજબ આ અંગે સંસદના ચોમાસુ સત્રમાં મોટી ઉથલપાથલ જોવા મળે તેવી તૈયારી છે. છેલ્લા એક સમાહથી પૂર્વ મુખ્યમંત્રી તથા વર્તમાન નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પોતાના પક્ષની તાકાત વધારવામાં સતત કાર્યરત છે અને મુંબઇ મહાનગરપાલિકાની ચૂંટણીઓ આવી રહી છે તે ધ્યાનમાં રાખીને તેઓ પોતાની તાકાત વધારી મહાનગરપાલિકામાં પણ વધુ બેઠકો લડવા મળે તે નિશ્ચિત કરી રહ્યા છે.

## કર્ણાટકના ભુતપૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પાને મોટો ઝટકો : હાઈકોર્ટનો પોકસો કેસ રદ્દ કરવા ઈનકાર

### કોર્ટે કેસને ટ્રાયલ કોર્ટમાં પાછો મોકલ્યો પરંતુ યેદિયુરપ્પાને હાઈકોર્ટે આગોતરા જામીન આપી દીધાં



કર્ણાટક,તા.૭

કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ભાજપનાં નેતા બી.એસ. યેદિયુરપ્પાને કર્ણાટક હાઈકોર્ટ તરફથી મોટો આંચકો લાગ્યો છે. હાઈકોર્ટે સગીર સાથે જાતીય ઉત્પિડન કેસમાં તેની વિરુદ્ધ દાખલ કરેલાં પોક્સો કેસને બરતરફ કરવાનો ઇનકાર કર્યો છે અને કેસને ટ્રાયલ કોર્ટમાં પાછો મોકલ્યો છે. પરંતુ તેને આંશિક રાહત આપીને, હાઈકોર્ટે તેને આગોતરા જામીન આપી દીધાં છે. ન્યાયમૂર્તિ એમ નાગપ્રસન્ના, જેમણે પ્રથમ બંને પક્ષોની દલીલો સાંભળ્યાં પછી ચુકાદો આપ્યો હતો. બી.એસ. યેદિયુરપ્પાને ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ તેમજ ચાઇલ્ડ જાતીય ગુનાહિત સંરક્ષણ એટલે કે પોક્સો એક્ટ હેઠળ એફઆઈઆર નોંધાવાઈ હતી. ગયા વર્ષે ૧૪ માર્ચના રોજ આ કેસ નોંધાવ્યો હતો. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે ૨ ફેબ્રુઆરીએ અહીં ડોલરર્સ કોલોની તેનાં નિવાસસ્થાનમાં મળેલી બેઠક દરમિયાન યેદિયુરપ્પાએ તેની પુત્રીનું યૌન ઉત્પિડન કર્યું હતું. આ ફરિયાદનાં આધારે પોલીસે સગીરની જાતીય સતામણી માટે પોક્સો એક્ટની કલમ ૮ અને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪(એ) હેઠળ યેદિયુરપ્પા વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી.

## આંખમાં મરચૂ છાંટીને પત્નીને જીવતી સળગાવનાર પતિને આજીવન કારાવાસ



બિજનોર,તા.૭

બિજનોરમાં એક દુ: ખદ કેસમાં કોર્ટે પતિને તેની પત્નીની હત્યાનાં કેસમાં દોષી ઠેરવ્યો અને સજા ફટકારી હતી. અતિરિકત જિલ્લા અને સેશન્સ ન્યાયાધીશ નગીના અનુપમસિંહે તેની પત્નીને સળગાવવાના કિસ્સામાં પતિ સચિનને આજીવન કેદ અને ૨૫૦૦૦ રૂપિયાનો દંડની સજા આપી છે.

આ કેસ ૨૦૧૨ ના લગ્ન સાથે સંબંધિત છે, જ્યારે મંજુએ સચિન સાથે લગ્ન કર્યા હતાં. મૃતકનાં ભાઈ સોનુની ફરિયાદ અનુસાર, સચિન ડ્રગ્સના વ્યસની હતાં અને ઘણીવાર મંજુ પર હુમલો કરતો હતો. આ ઘટના ૩ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ બની હતી, જ્યારે સચિને પ્રથમ વખત મરચાં પાઉડર મંજુની આંખોમાં નાખ્યો અને જ્યારે તે બાથરૂમમાં તેની આંખો ધોવા ગઈ ત્યારે તેનાં પર ડીઝલ છાંટીને આગ લગાવી હતી. સારવાર દરમિયાન મંજુનું મોત નીપજ્યું હતું.

પોલીસે પતિ સચિન, સચિનના પિતા અડેશ અને સચિનના ભાઈ અભિષેક ઉર્ફે બિટ્ટુ સામે ચાર્જશીટ નોંધી હતી. અદાલતે પુરાવાની ગેરહાજરીમાં સચિનના પિતા અને ભાઈને નિર્દોષ જાહેર કર્યા, જ્યારે મુખ્ય આરોપી સચિનને દોષી ઠેરવવામાં આવ્યો હતો. આ નિર્ણય મહિલા સલામતી અને ઘરેલું હિંસા સામે કોર્ટનાં કડક વલણને પ્રતિબિંબિત કરે છે.

## દિશા સલીયાન આત્મહત્યા કેસમાં આદિત્ય ઠાકરેની મુશ્કેલી વધશે




મુંબઇ, તા.૭

મહારાષ્ટ્રમાં સત્તા ગુમાવ્યા બાદ હવે ઠાકરે પરિવારની મુશ્કેલીમાં સતત વધારો થઇ રહ્યો છે તેમાં ફરી એક વખત ચર્ચામાં આવેલ શુષાંદ સિંહ રાજપુત હત્યા કેસ અને તેના પૂર્વ મેનેજર દિશા સાલીયાનના મૃત્યુમાં એક જાહેર હીટની અરજી કરવામાં આવી છે અને તેમાં આદિત્ય ઠાકરેની પૂછપરછ અને ધરપકડની માંગ કરવામાં આવી છે. આ અરજી હાઇકોર્ટ લીટીગન્ટ્સ એસોસીએશન ઓફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવી છે. ૮ જુનના એક પાર્ટીમાં દિશા સલીયાન અને તેના બોયફ્રેન્ડ વચ્ચે ઝઘડો થયા બાદ દિશાએ આત્મહત્યા કરી હતી અને આ કેસમાં આદિત્ય ઠાકરેની ભૂમિકા રહી હોવાનો આરોપ મુકાયો છે જેમાં હવે તેની પૂછપરછની માંગ થઇ છે.

## 'ઝોમેટો'નું નામ બદલીને 'ઈટરનલ'

### ઝોમેટોના બોર્ડે પણ કંપનીનું નામ બદલીને ઈટરનલ કરવાનાં નિર્ણયને મંજૂરી આપી




નવી દિલ્હી :

ફૂડ ડિલિવરી એપ ઝોમેટોએ તેની કંપનીનું નામ બદલવાનો નિર્ણય લીધો છે. હવે ઝોમેટો લિમિટેડનું નામ બદલીને 'ઇટરનલ લિમિટેડ' કરવામાં આવ્યું છે. ઝોમેટોના વડા દીપિન્દર ગોયલે તેમનાં શેરધારકોને એક પત્રમાં આ ફેરફાર વિશે માહિતી આપી હતી.ગોયલે કહ્યું કે કંપનીનાં બોર્ડે આ નામ પરિવર્તનને મંજૂરી આપી દીધી છે.હવે ઝોમેટોની કોર્પોરેટ વેબસાઇટ zomato.com થી eternal.com માં બદલાઈ જશે અને તેનું સ્ટોક નામ ઝોમેટો થી ઈટરનલમાં બદલાઈ જશે. જોકે, કંપનીનાં ફૂડ ડિલિવરી બિઝનેસ ઝોમેટોનું બ્રાન્ડ નામ અને એપ એ જ રહેશે.

ઝોમેટોના સ્થાપક અને સીઈઓ દીપિન્દર ગોયલે શેરધારકોને લખેલાં પત્રમાં જણાવ્યું હતું કે બોર્ડે આજે આ ફેરફારને મંજૂરી આપી છે અને શેરધારકોને પણ આ ફેરફારને સમર્થન આપવા વિનંતી કરવામાં આવી છે. જો અને જ્યારે તે મંજૂરી મળશે, તો અમારી કોર્પોરેટ વેબસાઇટ zomato.com થી eternal.com માં બદલાઈ જશે. અમે અમારાં સ્ટોક ટીકરમાં પણ ફેરફાર કરીશું.

દીપિન્દર ગોયલે જણાવ્યું હતું કે ઇટરનલમાં હાલમાં ચાર મુખ્ય વ્યવસાયો હશે - ઝોમેટો, બ્લિંકિટ, ડિસ્ટ્રિક્ટ અને હાઇપરપ્યુર. જ્યારે અમે બ્લિંકિટ હસ્તગત કરી, ત્યારે અમે કંપની અને બ્રાન્ડ/એપ વચ્ચે તફાવત કરવા માટે આંતરિક રીતે ઝોમેટોને બદલે ''ઈટરનર'' નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. અમે એવું પણ વિચાર્યું હતું કે જે દિવસે ઝોમેટો સિવાય બીજું કંઈક આપણાં ભવિષ્યનો મહત્વપૂર્ણ ચાલક બનશે, તે દિવસે અમે કંપનીનું નામ બદલીને ઇટરન રાખીશું. અમે ઝોમેટો લિમિટેડ, કંપનીનું નામ બદલીને ઇટરનલ લિમિટેડ કરવા માંગીએ છીએ

### બજેટમાંથી આડકતરા બાદ હવે સીધા કરવેરા પણ બાકાત થઈ જશે

# ડાયરેકટ ટેકસ કોડઃ સરકાર ધારે ત્યારે આવકવેરામાં ફેરફાર કરી શકશે

## સીધા કરવેરા અંગેનો નવા ખરડો કેબીનેટ સમક્ષઃ સોમવારે સંસદમાં રજુ કરાશેઃ બજેટમાં જ આવકવેરા સહિતના સીધા કરવેરાના ફેરફાર ફરજીયાત નહી રહે



## આવકવેરા સ્લેબ દર અને સ્ટાન્ડર્ડ ડિડકશન સહિતની જોગવાઈઓમાં ફેરફારની સતા વહીવટી આદેશથી મળશે

નવી દિલ્હીઃ આગામી સપ્તાહે રજુ થનારુ ન્યુ ડાયરેકટ ટેક્ષકોડ બિલ હવે બજેટને પણ રસહીન કવાયત બનાવી દેશે. આજે કેન્દ્રીય કેબીનેટ દ્વારા નવા ઈન્કમટેકસ બિલને મંજુરી આપશે જેના કારણે સરકારને પછી આવકવેરાના દર-સ્લેબ-સ્ટાન્ડર્ડ ડિડકશન સહિતની કરરાહત કે આઈટીને લગતી કોઈપણ રાહત કે વધારા માટે બજેટની રાહ જોવી પડશે નહી. સરકાર પોતે વહીવટી આદેશથી જ આ ફેરફાર કરી શકશે. અત્યાર સુધી જે પ્રક્રિયા નાણા બિલનો એક ભાગ હતો અને તેને લોકસભાની મંજુરીની જરૂર હતી તે ભવિષ્યમાં રહેશે નહી.

આ નવા કાનૂનને ડાયરેકટ ટેક્ષકોડ તરીકે ઓળખવામાં આવશે અને તે આવકવેરાના કાનૂનને સરળ બનાવશે તથા કાનૂની વ્યાખ્યા પણ હાલ જે રીતે ગુંચવણભરી છે તેને બદલે કાનૂની મુદાઓ ખોટી રીતે ઉભા થાય નહી તે નિશ્ચિત કરશે.

સરકાર સમગ્ર આવકવેરા કાનૂનને સરળ બનાવી કરદાતાને ખોટી રીતે કરવેરા સલાહકાર પાસે જવું પડે નહી કે ખોટા કાનુની વિવાદો સર્જાય નહી તે જોવા સરકારનો ધ્યેય છે. સૂત્રોના જણાવ્યા મુજબ એક વખત આ નવો ટેક્ષકોડ અમલમાં આવી જાય પછી તેમાં સરકાર બજેટની રાહ જોયા વગર આવકવેરા સહિત તમામ સીધા કરવેરાને લાગુ પડે છે. બજેટમાં એક તરફ જીએસટીના આગમનની આડકતરા કરવેરામાં ફેરફાર હવે બજેટ પ્રક્રિયાનો ભાગ જ નથી અને જીએસટી કાઉન્સીલ તેના નિર્ણય લે છે. બાદ હવે સીધા કરવેરામાં પણ આ પ્રકારના ફેરફાર સરકાર વહીવટી રીતે કરી શકશે તેથી બજેટમાં તે અંગે કોઈ જરૂર રહેશે નહી અને બજેટમાંથી આવકવેરા ફેરફાર જ મુખ્ય આકર્ષણ છે તેનો પણ હવે અંત આવશે. આજે કેન્દ્રીય કેબીનેટ બેઠકમાં આ અંગે મંજુરી અપાયા બાદ સોમવારે કેબીનેટમાં રજુ થનાર છે. અગાઉ બે વખત ડાયરેકટ કોડ બિલ સંસદમાં રજુ થયા હતા તે લેપ્સ થયા હતા.

### લાંબા સમયથી શાંત રહેલી ભારત-પાક. સીમામાં ફરી ગોળીબારની ધણધણાટી

# ભારતમાં ઘુસણખોરીનો પ્રયાસ કરી રહેલા પાક. આર્મીના BAT જવાનો સહિત ૭ ઠાર



## કાશ્મીરમાં પુંછ સેકટરમાં તા.૪ના મધરાત બાદ એન્કાઉન્ટર : બરફ પીગળતા જ પાકિસ્તાની દળોએ ઘુસણખોરી વધારવા બનાવેલા લોન્ચીંગ પેડને નિશાન બનાવાયું : પાક. દળો સ્તબ્ધ : મૃતદેહ પણ લઈ ન શકયા

નવી દિલ્હી, તા. ૭

લાંબા સમયથી ભારત અને પાક. સીમા પર શાંતિ રહ્યા બાદ હવે બરફ પીગળતા જ પાકિસ્તાની સૈન્યએ ઘુસણખોરો માટે તૈયાર કરાયેલા લોન્ચીંગ પેડ નજીકથી ભારતીય સીમામાં ઘુસવા જઇ રહેલા સાત ઘુસણખોરોને ઠાર મારવામાં આવ્યા છે જેમાં પાકિસ્તાનની કુખ્યાત બોર્ડર એકશન ટીમના ત્રણથી ચાર જવાનો હોવાનું બહાર આવ્યું છે. સુત્રોના જણાવ્યા મુજબ પાકિસ્તાની સૈન્યએ તા.૪ની મધરાત બાદ એલઓસી પર ભારતીય ચોકી પરના જવાનોનું ધ્યાન અન્યત્ર ખેંચવા ગોળીબાર કર્યો હતો અને બીજી તરફ ઘુસણખોરોને સીમા પાર કરાવવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ અગાઉથી જ એલર્ટ બીએસએફના જવાનોએ પાકિસ્તાનની ગોળીબારનો જવાબ આપતાની સાથે જ સીમા પર ઘુસણખોરી કરવા જઇ રહેલા સાત પાકિસ્તાનીઓને ઠાર મરાયા છે અને તેમના શબ પણ કબ્જે કર્યા છે. જેમાં ત્રણ પાકિસ્તાની આર્મીના જવાનો હોવાનું બહાર આવ્યું છે. કાશ્મીરમાં પુંછ જિલ્લામાં કૃષ્ણ ઘાટી ક્ષેત્રમાં આ એન્કાઉન્ટર થયું હતું. જેમાં ભારતીય દળોને કોઇ ખુવારી સહન કરવી પડી નથી. ભારતીય દળોના આ હુમલાથી પાકિસ્તાની ઘુસણ ખોરીને મોટો ફટકો પડયો છે અને સીમા ઉપર એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# બજરંગ ચોક પાસે બંધ બારણે જુગાર રમતા ચાર બાજીગરો ઝડપાયા

## એલસીબી ઝોન-૨ની કાર્યવાહી, રૂા.૧૫૭૦૦ની રોકડ જપ્ત

રાજકોટ તા.૭

ગાંધીગ્રામમાં બજરંગ ચોક પાસે મકાનમાં બંધબારણે જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે ઝડપી પાડી રૂા.૧૫૭૦૦ની રોકડ જપ્ત કરી હતી.

દરોડાની વિગત મુજબ એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર.એચ. ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે ગાંધીગ્રામ શેરી નં.૯માં બજરંગ ચોક પાસે રહેતા કિરીટ ચુની ગાંધીના મકાનમાં ચાલતા તિનપતીના જુગારમાં દરોડા પાડી પત્તા ટીંચતા કિરીટ ગાંધી, જયેશ નટવરલાલ માવાણી (રહે. વૈશાલીનગર શેરી નં.૩) અતુલ બાબુ હદવાણી (રહે.કાંગશીયાળી ગામ) અને હરેશ નાનજી રામાણી (રહે. ગીરનાર સોસાયટી શેરી નં.૧૧)ને ઝડપી પાડી રૂા.૧૫૭૦૦ની મતા કબ્જે કરી હતી.

# કેટલીક બાબતોમાં ન્યાયપાલિકાએ ન ઘુસવું જોઈએઃ કારગીલ વોર મામલે અરજી પર સુનાવણીનો સુપ્રીમકોર્ટનો ઈન્કાર

## કારગીલમાં ઘુસણખોરી અંગે ઉપરી અધિકારીને અગાઉથી ઈનપુટ આપ્યા હતા, પણ તેને ધ્યાને નહોતા લેવાયાનો અરજદારનો આરોપ



નવી દિલ્હી તા.૯૭

સુપ્રીમ કોર્ટ આજે કારગીલ સાથે જોડાયેલી અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. અરજી સેનાના એક પુર્વ અધિકારીએ કરી હતી, જેમાં આરોપ લગાવાયો હતો કે કારગીલ યુદ્ધ દરમિયાન સેના દ્વારા લાપરવાહી કરવામાં આવી હતી. જો કે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કેટલીક વસ્તુઓ એવી હોય છે, જેમાં ન્યાયપાલિકાએ ન ઘુસવું જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ કાર્યપાલિકા સાથે જોડાયેલો મામલો છે, તેમાં સુનાવણી ન થઈ શકે.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ સંજયકુમારની પીઠે જણાવ્યું હતું કે ન્યાયપાલિકા સામાન્ય રીતે રાષ્ટ્રીય સુરક્ષાના મામલે સુનાવણી નથી કરતી. સુપ્રીમનું વલણ જોઈ પુર્વ સૈન્ય અરજદાર મનીષ ભટનાગરે પોતાની જાહેર હિતની અરજી પાછી ખેંચી લીધી હતી. ઉલ્લેખનીય છે કે અરજદારે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે તેણે વર્ષ ૧૯૯૯માં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં જ તેના સિનિયરોને કારગીલ ઘુસણખોરીની માહિતી આપી હતી પણ તેના ઈનપુટને નજર અંદાજ કરાયા હતા. જયારે મોટા પ્રમાણમાં જંગ છેડાયો તો તેનું કોઈને કોઈ બહાને કોર્ટ માર્શલ કરાયુ હતુ અને સેના છોડવા મજબૂર કરાયો હતો.

# રાણપુર નવાગામની પરિણાતાને સાસરિયાનો ત્રાસ, પતિ સહિત પાંચ આરોપી સામે ફરિયાદ

## પતિ શંકા-કુશંકા કરતો, સાસરિયા માવતરેથી દોઢ લાખ લાવવાનું કહેતા

રાજકોટ, તા.૭

રાણપુર નવાગામની પરિણાતા રાધિકાબેન ધામેચાને પતિ સહિતના સાસરિયાએ ત્રાસ આપ્યાના આક્ષેપ થતા રાજકોટ મહિલા પોલીસ મથકે પતિ મહેશ ધામેચા, સાસુ કાંતાબેન, સસરા લાખા ચના ધામેચા, દિયર નરેશ, દેરાણી મનીષાબેન સામે ફરિયાદ નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદી રાધીકાબેન (ઉ.વ.૨૬)એ જણાવ્યું કે, મારાં પિતાનું નામ સુખાભાઈ જોગડીયા છે. હાલ હું મારાં ફુવાના ઘરે શ્રધ્ધા રેસીડેન્સી, ઋષીકેશ, રેલનગર રાજકોટ ખાતે છેલ્લા છ મહિનાથી રહું છું. મારાં લગ્ન તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજ નવા સરકારી કવાટ્ર્સ રાણપુર નવાગામ કુવાડવા રોડ રાજકોટ ખાતે રહેતા લાખાભાઈ ચનાભાઇ ધામેચાના દિકરા મહેશ સાથે થયેલ. મારા પતિ મહેશ ધામેચા (ઉ.વ.૩૧) બોલેરો ગાડી ચલાવવાનુ કામ કરે છે. મારા પતિના મારાં સાથે બીજા લગ્ન હતા. તેમના પ્રથમ લગ્ન માધાપર ગામની યુવતી સાથે થયાં હતા. પ્રથમ લગ્નજીવનથી મારાં પતિને સંતાનમાં બે બાળકો છે. લગ્ન બાદ હું મારાં પતિ સાથે સંયુકત કુટુંબમાં રહેવા ગઈ. બે મહીના સુધી લગ્ન જીવન સરખી રીતે ચાલેલ. દરમ્યાન મારા પતિ મારી ઉપર શંકા કુશંકાઓ કરતા. મને ઘર ની બહાર ન નીકળવા દેતા. માવતર જવા ન દેતા. દારૂ પી મારકુટ કરતા. સાસુ કાંતાબેન અને દેરાણી ઘરકામ બાબતે મેણાં મારતા. સસરા માવતરેથી દોઢ લાખ રૂપીયા લાવવાની જીદ્દ કરતા. મારાં પિતા બિમાર પડ્યા છતાં મને માવતરે જવા ન દીધેલ. પિતાને હોસ્પિટલ દાખલ કરતા બે દિવસ રોકવાની શરતે મને મુકી ગયા. પંદર દિવસ બાદ મારા પિતાનુંઅવસાન થયું. પિતાના કાર્યમાં મારા પતિ તથા સાસુ સસરા આવેલ હતા. પછી બે દિવસ કહ્યું છતાં કેમ પાછી ન આવી તે બાબતે મારાં પતિએ ફોનમાં મારી સાથે ઝઘડો કર્યો. મારા પર વહેમ શક કરેલ. વડીલો સમજાવવા ગયા પણ દોઢ લાખ રૂપીયાની માંગણી કરેલ. જે પછીથી મારા માતા ઘરે રહેવા આવી ગઈ હતી.

# પાટીદાર અનામત આંદોલનમાં ૪ કેસ હજુ પાછા ખેંચવાના બાકી : ઋષિકેશ પટેલ



રાજકોટ, તા.૭

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન સમયે થયેલા કેસોમાં રાજય સરકારે ૧૪ જેટલા કેસ પાછા ખેંચી લીધા છે અને હજુ ચાર કેસ બાકી છે. આજે રાજયના કેબીનેટ પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે આ માહિતી આપી હતી અને કહ્યું કે મોટા ભાગના કેસ પાછા ખેંચાઇ ગયા છે. પરંતુ ટેકનીકલ કારણોસર હજુ ચાર કેસ પાછા ખેંચવાના બાકી છે.

# એજેકસ એન્જિનિયરિંગ લિમિટેડનો આઈપીઓ સોમવાર, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ખૂલશે

અમદાવાદ,તા.૭

એજેકસ એન્જિનિયરિંગ કંપની સોમવાર, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ પ્રત્યેક રૂા.૧ની ફેસ વેલ્યુના તેના ઇક્વિટી શેર્સ ના આઈપીઓ ખોલવા જઈ રહી છે. એન્કર ઇન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખોલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલાની એટલે કે શુક્રવાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ છે.


ઓફરની પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂા.૫૯૯થી રૂા.૬૨૯ રાખવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૨૩ ઇક્વિટી શેર્સ અને ત્યારબાદ ૨૩ ઇક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

આઈપીઓમાં ૨,૦૧,૮૦,૪૪૬ સુધીના ઇક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે જેમાં કૃષ્ણાસ્વામી વિજય દ્વારા ૧૭,૧૬,૧૦૨ સુધીના ઇક્વિટી શેર્સ, કલ્યાણી વિજય દ્વારા ૧૭,૧૬,૧૦૨ સુધીના ઇક્વિટી શેર્સ, જેકોબ જિતેન જહોન દ્વારા ૨૨,૮૮,૧૩૬ સુધીના ઇક્વિટી શેર્સ, જેકબ હેન્સેન ફેમિલી ટ્રસ્ટ દ્વારા ૫૫,૯૩,૨૨૧ સુધીના ઇક્વિટી શેર્સ, સુઝી જહોન દ્વારા ૧૪,૩૦,૦૮૫ સુધીના ઇક્વિટી શેર્સ અને કીદારા કેપિટલ ફંડ ૨ એલએલપી દ્વારા ૭૪,૩૬,૮૦૦ સુધીના ઇક્વિટી શેર્સ સમાવિષ્ટ છે.

આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૧ સાથે વાંચતા એસસીઆરઆરના નિયમ ૧૯(૨)(બી)ના સંદર્ભે કરવામાં આવી છે. ઓફર બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી છે અને સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)ના અનુપાલનમાં કરવામાં આવી છે જેમાં સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૨(૧)ના સંદર્ભે ઓફરના લઘુત્તમ ૫૦ ટકા પ્રમાણસર ધોરણે કવોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની બુક રનિંગ લીડ મેનેજર્સ સાથેની ચર્ચા બાદ કયુઆઈબી હિસ્સાનો ૬૦ ટકા સુધીનો હિસ્સો સેબી આઈસીડીઆર નિયમનો મુજબ વિવેકાધીન ધોરણે એન્કર ઇન્વેસ્ટર્સને ફાળવી શકે છે જે પૈકી એક-તૃત્યાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ તરફથી જે કિંમતે એન્કર ઇન્વેસ્ટર્સને ફાળવણી કરવામાં આવી હોય તે અથવા તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. એન્કર ઇન્વેસ્ટર પોર્શનમાં અંડર-સબ્સ્ક્રીપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં બાકીના ઇક્વિટી શેર્સ નેટ કયુઆઈબી પોર્શનમાં (એન્કર ઇન્વેસ્ટર પોર્શન સિવાય) ઉમેરવામાં આવશે.

### મહારાષ્ટ્રના પરિણામો પર તર્કબદ્ધ આરોપ સાથે કોંગ્રેસ નેતાનો ધડાકો

# મહારાષ્ટ્રની પુખ્ત વસ્તી ૯.૫૪ કરોડ, મતદાન ૯.૭૦ કરોડનું! રાહુલનો આરોપ



## ૨૦૧૯થી ૨૦૨૪માં ૩૨ લાખ મતદારો ઉમેરાયા જ્યારે મહારાષ્ટ્ર ચૂંટણી પૂર્વેનો પાંચ માસમાં ૩૯ લાખનો ઉમેરો ચૂંટણી પંચ પર સવાલ

નવી દિલ્હી, તા.૭

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ-મહાઅઘાડીની કારમી હાર બાદ ગરબડના આરોપ વચ્ચે હવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મતદારોની સંખ્યામાં જ મોટી ઘાલમેલનો ચોંકાવનારો આક્ષેપ કર્યો છે. રાજ્યમાં ૯.૫૪ કરોડની પુખ્ત વસ્તી હોવાની સામે ૯.૭ કરોડ મત પડ્યા હોવા મામલે સવાલ ઉઠાવ્યા છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે ચૂંટણીમાં પારદર્શકતા ચૂંટણી પંચની જવાબદારી છે અમે કોઇ આક્ષેપ કરતા નથી પરંતુ સરકારના આંકડા જ આવીએ છીએ. મહારાષ્ટ્રમાં પુખ્ત લોકોની કુલ વસ્તી ૯.૫૪ કરોડ હોવાનું સરકારનો જ આંકડો છે. જ્યારે વિધાનસભા ચૂંટણીમાં ૯.૬ કરોડ મતદારોએ મતદાન કર્યું હતું તે કેમ શક્ય બને? તેઓએ કહ્યું કે ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી તથા લોકસભા ચૂંટણી દરમ્યાન મહારાષ્ટ્રમાં નવા ૩૨ લાખ મતદારો ઉમેરાયા હતા પરંતુ ત્યારબાદ લોકસભા ચૂંટણી અને ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીના પાંચ માસના સમયગાળામાં નવા ૩૯ લાખ મતદારોનો ઉમેરો થયો હતો. આ મામલો લોકસભામાં પણ ઉઠાવાયો હતો પરંતુ ચૂંટણી પંચે હજુ કોઇ જવાબ આપ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીએ સંસદમાં બે મુદા ઉઠાવ્યા હતા. રાજ્યમાં નવા મતદારો સામે સવાલ કર્યો હતો. આ સિવાય શીરડીમાં એક જ બિલ્ડીંગના સરનામા પરથી નવા ૭૦૦૦ મતદારો ઉમેરાયાનો મુદ્દો ઉભો કર્યો હતો. મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામ બાદ ચૂંટણી પંચને લેખિત ફરિયાદ પણ કરવામાં આવી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સાંસદ સુપ્રિયા સુલે તથા શિવસેના (ઉધ્ધવ)ના સંજય રાઉત સાથે સંયુક્ત પત્રકાર પરિષદ કરી હતી અને ચૂંટણી પરિણામમાં મોટી ઘાલમેલ-હેરાફેરી કરાયાનો આરોપ મુક્યો હતો.




## સ.પા. કાર્યાલય બહાર ૨૦૩૨ના અર્ધ કુંભના પોસ્ટર લાગ્યા

પ્રયાગરાજમાં હાલ કુંભમેળો ચાલી રહ્યો છે તે વચ્ચે સમાજવાદી પક્ષના લખનૌ કાર્યાલય બહાર એક પોસ્ટર મુકાયું છે જેમાં ૨૦૨૭માં અખિલેશ યાદવની સરકાર બનશે અને ૨૦૩૨માં ભવ્ય અર્ધ કુંભનું આયોજન કરાશે. તેવું લખાયું છે. ઉતરપ્રદેશમાં સમાજવાદી પક્ષે પોસ્ટર યુધ્ધ ચાલુ રાખ્યું છે અને તેમાં હવે કુંભ પણ સામેલ થઇ ગયો છે.

## ઈરાની સાંસદે ટ્રમ્પની હત્યાની ધમકી ઉચ્ચારી

અમેરિકા અને ઇરાન વચ્ચે તનાવ વધી રહ્યો છે તેવા સમયે ઇરાનના સાંસદે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને હત્યાની ધમકી આપી છે. ઇરાની સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ઇરાની સંસદમાં વિદેશ આયોગ નીતિના સભ્ય મુસ્તફા જરેઇએ કહ્યું કે, જયારે પણ મને તક મળશે ત્યારે ટ્રમ્પને મારી નાખતા જરાઇ પણ નહીં અચકાવ, પોતે એક રાજકીય અધિકારી છે અને કુટનીતિના ધોરણે વાત કરી રહ્યા છે.

## અમેરિકામાં વધુ એક વિમાની દુર્ઘટના : ૧૦ પ્રવાસી સાથેની ફલાઇટ ગુમ

અલાસ્કા, તા. ૭

અમેરિકામાં વધુ એક વિમાની દુર્ઘટના સર્જાઇ હોય તેમ ૧૦ લોકો સાથેનું બેરીંગ એર વિમાન અલાસ્કાના નોમ પાસે અચાનક લાપતા બની ગયું હતું. રડારમાંથી અદ્રશ્ય થઇ જતા મોટા પાયે શોધખોળ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. પહાડોમાં સ્થાનિક લોકોની મદદથી તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. વાતાવરણ ખરાબ હોવાના કારણે મુશ્કેલી થઇ રહી છે.

# એટ્રોસિટી સહિતના ગુનામાં ફરાર ભોમેશ્વર પ્લોટનો કુખ્યાત મોહસીન જુણેજા ઝડપાયો

## પ્ર. નગર પોલીસની ટીમે આરોપીને હોસ્પિટલ ચોકમાંથી દબોચી કાર્યવાહી કરી



રાજકોટ. તા.૦૭

એટ્રોસિટી સહિતના ગુનામાં ફરાર ભોમશ્વર પ્લોટનો કુખ્યાત મોહસીન જુણેજાને પ્ર. નગર પોલીસની ટીમે હોસ્પિટલ ચોકમાંથી દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી જગદીશ બાંગરવા દ્વારા પોલીસ સ્ટેશન ગુનામા પકડવાના બાકી નાસતા ફરતા શખ્સોને પકડી પાડવાની આપેલ સુચનાથી પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનના પીઆઈ પી.આર.ડોબરીયાના માર્ગદર્શન હેઠળ ગુનાહીત ઇતિહાસ ધરાવતો શખ્સ ઘણા સમયથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય જે કોન્સ્ટેબલ તોફીક મંધરા, રીયાઝ ભીપોંત્રા અને વનરાજ બોરીચાને એ.ડીવીઝન પોલીસ સ્ટેશનના ગુનામા નાસતો ફરતો તેમજ પ્રધુમનનગર પોલીસ સ્ટેશનના ગુનામા કોર્ટથી આગોતરા જામીન મેળવી પોલીસ મથકે હાજર રહેલ નહી આરોપી હાલ સીવીલ હોસ્પીટલની ચોકની બાજુમા ઉભેલ છે તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે મોહસીન મુનાફ જુણેજા (ઉ.વ. ૩૪),(રહે.ભોમેશ્વર પ્લોટ જામનગર રોડ) ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ આરોપી વિરૂદ્ધ વર્ષ ૨૦૨૪ માં મારામારી અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો બાદ તે ફરાર થઇ ગયો હતો અને અગાઉ પ્ર. નગર પોલીસ મથકમાં પણ તેના વિરૂદ્ધ ગુનો નોંધાયા બાદ તેને આગોતરા જમીન મેળવી પોલીસ મથકે હાજર થયેલ ન હતો.

# ડો. આંબેડકર પર ટીપ્પણી મુદ્દે અમિત શાહ સામેના કેસમાં સુનાવણી મોકુફ

ઉત્તરપ્રદેશના સુલતાનપુરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સામે ડો.ભીમરાવ આંબેડકર વિરૂધ્ધ ટીપ્પણી કરવાના કેસમાં સુનાવણી આજે યોજાવાની હતી તે હવે ૧૯ ફેબ્રુઆરીએ યોજાશે. અમિત શાહે સંસદમાં કરેલી ટીપ્પણી મુદ્દે ઉત્તરપ્રદેશમાં કેસ દાખલ થયો છે જેમાં આજે ધારાશાસ્ત્રીઓની હડતાલ હોવાના કારણે સુનાવણી થઇ શકી ન હતી.

# આગામી વર્ષે સમુદ્રયાન અને ૨૦૨૭માં ચંદ્રયાન-૪ લોન્ચ કરાશે

નવી દિલ્હી, તા. ૭

ભારતના મહત્વકાંક્ષી ચંદ્રયાન-૪ મિશનનો તબકકો આગળ વધી રહ્યો છે અને તે ૨૦૨૭માં લોન્ચ કરાશે. સંસદમાં માહિતી આપતા સાયન્સ અને ટેકનોલોજી રાજયમંત્રી જીતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે ચંદ્રયાન-૪ મિશન હેઠળ બે હેવી લીફ્ટ એલવીએમ-૩ રોકેટ લોન્ચ કરાશે. જે અંતરીક્ષમાં પહોંચીને બાદમાં ચંદ્ર ઉપર ખડક સહિતના નમુના લઇ આવી પરત પૃથ્વી પર આવશે જયારે આગામી વર્ષે સમુદ્રયાન પણ લોન્ચ કરાશે. જેમાં ત્રણ વૈજ્ઞાનિકોની ટીમ એક ખાસ સબમરીન મારફત સમુદ્ર અંદર ૬ હજારની ઉંડાઇએ જશે અને સમુદ્રમાં રહેલા ખનીજ દુર્લભ ધાતુઓ અને સમુદ્રી જીવ અંગે સંશોધન કરશે.



# સફાઇ તંત્રમાં બદલીના હુકમો ૨૪ કલાકમાં સ્થગિત : પદાધિકારીઓ-અધિકારીઓ વચ્ચે ઘમાસાણ

**સપ્ટેમ્બર માસમાં જ કરાયેલી મોટી સાફસુફી બાદ ચાર મહિનામાં નવા હુકમો થતા દોડધામ**

**વર્ષો સુધી ચીટકી રહેલાને બદલવાના આદેશો એકાએક કેમ બદલાયા? કમિશ્નર અંધારામાં?**

**મેયર-સ્ટે.ચેરમેને કમિશ્નરને વાસ્તવિકતાથી વાકેફ કર્યા બાદ ટ્રાન્સફર રોકવાની નોબત**

**સોલીડ વેસ્ટ શાખામાં માત્ર સફાઇ કામદારો નહીં, સાહેબોના કામની પણ સમીક્ષા જરૂરી**

રાજકોટ, તા. ૭

રાજકોટ મહાપાલિકાના સૌથી મોટા વિભાગો પૈકીના એક અને લોકો સાથે જીવંત રીતે જોડાયેલા રહેતા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં બે દિવસ પહેલા એક સાથે ૨૯ અધિકારીઓની જુદા જુદા વોર્ડમાં બદલીના એકાએક થયેલા હુકમે કોર્પોરેશનમાં હલચલ મચાવી દીધી હતી. આ બાદ ૨૪ કલાકમાં જ આ તમામ બદલીના હુકમો સ્થગિત કરવાનો આદેશ ડે.કમિશ્નરે બહાર પાડતા મનપામાં કદાચ પહેલી વખત આ રીતે હુકમો અટકી ગયાની ઘટના બની છે.

પૂર્વ કમિશ્નર અને પૂર્વ ડે.કમિશ્નરે હજુ સપ્ટેમ્બર મહિનામાં જ તા. ૨૩ના રોજ ત્રણ ડઝનથી વધુ અધિકારીઓની સોલીડ વેસ્ટ વિભાગમાં બદલી કરી હતી. આ મોટી સાફસુફીના પડઘા પડયા હતા પરંતુ પ્રક્રિયા પારદર્શક થઇ હોય કોઇ સત્તાવાર વિરોધ થઇ શકયો ન હતો. હવે ચાર મહિનામાં જ ફરી આ અધિકારીઓમાં મોટો ફેરબદલ થતા અને પદાધિકારીઓને પણ અખબારી અહેવાલો બાદ બદલીઓની જાણ થતા ચૂંટાયેલી પાંખ અને વહીવટી તંત્ર વચ્ચે મોટો વિવાદ થઇ ગયો હતો. ખુદ મેયર નયનાબેન પેઢડીયા અને સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે એકાએક થયેલા હુકમથી આશ્ચર્ય વ્યકત કરીને કમિશ્નર સાથે ચર્ચા કરી હતી. બાદમાં આ હુકમમાં કંઇક ઉતાવળ થઇ ગયાનું તંત્રને લાગતા બધા હુકમો સ્થગિત કરી અગાઉની સ્થિતિએ જે તે વોર્ડ અને વિભાગમાં ફરજ બજાવવા હુકમ કરી દેવાયા છે.

સોલીડ વેસ્ટ શાખા મહાપાલિકામાં કાયમ ચર્ચામાં રહે છે. વોર્ડના એસઆઇ, એસએસઆઇ, ઇજનેરો સહિતનું અધિકારીઓનું સેટઅપ અને સાડા ચાર હજારથી વધુ સફાઇ કામદારોની વ્યવસ્થા કરતા આ વિભાગમાં અનેક અધિકારીઓની પોસ્ટ ખુબ કામ કરવા માટે અને ઘણાની જગ્યા માત્ર શાંતિથી બેસી રહેવા માટે હોય તેવી છાપ છે. આ વિભાગમાં થોડા વર્ષ અગાઉ સેનીટેશન ઓફિસરની જગ્યા પણ ઉભી કરવામાં આવી હતી. હવે આ જગ્યા, વોંકળા ગેંગના અધિકારીઓ, અન્ય અમુક માત્ર ઓફિસ વર્ક જેવી જગ્યા પરથી વિભાગને કેટલુ કામ મળે છે તે સવાલ વચ્ચે સફાઇ કામદારો પર કામગીરી મામલે અવારનવાર તડાપીટ બોલાવવામાં આવે છે. તો આ બદલીના હુકમો કરવા અને તે બાદ રદ્દ કરવા સામેના કારણો શું શું છે તે ચર્ચા વોર્ડ ઓફિસથી માંડી વર્ગ-૧ના અધિકારીઓ સુધી થવા લાગી છે.

ચાર મહિના પહેલા અરજીઓ મંગાવીને અમુક અધિકારીની પસંદગી મુજબની જગ્યાએ બદલી કરાઇ હતી. બાદમાં દેવાંગ દેસાઇ અને સ્વપ્નીલ ખરેએ ત્રણથી દસ વર્ષ સુધી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓને પણ બદલાવી નાખ્યા હતા. હવે આ બદલીને ચાર મહિના જ થયા છે ત્યારે બે દિવસ પહેલા એકાએક મ.ઇજનેર, એસઆઇ, એસએસઆઇ સહિતના ૨૯ અધિકારીના બદલીના હુકમો થયા હતા. હજુ અનેક વોર્ડમાં સફાઇ તંત્ર સાથે જોડાયેલા અધિકારીઓ રેગ્યુલર સેટ થયા હતા ત્યાં ચાર મહિનામાં ફરી બદલીના હુકમ આવતા દોડધામ થઇ ગઇ હતી. આ મામલો પદાધિકારીઓ સુધી પહોંચ્યો હતો. આથી મેયર અને ચેરમેને સ્થિતિ અંગે કમિશ્નરનું ધ્યાન દોર્યુ હતું. આવી ગંભીર બાબતથી તેઓને કોણે અંધારામાં રાખ્યા તેવો સવાલ પણ થઇ ગયો હતો.

બદલી પામેલા અમુક અધિકારીઓ રજુઆત કરવા પણ દોડી ગયા હતા. તો આ લીસ્ટમાં અગાઉ એક જ જગ્યાએ વર્ષો સુધી ફરજ બજાવ્યા બાદ ઉખેડવામાં આવેલા અમુક અધિકારીને ફરી જુની જગ્યા મળી જતા તે અંગે પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું.

આ બદલીના લીસ્ટમાં યુનિયનના એક નેતાએ પણ મોટો ભાગ ભજવ્યાની ચર્ચા વિભાગમાં થઇ રહી છે. તે દરમ્યાન ગઇકાલે આ બદલી મામલે પુરો દિવસ અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે લાંબી ચર્ચાઓ થયાનું જાણવા મળ્યું હતું.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ૨૯ અધિકારીઓની બદલીનો ઓર્ડર બુધવારે કરવામાં આવ્યો હતો. જેઓ નવી જગ્યાએ ચાર્જ લે તે પહેલા જ આ બાબતે પદાધિકારીઓનું ધ્યાન જતાં તેઓ ચોંકયા હતા. સામાન્ય રીતે બદલીઓ પૂર્વે પદાધિકારીઓ સાથે સંકલન કરવામાં આવતું હોય છે. પરંતુ આ હુકમની ગંધ પણ ન આવતા સ્ટે.ચેરમેને એક અધિકારીને મોટો ઠપકો આપ્યાનું પણ લોબીમાં ચર્ચાતું હતું. નવા કમિશ્નરને ગેરમાર્ગે દોરીને આ હુકમ કરાવાયાનું સ્થગિતના હુકમ બાદ જોરશોરથી ચર્ચા રહ્યું છે.

આ રીતે સોલીડ વેસ્ટ વિભાગમાં બદલી અને તે બાદ ૨૪ કલાકમાં આ હુકમો સ્થગિત કરવાના હુકમથી કોર્પો.માં પ્રથમ વખત આવી સ્થિતિ ઉભી થયાનું જાણકાર લોકો કહી રહ્યા છે.

# દરેક ફાયર સ્ટેશનમાં CCTV મૂકવા આદેશ

## ડે એન્ડ નાઇટ મોનીટરીંગ માટે નિર્ણય : ટીપી સહિતની કામગીરી માટે દંડક મનીષ રાડીયાની સૂચના



રાજકોટ, તા. ૭

રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટના બાદ ટાઉન પ્લાનિંગ શાખા જેટલી જ ચર્ચામાં રહેલી મહાપાલિકાની ફાયર બ્રિગેડ શાખામાં બનાવ બાદ ધડાધડ પડેલા રાજીનામા, અધિકારીઓની ધરપકડના દૌર વચ્ચે નવા વર્ષથી નવી ભરતી સહિતની મોટી કાર્યવાહી શરૂ થવાની છે. આ દરમ્યાન કોર્પો. હેઠળના દરેક ફાયર સ્ટેશનમાં સીસીટીવી લગાવવાની કામગીરી શરૂ કરવા પદાધિકારીઓએ સૂચના આપી છે.

હાલ કોર્પો.ના અમુક ફાયર સ્ટેશનમાં સીસીટીવી કેમેરા સિસ્ટમ છે. પરંતુ ઘણામાં નથી. હવે નવા નાણાકીય વર્ષમાં નવા સાત ફાયર સ્ટેશન બનાવવા જોગવાઇ રાખવામાં આવી છે. રાજકોટનો વસ્તી અને વિસ્તાર વધ્યા હોય, નવા સ્ટેશન બાંધવા પડે તેમ છે. વાહનો અને સાધનોની પણ મોટી ખરીદી કરવાની છે. આ દરમ્યાન બે દિવસ પહેલા વેસ્ટ ઝોનના કોર્પોરેટરો અને અધિકારીઓની મીટીંગ પદાધિકારીઓની હાજરીમાં મળી હતી.

મીટીંગમાં હાજર રહેલા શાસક પક્ષના દંડક મનીષ રાડીયાએ કેટલીક મહત્વની સૂચનાઓ આપી છે. વોર્ડ નં. ૧, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨માં ચાલુ અને નવા કામોના રીવ્યુ, તમામ ગાર્ડનમાં સફાઇ અને રસ્તા ફોગીંગ, વોંકળા સફાઇ અને હંગામી દબાણો હટાવવા, પેન્ડીંગ બાંધકામ પરવાનગી, કમ્પલીશન, ઇમ્પેકટ ફીના પ્રકરણોનો નિકાલ કરવા તેમણે કહ્યું છે. ઉપરાંત ભુતકાળમાં ફાયર બ્રિગેડ શાખામાં રાત્રે શંકાસ્પદ અવરજવરો અને પ્રવૃતિની ફરિયાદો ઉઠેલી છે. આથી દરેક ફાયર સ્ટેશનમાં સીસીટીવી કેમેરા લગાવવા તેમણે સૂચના આપી છે.

કોર્પો. હાલ નવા ફાયર સ્ટેશન બાંધી રહ્યું છે અને હજુ નવા નાણાકીય વર્ષમાં પણ બાંધવાનું છે. આથી પહેલેથી જ આ સિસ્ટમ ગોઠવવા ધ્યાન દોર્યુ છે. વિભાગના ઉચ્ચ અધિકારીઓ ફાયર સ્ટેશનમાં રાત્રે પણ કઇ રીતે કામગીરી થાય છે તે પોતાના મોબાઇલમાં જોઇ શકે તેવો હેતુ આ વ્યવસ્થાનો છે.

# મનપાના ઇન્ચાર્જ ટીપીઓની બદલી : કિરણ સુમરાને પણ વધારાનો ચાર્જ : ૨૦ દિવસની રજા પર ઉતર્યા!

## ૭ મહિનાથી કાયમી અધિકારી વગરની ટીપી શાખાના વડાનો કાંટાળો તાજ સરકારે બદલ્યો : કામગીરી ગતિશીલ બનશે?

રાજકોટ, તા. ૭

રાજકોટ મહાપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા આઠ મહિનાથી ઇન્ચાર્જના હવાલે રહી છે અને મહાનગરમાં બાંધકામ પ્લાન મંજૂરી, કમ્પલીશન, ગેરકાયદે પ્રવૃત્તિ સામે પગલા સહિતના કામ ઠંડા પડી ગયા છે ત્યારે સરકારે ટાઉન પ્લાનિંગ ઓફિસરની જગ્યાનો ચાર્જ વધુ એક વખત ફેરવ્યો છે. અગ્નિકાંડની ઘટના બાદ પૂર્વ ટીપીઓ સસ્પેન્ડ થતા રૂડાના એસ.એમ.પંડયાને ચાર્જ સોંપાયા બાદ ગઇકાલે આ જગ્યા પર નગર રચના યોજનાના અધિકારી કિરણ આર.સુમરાની નિયુકિત કરવામાં આવી છે.

કોર્પો.માં કાયમ ચર્ચામાં રહેતી ટીપી શાખાના કાયમી વડાની જગ્યા ૭ મહિનાથી ખાલી છે. હવે ગઇકાલે સરકારે વધુ એક ફેરફાર કરી રાજકોટમાં ઇન્ચાર્જ ટીપીઓ જ નિમ્યા છે ત્યારે આ કાંટાળો તાજ સંભાળનાર અધિકારી કઇ રીતે પડતર કામો હાથ પર લેશે તે પ્રશ્ન છે, તે દરમ્યાન આ અધિકારી હાજર થતા સાથે ૨૦ દિવસની રજા પર ગયા છે.

ગત તા. ૨૭-૫-૨૪ના રોજ શહેરી વિકાસ વિભાગે મનપા ટાઉન પ્લાનિંગ ઓફિસરની જગ્યાનો ચાર્જ રૂડાના પ્રવર નગર નિયોજક એસ.એમ.પંડયાને સોંપ્યો હતો. ગઇકાલે તેમને મુળ જગ્યાએ રાખીને કોર્પો. ટીપીઓનો ચાર્જ રાજકોટ નગર રચના યોજનાના પ્રવર નગર નિયોજક કિરણ સુમરાને સોંપવામાં આવ્યો છે. આથી કોર્પો.ને વધુ એક ઇન્ચાર્જ ટીપીઓ વધારાના ચાર્જ સાથે મળ્યા છે.

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટના બાદ ટીપી શાખા પર તડાપીટ બોલી હતી. પૂર્વ ટીપીઓ સહિતના અધિકારીઓને જેલવાસ ભોગવવો પડયો છે. આ બાદ સરકારે નિમેલા ટીપીઓના કાર્યકાળમાં પ્લાન કમ્પલીશન સહિતના મામલે બિલ્ડર એસો.ની રેલીથી માંડી મુખ્યમંત્રીને રજુઆત સુધીના ઘટનાક્રમ બન્યા હતા. આ બાદ નવા કમિશ્નરની સરકારે નિમણુંક કરી હતી. તે બાદ હવે ઇન્ચાર્જ ટાઉન પ્લાનિંગ ઓફિસર પણ બદલવામાં આવ્યા છે. આથી હવે મનપાની ટીપી શાખા કઇ દિશા તરફ કામ કરશે અને કઇ ગતિથી કામ કરશે તેના પર બિલ્ડર લોબીની પણ નજર રહેશે.

# વડોદરા હરણી બોટ દુર્ઘટના કેસ:મૃતક બાળકોને ૩૧ લાખનું વળતર નક્કી કરાયું

**વળતર મામલે કંપનીને પક્ષ રાખવા સમય અપાયો:૧૭ એપ્રિલે વધુ સુનાવણી**



અમદાવાદ,તા.૭

ગુજરાત હાઇકોર્ટ દ્વારા હરણી બોટ દુર્ઘટના કેસમાં મૃતકોના પરિવારો અને ઇજાગ્રસ્તોને કોટિયા કંપની પાસેથી નાણાકીય વળતર મેળવવા માટે તેની રકમ નક્કી કરવા એક અધિકારીની નિમણૂક કરવાનો આદેશ વડોદરા ના કલેકટરને આપ્યો હતો. તેમના દ્વારા બાળકોને ૩૧લાખ રતેમજ બે મૃતક શિક્ષકોને અનુક્રમે ૧૬ લાખ અને ૧૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાની દરખાસ્ત વડોદરા ના કલેકટર દ્વારા કરવામાં આવી છે આ બાબતે કંપનીને પ્રતિભાવ આપવા માટે હાઇકોર્ટ સમય આપીને આગામી સુનાવણી તારીખ ૧૭ એપ્રિલના રોજ રાખી છે.

હાઇકોર્ટના ગયા વર્ષના આદેશ મુજબ કલેકટર દ્વારા નિમણૂક થનારા નાયબ કલેકટરથી નીચેનો દરજ્જો ના ધરાવતા હોય તેવા અધિકારી સમક્ષ પીડીતો અને કોટિયા પ્રોજેક્ટ દ્વારા વળતર બાબતે રજૂઆત કરવાની રહેશે અને ત્યારબાદ અધિકારી દ્વારા ૮ સપ્તાહ ની અંદર વળતર નક્કી કરી તેનો અહેવાલ ગુજરાત હાઇકોર્ટમાં રજૂ કરવાનો રહેશે. હાઇકોર્ટના આવા આદેશ બાદ તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ નક્કી કરેલા દર મુજબ આ વળતરની રકમ નક્કી કરવામાં આવી છે.

કેસની વિગતો મુજબ વડોદરામાં ગત જાન્યુઆરી મહિનામાં ન્યુ સનરાઇઝ સ્કુલ દ્વારા એક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બાળકો હરણી-મોટ નાથ લેક ખાતે બોટિંગ કરવા માટે ગયા હતા. આ બોટ ઊંધી પડી જતા ૧૨ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોના મોત થયા હતા. સમગ્ર પ્રોજેક્ટ કોટિયા પ્રોજેક્ટ નામની કંપનીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા ચલાવવામાં આવ્યો હતો અને તેમાં પણ ખોટી પદ્ધતિથી કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો તેવી વિગતો ઉજાગર થઈ હતી. તેમજ કોટીયા પ્રોજેક્ટ દ્વારા પણ બોટની એક્ટિવિટીને નિભાવવામાં બેદરકારી રાખવામાં આવી હતી તેના ભાગીદારો સામે પોલીસ ફરિયાદ કરીને ધરપકડ કરવામાં આવી હતી. આ બાબતે ગુજરાત હાઇકોર્ટમાં પણ સુઓ મોટો પીઆઈએલ થઈ હતી તેની સુનાવણી દરમિયાન પીડી તો તરફથી રજૂઆત કરાઈ હતી કે આ કેસમાં કોટિયા પ્રોજેક્ટ તરફથી બેદરકારી રાખવામાં આવ્યું હોવાથી તેઓને ઉદાહરણીય વળતર ચૂકવવાનો આદેશ કરવો જોઈએ. મોરબી દુર્ઘટનામાં પણ ઓરેવા કંપની જવાબદાર હોવાથી તેઓ પાસેથી વળતર વસૂલવાનો હાઇકોર્ટ દ્વારા આદેશ કરવામાં આવેલો છે ત્યારે આ કેસમાં પણ વળતર આપવું જોઈએ. જો કે હાઇકોર્ટે આ બંને કેસની હકીકતો અને ન્યાયિક બાબતો અલગ હોવાથી આ બાબતે વળતરની રકમ નક્કી કરવા માટે એક અધિકારીની નિમણૂક કરવાની જરૂર છે તેવો મત વ્યક્ત કરીને કલેકટરને આદેશ કર્યો હતો કે નાયબ કલેકટર કક્ષાના અધિકારીની વળતરની ગણતરી માટેની કામગીરી સોંપવી જોઈએ. પીડીતોને મોટર વ્હીકલ એક્ટ મુજબ વળતરની ગણતરી કરવાની રહેશે આ બાબતે પીડિતોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં પોતાની રજૂઆત કરવાની રહેશે અને સત્તા મંડળ દ્વારા વકીલ મારફતે નિયુક્ત અધિકારી સમક્ષ દરખાસ્ત કરવામાં આવશે કોટીયા પ્રોજેક્ટને પણ પોતાની રજૂઆત કરવાનો હક રહેશે તેવું હાઇકોર્ટે સ્પષ્ટ કર્યું હતું.

# જામનગર રોડ અને બંગડી બજારના બે કોમ્પ્લેક્ષ સહિતના સ્થળે ૧૦ મિલ્કતો સીલ : આજે અડધો કરોડની રીકવરી

## માર્કેટ યાર્ડ પાસે અને પરસાણાનગરમાં પણ સીલીંગ : ત્રણ નળ કનેકશન કપાયા



રાજકોટ, તા. ૭

મહાપાલિકાની ટેકસ શાખા દ્વારા રીકવરી ઝુંબેશ અંતર્ગત આજે જામનગર રોડના કોમ્પ્લેક્ષ, બંગડી બજાર સહિતના વિસ્તારમાં ૧૦ મિલ્કતોને સીલ મારવામાં આવ્યા હતા.

આ અંગે વેરા શાખાએ જાહેર કરેલી વિગતો મુજબ વોર્ડ નં. ૩માં પરસાણાનગરમાં એક મિલ્કત સીલ કરાઇ હતી. તો આજ વોર્ડમાં જામનગર રોડ પર આવેલ કાવેર્ય કોમ્પ્લેક્ષમાં આવેલી પાંચ દુકાનોને પણ બાકી વેરા બદલ સીલ મારી દેવામાં આવ્યા હતા. જુના રાજકોટના વોર્ડ નં.૭ના બંગડી બજારમાં આવેલા વૈભવ કોમ્પ્લેક્ષમાં બે ઓફિસ સીલ કરી દેવામાં આવી છે. વોર્ડ નં.૫ના માર્કેટ યાર્ડ પાસે બે મિલ્કત સીલ કરાઇ છે.

વોર્ડ નં.૪માં મોરબી રોડ, વોર્ડ નં.૫માં કુવાડવા રોડ, પેડક રોડ, માર્કેટીંગ યાર્ડ પાસે રીકવરી થઇ હતી. રણછોડનગરમાં એક નળ કનેકશન કાપવામાં આવતા ચેક જમા થયો હતો. વોર્ડ નં.૧૪માં મિલપરાના વાણિજય ભવનમાં ત્રણ દુકાનને નોટીસ આપતા વેરો ભરી દેવામાં આવ્યો હતો.

આજે બપોર સુધીમાં કુલ પાંચ મિલ્કતમાં નળ કનેકશન કાપવાની કામગીરી કરવામાં આવી હતી. બપોર સુધીમાં રૂા. ૫૦ લાખની રીકવરી સાથે ચાલુ વર્ષમાં ૩૫૨.૬૦ કરોડની આવક થયાનું વેરા શાખાએ જણાવ્યું હતું. આ કામગીરી ડે.કમિશ્નર સી.કે.નંદાણી, આસી. કમિશ્નર સમીર ધડુક, મેનેજર વત્સલ પટેલ, સિધ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, નિલેશ કાનાણી, ગૌરવ ઠક્કર સહિતની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

# રાજકોટનાં ઈન્ફીનિટી હાઉસનાં બિલ્ડરનાં બે ફ્લેટની રેવન્યુ તંત્ર તા.૧૭મીએ હરરાજી કરશે

## બિલ્ડરે ખરીદનાર પાસેથી રકમ લઈ લીધા બાદ ફ્લેટનો કબ્જો સોંપ્યો ન હતોઃ 'રેરા'ના હુકમ બાદ હવે રેવન્યુ રાહે રિકવરી કરાશે

રાજકોટ તા.૭

રાજકોટના વિપુલકુમાર જગજીવનદાસ લોધીયા નામની વ્યકિતએ વર્ષ ૨૦૧૭માં નાનામવા વિસ્તારમાં ફ્લેટ બુક કરાવી તમામ રૂપિયા ભરી દેવા છતા નાનામવા સર્વે નં.૬૮ પૈકીના પ્લોટમાં ઈન્ફીનિટી હાઉસનાં બિલ્ડર ધીરેન અમૃતલાલ ધોરડાએ ફ્લેટનો કબ્જો ખરીદનારને નહીં સોંપતા તેઓએ આ પ્રશ્ને 'રેરા'માં ફરીયાદ કરી હતી.

દરમ્યાન રેરાએ બિલ્ડર સામે છેતરપીંડી અંગે ફરીયાદના પગલે ફરીયાદીને વ્યાજ સાથે વળતર ચૂકવવા આદેશ કર્યા બાદ પણ વળતર અને ફ્લેટનો કબ્જો નહીં આપતા અંતે કલેકટર તંત્રને રેવન્યુ રાહે વસુલાત કરવા હુકમ કરતા હવે આગામી તા.૧૭/૨નાં રોજ સવારે ૧૧/૩૦ કલાકે ઈન્ફીનિટી હાઉસ ન્યુ કોલેજવાડી-૨, કાલાવડ રોડ, ઉપર આવેલ ફ્લેટ નં.૨૦૨ અને ૪૦૧ની રૂા.૨ કરોડની લેણાની વસુલાત માટે હરરાજી કરવામાં આવશે તેમ પશ્ચિમ મામલતદાર જોષીએ જણાવેલ હતું.

આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ વિપુલ લોધીયાએ રૂા.૧.૩૦ કરોડમાં ફ્લેટ બુક કરાવી તેના ઉપર ખાનગી બેંકમાંથી ૧.૨૦ કરોડની લોન લીધી હતી. તે લોનની રકમનાં હપ્તા ભરી બિલ્ડરને ૧.૧૫ કરોડનું ચૂકવણું કરી દીધુ હતું. છતા બિલ્ડરે ફ્લેટનો કબ્જો નહીં સોંપતા ફરીયાદીએ લિગલ નોટીસ પણ પાઠવી હતી. છતા બિલ્ડરે તેનો કોઈ જવાબ આપેલ ન હતો અને ઉપરોકત ફ્લેટ અન્યને વેંચી દીધો હતો. આથી ફરીયાદીએ 'રેરા'માં ફરીયાદ કરી હતી. અને 'રેરા'એ ફરીયાદીને રૂા.૧.૨૮ કરોડ વ્યાજ સહિત ચૂકવી આપવા હુકમ કર્યો હતો. છતા બિલ્ડરે રકમ નહી ચૂકવતા રેરાએ કલેકટર-રાજકોટને ફ્લેટ જપ્ત કરવા હુકમ કર્યો હતો. હવે પશ્ચિમ મામલતદાર દ્વારા ફ્લેટની હરરાજી તા.૧૭મીએ કરી દેવાશે.

# રૂડા દ્વારા કાલાવડ રોડનાં એલ.આઈ.જી. પ્રકારનાં ૪૫ આવાસ ધારકોનાં ફ્લેટ રદ કરવામાં આવ્યા

## દસ્તાવેજ-ભાડાકરાર અંગે વારંવાર કહેવા છતાં કાર્યવાહી નહીં કરાતા તંત્રનું પગલું

રાજકોટ, તા.૭

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત એલઆઇજી પ્રકારના ટીપી-૧૦ એફપીઉ૨-એ (મોટામવા), આદર્શ અને શ્રી હાઉસિંગ કો.ઓ. સર્વિસ સોસાયટી, સરિતા વિહાર સોસાયટીની બાજુમાં, કાલાવડ રોડ, રાજકોટમાં આવાસો આવાસ ધારકોને ફાળવેલ છે. જેમના દ્વારા રૂડાના આવાસનો દસ્તાવેજ-ભાડાકરાર આજદિન સુધી કરાવેલ ન હોય. આ બાબતે લાભાર્થીઓને રૂડા કચેરીએથી વારંવાર નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ આજ દિન સુધી આવાસ ધારકો દ્વારા દસ્તાવેજ-ભાડાકરાર કરાવેલ નથી. આ બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવા ૪૫ આવાસ ધારકોના આવાસો રદ કરવા આવ્યા છે.

જે આવાસો રદ કરાયા છે તેમાં કેટેગરીઓમાં ફ્લેટ નં. ૧૦૫, ૧૨૦૨, બી-પ્રકારમાં ફ્લેટ નં. ૩૦૨, ૪૦૪, ૫૦૩, ૬૦૧, ૭૦૨, ૮૦૧, ૮૦૨, ૯૦૬, ૧૦૦૪, ૧૨૦૩, ૧૨૦૪ તેમજ સી પ્રકારમાં ફ્લેટ નં. ૯૦૧, ૧૧૦૨, ૧૧૦૬, ૧૪૦૩, ડી-માં ફ્લેટ નં. ૨૦૩, ૬૦૧, ૮૦૩, ૧૦૦૫, ૧૩૦૪ ઉપરાંત ઇ-પ્રકારમાં ફ્લેટ નં. ૫૦૫, ૮૦૧ એફ-પ્રકારમાં ફ્લેટ નં. ૪૦૨, ૫૦૬, ૬૦૫, ૯૦૨, ૧૧૦૯, ૧૨૦૨, ૧૨૦૫, ૧૪૦૩ અને જી-પ્રકારમાં ફ્લેટ નં. ૧૦૨, ૧૦૪, ૫૦૫, ૬૦૩, ૧૦૦૧, ૧૪૦૨, ૧૦૦૪ અને આઇ પ્રકારમાં ફ્લેટ નં. ૬૦૧ તથા ૧૨૦૪નો સમાવેશ થાય છે.

# ચોરીના ગુનામાં સંડોવાયેલા સોનુ, સન્ની પાસામાં ધકેલાયા

## માલવીયા નગર અને ભકિતનગર પોલીસે વોરંટની બજવણી કરી બંન્નેને ભાવનગર જેલહવાલે કર્યા





રાજકોટ,તા.૭

રાજકોટ મહાનગરમાં ચોરીઓનાં ગુનાઓમાં સંડોવાયેલ અમદાવાદનાં શખ્સને માલવીયાનગર પોલીસે પાસામાં ધકેલી જેલ હવાલે કર્યો છે. આવી જ રીતે ભકિતનગર પોલીસે પણ રાજકોટના શખ્સને પાસામાં ધકેલ્યો છે. પોલીસ કમિશ્નરની સુચના મુજબ માલવીયાનગર પોલીસે ચોરીઓના ગુનામાં સંડોવાયેલ ચંદ્રકાંત ઉર્ફે સોનું જેન્તીભાઈ પરમાર રે.નવખોલી છારાનગર અમદાવાદ વાળાની ચોરીના ત્રણ ગુનાઓમાં સંડોવણી ખુલતા તેમની વિરૂદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરે મોકલતા તેઓએ વોરંટ ઈસ્યુ કરતા વોરંટની બજવણી કરી ચંદ્રકાંત ઉર્ફે સોનુ પરમારની અટકાયત કરી ભાવનગર જેલ હવાલે કરેલ છે.

આ કામગીરી માલવિયાનગર પો.સ્ટે.પો.ઈન્સ જે.આર.દેસાઈ તથા પો.સબ.ઈન્સ. ડી.એસ.ગજેરા તથા પો.હેડ કોન્સ મહેશભાઈ રૂદાતલા શૈલેષભાઈ ખીહડીયા, દિનેશભાઈ બગડા પો.કોન્સ મનીષભાઈ સોઢીયા પીસીબીના ઈ.પો.ઈન્સ એમ.આર.ગોંડલીયા એ.એસ.આઈ રાજુભાઈ દહેકવાલ, પો.હેડકોન્સ ઈન્દ્રજીતસિંહ સિસોદીયા વિ.કરી હતી.જયારે ભકિતનગર પોલીસે ચોરીનાં ગુનામાં સંડોવાયેલ શન્ની શંકરભાઈ વરગોડીયા રે લોહાનગર હાલ નાણાવટી ચોક આવાસ યોજના કવાર્ટર રાજકોટ સામે પાસાની દરખાસ્ત મુકતા વોરંટ ઈસ્યુ થતા અટકાયત કરી ભાવનગર જેલ હવાલે કરેલ છે.

આ કામગીરી પોલીસ ઈન્સ.મયુરધ્વજસિંહ એમ સરવૈયા તથા પીસીબી આઈસી પો.ઈન્સ એમ.આર ગોંડલીયા તથા ભકિતનગર પો.સ્ટે.ના પો.સ.ઈ. એમ.એન.વસાવા તથા એ.એસ.આઈ. નિલેશભાઈ મકવાણા, ભરતભાઈ મારકણા, તથા પો.હેડ.કોન્સ.નરેન્દ્રભાઈ ગઢવી હીતેન્દ્રસિંહ ઝાલા, પ્રભાતભાઈ મૈયડ તથા પોલીસ કોન્સ નીખીલભાઈ પીરોજીયા, અરજણભાઈ પરમાર તથા હોમગાર્ડ હાર્દિકભાઈ પીપળીયા તથા પી.સી.બી.શાખાના પો.હે.કો.રાજુભાઈ દહેકવાલ ઈન્દ્રજીતસિંહ સીસોદીયાએ કરી હતી.

**ગેરકાયદે બાંધકામો અંગે આર્કિટેકટને પણ નોટીસ આપવા જીતુ કાટોળીયાની માંગણી**

# વોર્ડ નં.૯ના સેટેલાઇટ વિસ્તારના બગીચામાં સોસાયટીએ બારોબાર પોતાનો ગેટ મૂકી દીધો!

રાજકોટ, તા. ૭

મહાપાલિકામાં કોર્પોરેટરો અને અધિકારીઓને એક સાથે બેસાડીને પદાધિકારીઓએ ઝોનવાઇઝ મીટીંગ શરૂ કરી છે અને હવે દર મહિને રીવ્યુ પણ લેવાના છે ત્યારે વેસ્ટ ઝોનમાં કોર્પોરેટરોએ કરેલી અમુક ફરિયાદો ઉડીને આંખે વળગે તેવી બની છે. આ પૈકી વોર્ડ નં. ૯માં તો કોર્પો.ના બગીચામાં એક સોસાયટીએ પોતાનો ગેટ મુકી દેવા અંગે નગરસેવકે ધ્યાન દોરવું પડયું છે.

સાધુ વાસવાણી રોડથી પાટીદાર ચોક તરફ જતા સેટેલાઇટ વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાં મહાપાલિકાનો બગીચો છે. હવે આ ગાર્ડનની દિવાલને લાગુ એક સોસાયટી પડે છે. આ સોસાયટીમાં આવેલા એક એપાર્ટમેન્ટમાંથી સીધો ગાર્ડનમાં દરવાજો મુકી દેવામાં આવ્યો છે. આ ગાર્ડન પ્રાઇવેટ હોય તે રીતે ગેટ મુકાયો

**લોકોની અનેક ફરિયાદ છતાં તંત્રએ પગલા ન લેતા કોર્પોરેટરે અધિકારીઓનું ધ્યાન દોરવું પડયું**

હોય, વિસ્તારના લોકોએ કરેલી ફરિયાદ પરથી કોર્પોરેટર જીતુભાઇ કાટોળીયાએ મીટીંગમાં પ્રશ્ન મૂકયો હતો. જેનો તાત્કાલીક નિકાલ કરવા પદાધિકારીઓએ સૂચના આપી છે. આ ગાર્ડનમાં મહાપાલિકા તુરંત નવી દિવાલ બનાવે તેવું ધ્યાન દોરવામાં આવ્યું છે.

આ ઉપરાંત આ વોર્ડમાં ગેરકાયદે બાંધકામો અંગેની પણ અનેક ફરિયાદો હોવાનું ધ્યાન દોરવામાં આવ્યું છે. આવા બાંધકામો સામે પગલા લેવાની તો જરૂર છે જ, પરંતુ સાથોસાથ જરૂર જણાય તો આવા બાંધકામ પ્લાન મુકનારા આર્કિટેકટને પણ નોટીસ આપવા કહેવામાં આવ્યું છે. હવે આ દિશામાં કેટલી ઝડપથી કામગીરી થાય છે તે જોવાનું રહેશે. આ મીટીંગમાં કોર્પોરેટરો અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી મુકાતા કામ પણ ઝડપથી ન થતા હોવાની ફરિયાદ વેસ્ટ ઝોનના ઘણા નગરસેવકોએ કરી હતી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૪૦-૨૩૯૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૯૦-૨૪૪૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૫૦-૨૨૦૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૨૦૦-૨૨૫૦ |
| પામોલીયન તેલ | ૨૧૨૫-૨૧૩૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૫૦-૨૧૮૦ |
| સનફલાવર તેલ | ૨૧૦૦-૨૧૨૦ |
| મકાઇ તેલ | ૧૯૬૦-૧૯૮૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૨૦-૨૨૫૦ |
| કોપરેલ | ૩૪૩૦-૩૪૭૦ |
| દિવેલ | ૨૨૧૦-૨૨૨૦ |




**સોનુ-ચાંદી**

| | |
|---|---|
| સોનુ (૧૦ ગ્રામ) | ૮૭૪૦૦(+૨૫૦) |
| ચાંદી | ૯૮૧૫૦(+૭૫૦) |

મુંબઈમાં જૈનાચાર્ય પૂ.યુગભૂષણસૂરિજી મ.આદિની નિશ્રામાં

# વૈભવી જીવન જીવતા ચાર મુમુક્ષુઓનો પ્રવ્રજયા મહોત્સવ સંપન્નઃ વીરપ્રભુના માર્ગે પ્રયાણ






અમદાવાદ તા.૭

જીવનના ૨૪ વર્ષમાં આર્યન ઝવેરીએ યુ.એસ., યુ.કે. અને કેનેડા સહિત ૧૨ દેશોનો પ્રવાસ કર્યો અને તેના પિતા અને પરિવાર સાથે હંમેશા બીઝનેસ કલાસમાં ઉડાન ભરી છે. જેઓ દાયકાઓથી ફાર્માસ્યુટીકલ્સ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે.

તેવી જ રીતે ૧૮ વર્ષની વૃષ્ટિ બૌવાને ૨૦૦ સીસીથી ૧૨૦૦ સીસી સુધીની બાઈક પસંદ છે અને મુંબઈથી લોનાવલા સુધીની મુસાફરીનો આનંદ માણે છે જો કે આ બે યુવાનોને શું જોડે છે તે હકીકત એ છે કે શુક્રવારથી તેમના જીવનમાં પરિવર્તન આવવાનું છે.

મુંબઈના ઘાટકોપર-ચેમ્બુર વિસ્તારના ચાર યુવાન વ્યકિતઓ (ગુજરાતમાં વતન ધરાવતા) આજે મુંબઈમાં જૈનાચાર્ય પૂ. યુગભૂષણસૂરિજી મ.ની નિશ્રામાં પ્રવ્રજયા ગ્રહણ કરી છે.

આ ચાર યુવાન મુમુક્ષુઓ, જેઓ વૈભવી વસ્તુઓથી ઘેરાયેલા આરામદાયક જીવન જીવતા હતા તેઓ હવે તમામ સુખ વૈભવનો ત્યાગ કરીને વીર પ્રભુના પંથે પગલા માંડયા છે.

વૃષ્ટિ બૌવાએ ધોરણ ૧૨ પૂરૂ કરીને આધ્યાત્મિકતાને સ્વીકારવાનું નકકી કર્યુ. તેણીએ ગુરૂકુળ ખાતે લગભગ ચાર વર્ષ પસાર કર્યા હતા.

૧૮ વર્ષની ધૃતિ નાગડાએ ધો.૧૨ પૂર્ણ કર્યા પછી વૈરાગ્ય ભાવ જાગતા દીક્ષા ગ્રહણ કરી છે. તેના પરિવારમાં ૧૪ વર્ષ બાદ જન્મેલી દીકરી છે. તેમના પરિવારમાં દીક્ષા લેનારી પ્રથમ છોકરી છે.

ચારમાંથી સૌથી નાનો સોળ વર્ષનો યુવાન છે. આ ચારેય મુમુક્ષુઓએ આજે પ્રવ્રજયા ગ્રહણ કરીને આત્મ કલ્યાણનો માર્ગ સ્વીકાર્યો છે.

## IIMના પૂર્વ ડિરેક્ટર અનિલ ગુપ્તા લોક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે

ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે IIMના પૂર્વ ડિરેક્ટર અને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનના માર્ગદર્શક પ્રોફેસર અનિલ ગુપ્તા મુલાકાત લીધી હતી. તેઓએ વિદ્યાર્થિઓ સાથે સંવાદ કરીને, વિદ્યાર્થીઓનો આત્મ વિશ્વાસ વધાર્યો હતો,આ તકે માધાપર તાલુકા શાળાની ધોરણ ૮ ની વિદ્યાર્થીની કુમારી જીજ્ઞા વાઘેલા દ્વારા સંવાદ દરમિયાન ખૂબજ અગત્યની જરૂરિયાત કહી શકાય તેવી બાબત જણાવી હતી.

## પ્રણવાનંદ સંસ્કૃત ભવન ખાતે વ્યાખ્યાન અને ગુરૂપૂજન મહોત્સવ યોજાયો

સ્વામી પ્રણવાનંદજી સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટ ઉપક્રમે સ્વામી પ્રણવાનંદજીની જન્મ જયંતિ નિમિત્તે સોડશોપચાર પૂજન અને વ્યાખ્યાનનો કાર્યક્રમ માનનીય પ્રા.ડો. જે.જે. રાવલ પ્રમુખ ધી ઈંડિયન પ્લેનેટરી સોસાયટી મુબઈ ના પ્રમુખ સ્થાને યોજાઇ ગયો.ભાગવતાચાર્ય દીપભાઇ ત્રિવેદી આચાર્ય પદે અને યજમાન વિરલભાઇ મહેતા હતા.

## ઈન્ટર કલબ લોન ટેનીસ ટુર્નામેન્ટ માટે સિલેકશન

રાજકોટ,તા.૭

ગવર્નમેન્ટ ઓફીસર્સ જીમખાના દ્વારા ૩૯મી મેજર હાર્વે-એચજે ઈન્ટર કલબ લોન ટેનીશ ટુર્નામેન્ટ તા. ૨૦ -૦૨ - ૨૫ ને થી શરુ થશે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઇચ્છતી ટીમે તેની એન્ટ્રી તા.૧૬ -૦૨- ૨૫ સુધીમાં હાર્વે કલબ, ચૌધરી હાઇસ્કુલ મેદાન, બીએસએનલ ટાવર પાંસે મોકલી આપવાની રહેશે.

જિનશાસન પ્રભાવક આ.ભ.પૂ. શ્રી જયશેખરસૂરીજી મ. આદિની નિશ્રામાં

# આવતીકાલે નવગ્રહ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીમાં નવકાંતિક દેવોનું આગમન, વર્ષીદાનની વિનંતી

### રવિવારે પરમાત્માના દીક્ષા કલ્યાણકનો વરઘોડો, અંજન ઘુંટવાનું તથા અંજન વહોરાવવાનું મંગળ વિધાન : સોમવારે નુતન જિનાલયમાં જિનબિંબોની પ્રતિષ્ઠા, નૂતન ધ્વજદંડ કળશ સ્થાપના, અંજન વહોરાવવાનું મંગળ વિધાન : અષ્ટોતર બૃહદ શાંતિ સ્નાત્ર મહાવિધાન



રાજકોટ, તા. ૭

જિનશાસક પ્રભાવક આ.ભ.પૂ. જયશેખરસૂરીજી મ. આદિની નિશ્રામાં અવધ રોડ પર શ્રી નવગ્રહ જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ અનેરા ધર્મોલ્લાસ સાથે ઉજવાઇ રહ્યો છે.

આજે તા.૭ના નુતન જિનાલયમાં પ્રભુ જન્મની પ્રિયંવદાદાસી દ્વારા વધામણી, ફઇ-ફુઆનું આગમન, નામકરણ વિધાન, પારણું, હાલરડું, ફઇબા દ્વારા નામકરણ વિધાન, પાઠ શાળાગમન, વિદ્યાદાતા રાજપંડિતનું શંકા નિવારણ સહિતની પ્રસંગો ઉજવવામાં આવેલ હતા. બપોરના નૂતન જિનાલયમાં નૂતન જિનબિંબો ઉપર ૧૮ અભિષેક મંગળ વિધાન કરવામાં આવેલ હતા.

કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ નાં આંગણે પૂ. આ.ભ.શ્રીમદ જયશેખરસૂરીશ્વરજી મ.સા.નાં સાનિધ્યમાં જયાનંદ ધામ નવગ્રહ જિનાલય નાં પ્રતિષ્ઠા તથા મહોત્સવના ભાગરૂપે આવતીકાલ તા.૮ના શનિવારે નૂતન જિનાલયમાં લગ્ન મહોત્સવ, મામેરૂ, રાજ્યાભિષેક, મહોત્સવ મંત્ર વિધાન વિનીતા નગરીમાં ભગવાનના મામા-મામી મામેરૂ સાથે આગમન, ભગવાનના સાસુ-સસરાનું આગમન, બાદશાહી સ્વાગત વેવાઈ-વેવાણોનું વિશિષ્ટ મિલન, પરમાત્માનો શાહી લગ્નોત્સવ, પરમાત્માનો રાજ્યાભિષેક, રાજયારોપણ, પરમાત્માની બહેન રાજકન્યા, રાજકુમારી દ્વારા રાજતિલક, રાજયશાસન ઉદઘોષણા નગરશેઠજી, મહામંત્રીજી, સેનાપતિજી, નાણા મંત્રી વિગેરેની સોગંધ વિધિ, નવકાંતિક દેવનું આગમન પરમાત્માને દીક્ષા તથા વર્ષીદાન માટે વિનંતી થશે.

સંપૂર્ણ દિવસના સ્વામી વાત્સલ્યના લાભાર્થી લીલાવંતીબેન વસંતલાલ શાહ(મોટાણી) પરિવાર, પ્રદિપ-ભાવના,જયેશ-વર્ષા,કિર્તી-જયોતિ, કેોશિક-ડોલી, મૌલિક-પંકિતા, યશ-અંકિતા,નિલય-પલક, ઈશા-હિનલ-હર્ષિત-મિશીકા-સમર વગેરે.


તા.૯ના રવિવારે નૂતન જિનાલયમાં દીક્ષા કલ્યાણક વિધાન, દીક્ષા કલ્યાણકનો વરઘોડો વિનીતા નગરીમાં માતા-પિતા રાજકુમારી, કુલમહતરા દવારા હૃદયવેધક ઉદબોધન, પરમાત્માની દીક્ષા વિધિ, અંજન ઘૂંટવાનું તથા અંજન વહોરાવવાનું મંગળ વિધાન, મધ્ય રાત્રે શુભ મુહુર્તે અધિવાસના વિધાન, શુભ લગ્ને શુભ નવ માસે શ્રી આદિનાથ પરમાત્મા આદિ જિનબિંબોની અંજનશલાકા પ્રાણ પ્રતિષ્ઠા મંગળ વિધાન તથા સંપૂર્ણ દિવસનાં લાભાર્થી (ગોંડલ) મુંબઈ - સાયન નિવાસી નિર્મળાબેન જટાશંકર પારેખ, નિનાબેન બકુલભાઈ પારેખ, અંકિતા રોનિત પારેખ, શ્વેતા ધ્રુવ શાહ, પૂનમ રાજેશભાઈ, રીટા કમલેશભાઈ, કલ્પના રાજેશભાઈ, સુમન વગેરે.

તા. ૧૦/૨/૨૫ સોમવારના પ્રતિષ્ઠા દિવસ સવારે અંજન થયેલ પ્રતિમાજીઓના શ્રી સકળ સંઘને પ્રથમ દર્શન, સમવસરણ ધર્મદેશના, નિર્વાણકલ્યાણકના ૧૦૮ અભિષેક મંગળ વિધાન, શુભ નવ માસે શુભ લગ્ને જિનાલયમાં ઓમ પુણ્યાહં ના નાદ સાથે પ્રભુજીની જાજરમાન પ્રતિષ્ઠા મહોત્સવ, નૂતન ધ્વજદંડ કળશ સ્થાપના, બપોરે નૂતન જિનાલયમાં અષ્ટોતર બૃહદ શાંતિ સ્નાત્ર મહાવિધાન થશે જેમાં લાભાર્થી વસંતબેન રતિલાલ શાહ પરિવાર હઃ નિતેશભાઈ-પન્નાબેન, કશ્યપ, પુનમ, આગમ, સંપૂર્ણ દિવસના સ્વામીવાત્સલ્યના લાભાર્થી સાકરબેન વેજાભાઈ સામતભાઈ રાવલીયા કુ. સાનવી, કુ જસ્વી, કુ. નિહારીકા, શ્રીમતી ભૂમિબેન સચીનભાઈ ખંધાર (યુ.એસ.એ), વિવાન ખંધાર, આલીશા ખંધાર એ લાભ લીધેલ છે. તેમ કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ-રાજકોટના મહેશભાઈમણીયાર(૯૪૨૭૭૨૦૩૩૧), વિપુલભાઈ દોશી (મો. ૯૨૨૮૭૬૫૬૮૮), નિતેશભાઈ શાહ (૯૪૨૬૨૨૦૨૧૬)એ જણાવેલ છે.

## ચશ્મા વિતરણ કેન્દ્ર

રાજકોટ,તા.૭

આર.કે જૈન ફાઉન્ડેશન તરફથી સેવા અર્થે ૫૦ કે તેથી વધુ ઉંમરના સિનિયર સિટીઝન માટે નજીકના વાંચવાના ચશ્મા ટોકન દરે ગૌતમ કોમર્શિયલ સેન્ટર, ઓફિસ નં. ૨૦૮, બોમ્બે હોટલની સામે, ગોંડલ રોડ, રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ દરમ્યાન આપવામાં આવે છે.







રતનપરમાં આ. શ્રી ધર્મધ્વજસૂરી મ. આદિની પાવન નિશ્રામાં

# શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયનો ઉજવાતો પ્રતિષ્ઠા મહોત્સવ : સોમવારે પ્રતિષ્ઠા, મંગળવારે દ્વારોદ્‌ઘાટન

રાજકોટ, તા. ૭

રાજકોટ-મોરબી રોડ પર રતનપરમાં શાસન સમ્રાટમાં આ. નેમિસૂરી સમુદાયનાં આચાર્ય ભગવંત પૂ. ધર્મધ્વજસૂરીજી મ. તથા સાધ્વીરત્ના પૂ. અતુલયશાશ્રીજી મ. આદિની નિશ્રામાં નૂતન જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ રહ્યો છે.

નૂતન જિનાલયમાં મુળનાયક તરીકે શ્રી ચંદ્રપ્રભુ પરમાત્મા બિરાજમાન થશે. આ સિવાય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ પ્રતિમાજીઓ બિરાજમાન થશે. ગુરૂ મંદિરમાં શ્રી ગૌતમ સ્વામી, શ્રી નેમિસૂરીજી મ., પૂ. અમૃતસૂરીજી મ., પૂ. ધર્મધુરંધરસૂરીજી મ., પૂ. ઉપકારી લબ્ધિસૂરીજી, પૂ. યશોદેવસૂરીજી, પૂ. અમીવિજયજી વગેરેની પ્રતિમાઓની પ્રતિષ્ઠા થશે. તે સિવાય દેવ-દેવીઓની પ્રતિષ્ઠા થનાર છે.શ્રી અરિહંત ગૌતમ નેમિ પુણ્ય ધુરંધર ફાઉન્ડેશનના યોગેશભાઇ સંઘવીએ જણાવેલ છે કે જિનાલય ઉપરાંત અહીં સાધુ, સાધ્વીજી ભગવંતોના ઉપાશ્રય બનાવવામાં આવેલા છે. રાજકોટથી કચ્છ તરફ જતા આવતા સાધુ-સાધ્વીજી માટે રતનપર જિનાલયના ઉપાશ્રયો રોકાણ માટે લાભદાયી બની રહેશે.આ.ભ.પૂ. ધર્મધ્વજસૂરીજી મ. આદિની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી ચાલી રહી છે. તા. ૧૦મીના પ્રતિષ્ઠા થશે તથા તા. ૧૧ના દ્વારોદ્‌ઘાટન શુભમુહૂર્તે કરવામાં આવશે. આ પ્રસંગે અમેરિકા, દુબઇ લંડન તેમજ મોરબીથી આમંત્રિતો આવેલા છે.




# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટ આયોજિત એસ.એફ.એસ એજયુ એકસ્પો ભવ્ય સફળતાપૂર્વક સંપન્ન

રાજકોટ,તા.૭

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટ દ્વારા તા. ૦૧ થી ૦૫ ફેબ્રુઆરી દરમ્યાન આયોજિત શૈક્ષણિક જગતના મહાકુંભ એસ.એફ.એસ એજ્યુ એકસપો ખરા અર્થમાં ભારતનો સૌથી વિશાળ શૈક્ષણિક મહાકુંભ બની ગયો હતો. આ પાંચ દિવસ દરમિયાન સમગ્ર રાજકોટ અને સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને આમ જનતા મળીને કુલ ચાર લાખથી વધારે મુલાકાતીઓએ આ એજયુ એકસ્પોનો લાભ લીધો હતો. આ એકસ્પોમાં યોજાયેલ જુદી જુદી સ્પર્ધાઓ, સેમીનાર, વર્કશોપ, પેનલ શોપ, એકસપર્ટ સેશન વગેરેમાં ૪૦,૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો એ ભાગ લઈ અને પોતાના જ્ઞાન અને કૌશલ્યમાં અભિવૃદ્ધિ કરી હતી.

## હેપ્પી બર્થ ડે માહીર



દસાડીયા પરિવારના લાડકવાયા માહીરનો આજે જન્મદિવસ છે. તે ૨ વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. લાડકવાયા માહીરના જન્મદિવસ નિમિત્તે પપ્પા ભાર્ગવભાઈ, મમ્મી ધારાબેન, મોટા પપ્પા આનંદભાઈ, કાકા જતીનભાઈ, દાદા ભાવેશભાઈ, દાદી ધર્મિષ્ઠાબેન અને ફઈ રશ્મિતાબેન તેમજ સમગ્ર દસાડીયા પરિવાર આર્શિવાદ વરસાવી રહ્યા છે.માહીરના જન્મ દિવસ નિમિતે ગરીબ પરીવારના આલકોને બટુક ભોજન તથા ગૌ માતાને ઘાસચારો આપેલ છે.

બ્રહ્મસમાજની વિરાટ સંસ્થા દુર્ગાધામ દ્વારા

# રવિવારે સનાતનનો શંખનાદઃ કલા, મીડિયા અને વ્યવસાયિક ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કાર્ય કરનારનું સન્માન તથા પરિચય મેળો યોજાશે

### ૧૧ દેશો અને ૧૩ પ્રદેશોના બ્રાહ્મણ પરિવારોનું પ્રથમ સંમેલન તેમજ સ્થળ પર ૨૦૦ મીટીંગનું આયોજન

રાજકોટ, તા.૭

બ્રહ્મસમાજની વિરાટ સંસ્થા દુર્ગાધામ દ્વારા તા.૯ ને રવિવારે સનાતનનો શંખનાદ, કલા, મીડિયા અને વ્યવસાયિક ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કાર્ય કરતા મહાનુભાવોનું સન્માન તથા પરિચય મેળાનું આયોજન ગોરાણી કલબ એન્ડ રિસોર્ટ ભામસરા-કાણોતર રોડ, તા. બાવળા, જિ. અમદાવાદ ખાતે સવારે ૯ વાગ્યાથી કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ૧૦ જેટલા ધારાસભ્યો, ૧૦૦ જેટલી જ્ઞાતિઓના પ્રતિનિધિઓ સહિત સમાજના વિવિધ વર્ગોના પ્રતિનિધિઓ, ધાર્મિક નેતાઓ, સામાજિક કાર્યકરો અને યુવાનો. ગુજરાતનાં ઈતિહાસમાં પ્રથમવાર અંદાજીત ૧૦૦ જેટલી જ્ઞાતિ અને અંદાજિત ૧૫ હજાર જેટલા ભુદેવો ઉપસ્થિત રહેશે. સનાતનનો શંખનાદ કાર્યક્રમનો હેતુ સનાતન ધર્મના સિદ્ધાંતો, જ્ઞાતિ સંસ્કાર અને પરંપરાગત મૂલ્યો મજબૂત બનાવવાનો છે. રામમંદિર નિર્માણ, ત્રણ તલ્લાકનો નિર્ણય, વકફ બોર્ડમાં સંશોધન, ૩૭૦ કલમથી કાશ્મીરમાં મુકિત મુદ્દે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા ગૃહમંત્રી અમિતભાઈ શાહને અભિનંદન આપવા ધન્યવાદ પ્રસ્તાવ પણ આ પ્રસંગે રજૂ કરાશે. આ ઉપરાંત દીકરીનાં લગ્નની ઉંમર ૧૮ ને બદલે ૨૧ વર્ષ કરવા અંગે ચર્ચા કરીને ઠરાવ મૂકવામાં આવશે. આંતરજાતીય લગ્ન અટકાવવા માટે જ્ઞાતિસંસ્કાર યજ્ઞના આયોજન માટેની પણ આ પ્રસંગે ચર્ચા કરાશે.

આ કાર્યક્રમમાં સરકારને ત્રણ મુદ્દા ઊપર વિચારણા કરવા અપીલ કરવામાં આવશે. હિન્દુઓની દિકરીને વિધર્મીઓ ફસાવી રહ્યા છે ત્યારે ''સધર્મી લગ્ન કાનુન'' લાવવો અત્યંત જરૂરી છે. લગ્ન તેમજ છૂટાછેડાની બાબતમાં ઘણીવાર ચીતિંગ થતી હોય છે, આ માટે ઓનલાઇન ડેટા સાર્વજનિક કરવા પોર્ટલ બનાવવામાં આવે તેવી માંગણી છે. સંસ્થા દ્વારા ''પરિચયથી પરિણય'' પસંદગી મેળાનું પણ આયોજન કરાયું છે. ૧૧ દેશો અને ૧૩ પ્રદેશોના બ્રાહ્મણ પરિવારોનું પ્રથમ સંમેલન તેમજ સ્થળ પર ૨૦૦ મિટિંગ નું પણ આયોજન કરાયું છે.

## કાલે જયાએકાદશીઃ મહત્વ પૂજન

રાજકોટ,તા.૭

આવતીકાલે મહા સુદ અગિયારસને શનીવાર તા.૮ના જયા એકાદશી છે.

જયા એકાદશીનું પૂજન : જયા એકાદશીના દિવસે સવારના વહેલા ઉઠી નિત્ય કર્મ કરી નિત્ય પૂજા કરી અને એક બાજોટ અથવા પાટલા ઉપર સફેદ અથવા પીળું વસ્ત્ર પાથરી તેના ઉપર સવા મુઠી ચોખાની ઢગલી કરી વિષ્ણુ ભગવાનની છબી અથવા તો શ્રીકૃષ્ણ ભગવાનને રાખી બાજુમાં ચોખા ઘીનો દીવો કરો, અગરબત્તી કરવી, ઘરમાં શાલીગ્રામ હોય તો તે પણ રાખવા સાથે અને ચાંદલો ચોખ્ખા કરી તુલસી દલ અર્પણ કરવું. ભગવાનને નાડાછડીનું વસ્ત્ર અર્પણ કરવું. ભગવાનની છબી ઉપર અથવા શ્રીકૃષ્ણ ભગવાન ઉપર અને શાલીગ્રામ ઉપર અબિલ, ગુલાલ, કંકુ પધરાવા. અગરબત્તીનો ધૂપ આપી નૈવેદ્યમાં શેરડીને કટકા કરી અને ખાસ ધરાવા સાથે મોતીચૂરના લાડવા પણ ધરી શકાય છે. ત્યારબાદ ઓમ નમો ભગવતે વાસુદેવાયમંત્રની એક અથવા ત્રણ માળા કરવી એકાદશીની કથા વાંચવી. આખો દિવસ ઉપવાસ અથવા એકટાણું રહેવું. બપોરના નિંદ્રાનો ત્યાગ કરવો રાત્રિના ૧૨ વાગ્યા સુધીનો જાગરણ કરવું.

જયા એકાદશીના વ્રતનું ફળ : આવી રીતના જયા એકાદશીનું વ્રત પૂજન કરવાથી જીવનની મુસીબતોમાંથી મુક્તિ મળે છે. જે પતિ-પત્નીને ભડતું ન હોય તો આ એકાદશીનો વ્રત કરવાથી પતિ-પત્ની વચ્ચેના સંબંધ સારા થશે. તે ઉપરાંત જીવનમાં કોઈપણ બાધા હોય તે પણ દૂર થાય છે.

**જયા એકાદશીનો બોધ : કોઈ દિવસ**

વડીલજનોનું ગુરૂજનોનું અપમાન કરવું નહીં. જીવનમાં નિયમમાં રહેવું તથા કોઈપણ ભૂલ થઈ ગઈ હોય તો તેનો પ્રાયશ્ચિત કરવું જેનાથી આપના જીવનની દરેક બાધાઓ દૂર થશે. આ દિવસે ભગવાનને શેરડી ધરાવાનું મહત્વ ખાસ છે.

**જ્યોતિષી રાજદીપ જોશી**

# ૧૨ ફેબ્રુઆરીએ સૂર્ય કુંભ રાશિમાં ગોચર કરશે



નવી દિલ્હી: જ્યોતિષ મુજબ, સૂર્યને ગ્રહોનો રાજા કહેવામાં આવે છે. સૂર્યને આત્મા, પિતા, પદ અને ભાગ્યનો પરિબળ માનવામાં આવે છે. જે રાશિને સૂર્યનાં આશીર્વાદ મળે છે તેઓ હંમેશાં જીવનમાં પ્રગતિ કરે છે. નોકરી કરતાં લોકોને ઉચ્ચ દરજ્જો મળે છે, જ્યારે વેપારી વર્ગોને પણ નફો મળે છે. ૧૨ ફેબ્રુઆરીએ, સૂર્ય શનિ દેવની રાશિમાં ગોચર કરી રહ્યાં છે. ૧૨ ફેબ્રુઆરીનાં રોજ સૂર્ય રાત્રે ૯ : ૪૦ વાગ્યે શનિની રાશિ કુંભમાં ગોચર કરશે. આ ગોચરથી સિંહ સહિત અન્ય રાશિને ફાયદો થશે. આવો, જાણો કે કુંભ રાશિમાં સૂર્યનાં ગોચરથી કઈ રાશિના જાતકોને ફાયદો થશે.

### મેષ રાશિની આવકમાં વધારો થશે

સૂર્યનાં મેષ રાશિના અગિયારમા ઘરમાં ગોચર દરમિયાન જીવનનાં વિવિધ પાસાઓ પર સકારાત્મક અસર પડશે. આ ગોચરથી મેષ રાશિના જાતકોની પ્રગતિ, નાણાકીય લાભ અને વધુ સારા સંબંધો બંધાશે. સૂર્ય તમારાં પાંચમાં ઘરનો સ્વામી છે, તેથી આ ગોચર તમારાં માટે વિશેષ મહત્વ ધરાવે છે. આ ગોચર દરમિયાન, તમને નવી તકો મળશે અને તમે પ્રગતિ કરશો. તમારાં મિત્રો અને સાથીદારો તમને ટેકો આપશે. રોજગાર કરનારા લોકોને તેમનાં વરિષ્ઠ અધિકારીઓનો સાથ મળશે. તમારા કામની પ્રશંસા કરવામાં આવશે. તમારાં ભાગીદારોને ટેકો મળશે અને વ્યવસાયમાં નફો વધશે. તમારી આવક વધશે અને નાણાકીય સ્થિતિ મજબૂત થશે. નસીબને ટેકો આપવામાં આવશે અને સંપત્તિ અને ધન લાભ થશે.

### મિથુન રાશિના જાતકોને નવી નોકરીની તકો મળશે

સૂર્યનાં ગોચરથી મિથુન રાશિના જાતકો ઘણાં વિસ્તારોમાં પરિવર્તન જોશે. આ ગોચર આધ્યાત્મિક યાત્રાઓ, કારકિર્દીમાં નવી તકો, વ્યવસાયમાં નફો અને વ્યક્તિગત જીવનમાં પ્રેમમાં વધારો સૂચવે છે. આ ઉપરાંત, આરોગ્યમાં પણ સુધારો થવાની સંભાવના છે. સૂર્ય આધ્યાત્મિકતા તરફનાં વલણમાં વધારો કરશે. લાંબી ધાર્મિક સફર શક્ય છે. આ મુલાકાતો તમને આધ્યાત્મિક શાંતિ આપશે. તમારા બાળકોની પ્રગતિ તમને ખુશી આપશે. તમને તેમની સિદ્ધિઓ પર ગર્વ થશે. મિથુન રાશિના જાતકો માટે રોજગારની નવી તકો ખુલશે. નવી નોકરી મળી શકે છે અથવા વર્તમાન નોકરી પ્રગતિ કરી શકે છે. આ તમને સંતોષ અને સિદ્ધિની અનુભૂતિ કરાવશે.

### સિંહ રાશિના જાતકોને નવી નોકરીની તકો મળશે

કુંભ રાશિમાં સૂર્યનાં પ્રવેશ સાથે, સિંહ રાશિના જાતકોને ઘણાં સારા સમાચાર મળશે. આ ગોચર તેમનાં સાતમા ઘરમાં હશે, જે સંબંધો અને ભાગીદારીનું ઘર છે. આ નવાં મિત્રો બનાવશે અને સંબંધોને મજબૂત બનાવશે. નોકરીમાં નવી અને સારી તકો મળશે. શેરબજાર વેપારીઓ માટે ફાયદાકારક રહેશે. પૈસા લાભો સંતોષ અને બચત કરશે. આરોગ્ય સારું રહેશે અને સકારાત્મક ઉર્જા મળશે. સૂર્ય સિંહ રાશિનો સ્વામી છે. કુંભ રાશિમાં તેનાં ગોચર સિંહ રાશિના માટે ઘણાં ફેરફારો લાવશે. સૌથી વધુ અસર સંબંધો પર થશે. સાતમું ઘર સંબંધો, ભાગીદારી અને વૈવાહિક જીવનનું પ્રતિનિધિત્વ કરે છે. આ સમય દરમિયાન, નવાં લોકો મળશે અને વર્તમાન સંબંધ વધુ સારા થશે.

### કન્યા રાશિના જાતકોને વેપારમાં પૈસા મળશે

કુંભ રાશિમાં સૂર્યનાં ગોચરથી તમારાં જીવનમાં ઘણાં સકારાત્મક ફેરફારો થશે. કારકિર્દીમાં નવી તકો, આર્થિક લાભો, આધ્યાત્મિક યાત્રા, આ ગોચર તમારાં માટે શુભ રહેશે. પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે અને આરોગ્ય પણ સારું રહેશે. આ ગોચર દરમિયાન, આધ્યાત્મિક સફર માટેની તમારી ઇચ્છા વધી શકે છે. લાંબી સફર તમને આધ્યાત્મિક સંતોષ આપશે. તમે બાળકો તરફથી સારા સમાચાર પણ મેળવી શકો છો. તમારૂં મન તેમની પ્રગતિ અને સિદ્ધિઓથી ખુશ થશે.

### તુલા રાશિના જાતકોને વિદેશ જવાની તક મળશે

સૂર્યનાં કુંભ રાશિમાં ગોચરથી તમારાં જીવનનાં વિવિધ પાસાઓને અસર થશે. સૌ પ્રથમ, તમને વિદેશ જવાની તક મળી શકે છે, આધ્યાત્મિક પ્રગતિની સાથે કારકિર્દીમાં નવી તકો મળશે. આર્થિક પરિસ્થિતિ મજબૂત રહેશે અને પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે. આ સમય તમારાં માટે ખૂબ સકારાત્મક રહેશે અને તમને જીવનનાં દરેક ક્ષેત્રમાં સફળતા મળશે. આ સમય દરમિયાન તમારે તમારી ક્ષમતાઓ પર વિશ્વાસ કરવો પડશે અને આગળ વધવું પડશે. નોકરીમાં પ્રગતિની નવા માર્ગ ખુલશે અને વ્યવસાયમાં નફો થશે. જીવનસાથી સાથેનાં સંબંધો વધ સારા થશે.

### સિંહ રાશિ સહિત અન્ય પાંચ રાશિના જાતકોને થશે ફાયદો

"કૌન બનેગા કરોડપતિ" શોમાં દર્શક તરીકે હાજર રહેતો માણેક પરિવાર

# અમિતાભ બચ્ચનએ રાજકોટના પૂજાબેન માણેક દ્વારા તૈયાર કરેલ કસ્ટમાઈઝડ ફોટો ચોકલેટની કલાને બિરદાવી

### પૂજાબેન માણેકએ અમિતાભ બચ્ચનની ફોટો ચોકલેટને શો દરમ્યાન સુપરસ્ટારને ગિફ્ટમાં આપી



રાજકોટ, તા.૭

સુપ્રસિધ્ધ કિવઝ શો ''કૌન બનેગા કરોડપતિ'' માં રાજકોટ ના પૂજાબેન માણેક દ્વારા બનાવેલ અમિતાભ બચ્ચનની ફોટો ચોકલેટને સુપરસ્ટાર અમિતાભ બચ્ચનએ પૂજાબેનની કલા ને બિરદાવી શુભેચ્છા પાઠવી છે. હાલ માં ''કૌન બનેગા કરોડપતિ'' માં રાજકોટ ના એક પરીવારએ દર્શક તરીકે ભાગ લીધેલ.

જેમાં સમગ્ર રાજકોટમાં એકમાત્ર કસ્ટમાઈઝડ ફોટો ચોકલેટ બનાવતા પૂજાબેન જયદીપભાઈ માણેક પાસે અમિતાભ બચ્ચનની ફોટો ચોકલેટ બનાવડાવી તે અમીતાભ બચ્ચનને શો દરમ્યાન ગિફ્ટ આપેલ. જે અમિતાભ બચ્ચનને ખૂબ જ પસંદ આવેલ તેમજ તેમણે આ સુંદર ફોટો ચોકલેટ બનાવવા બદલ પૂજાબેનની પ્રસંશા કરી અને આ ભેટ સહજભાવે સ્વીકારી હતી. તદપરાંત તે પરિવાર સાથે સેલ્ફી લઈ સન્માનિત કરેલ. પૂજાબેન માણેક રાજકોટના વિખ્યાત શિવ સ્ટુડિયોના સંચાલક ભાવિનભાઈ ખખરના મોટાબેન છે તેમજ હાલમાં વીરપુર જલારામ મંદિર આયોજિત પૂ.મોરારી બાપુની શ્રી રામ કથામાં આરતીની થાળી બનાવવાનું શુભ કાર્ય જલારામ મંદિર દ્વારા પૂજાબેનને જ સોંપવામાં આવ્યું હતું. પૂજાબેન માણેક કસ્ટમાઈઝડ ફોટો ચોકલેટ તથા અન્ય અનેક અવનવી કલા જેમ કે, શ્રીનાથજી બાવાની ધજાનો શણગાર, લગ્નની છાબ ડેકોરેશન, કસ્ટમાઈઝડ રાખડી, દિવાળી ડેકોરેશન જેવી અનેક હેંડીક્રાફ્ટ વેરાયટી બનાવે છે.

આ સાથોસાથ બાળકો અને ગૃહિણીઓની અનેક સ્પર્ધાઓમાં લેખિકા કાજલ ઓઝા સાથે નિર્ણાયકની ભૂમિકા ભજવી દરેક ગૃહિણી માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. લોહાણા સમાજના ગૌરવસમાં દીકરી પૂજાબેન માણેકને ચોમેરથી શુભેચ્છા વરસી રહી છે.



# આઈ શ્રી પરચાવાળી ખોડીયાર માતાજીની જન્મ જયંતિ મહોત્સવની ઉજવણી

આઇ શ્રી પરચાવાળી ખોડીયાર મંદિર ગોપાલનગર-૧ ખાતે કમલભાઈ કંટારીયા તથા ખોડીયાર મંડળ દ્વારા તા.૫-૨-૨૦૨૫ ને બુધવાર ના રોજ ધામધૂમથી ઉજવાયો હતો. તેમાં દરેક લતાવાસીઓ તથા શહેરીજનોએ બહોળા પ્રમાણમાં મહાપ્રસાદનો લાભ લીધેલ અને મહાઆરતીમાં મઢડા ધામ (સોનલધામ) ના આઇ માં કંચનમા એ ખાસ હાજરી આપેલ અને ભકતોને આશીર્વાદ આપેલ. આ ધાર્મિક પાવન કાર્યમાં કમલભાઇ, હેમાંશુભાઇ તથા ખોડીયાર મંડળે જહેમત ઉઠાવી હતી.

# રવિવારથી ત્રણ દિવસ ઉજવાશે અંબાજી ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવઃ લાખો માંઈભકતો ઉમટી પડશે


**૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવ અંતર્ગત પ્રથમ દિવસે પાલખીયાત્રા, ઘંટીયાત્રા, ધજા યાત્રા, બીજા દિવસે પાદુકાયાત્રા, ચામરયાત્રા, રાત્રે પરિક્રમા દર્શન સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો, ત્રીજા અને અંતિમ દિવસે પાલખીયાત્રા, મશાલ યાત્રા તથા ત્રિશૂલ યાત્રાઃશકિતપીઠ પરિસરમાં શકિત યજ્ઞ, મંત્રોત્સવ, ફ્રોન દ્વારા પુષ્પવર્ષા, ભજન સત્સંગ વગેરે યોજાશે**

રાજકોટ,તા.૭

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભની વચ્ચે ગુજરાતમાં પણ આવું જ ભવ્ય સંમેલન થવાનું છે. બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં સ્થિત અંબાજી શકિતપીઠ ખાતે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ લાખો ભક્તોનાં સાક્ષી બનશે, જે ૫૧ શક્તિપીઠોમાંનું એક છે.








ત્રણ દિવસીય ૫૧મા શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પ્રારંભ ૯ ફેબ્રુઆરીથી ગુજરાતના શ્રી આરાસુરી અંબાજી માતા મંદિર ખાતે થશે, જે ભારતભરમાં તીર્થસ્થળ તરીકે પ્રખ્યાત છે. ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ ત્રણ દિવસીય મહોત્સવમાં લાખો ભક્તો ઉમટી પડે તેવી અપેક્ષા છે. આ પરિક્રમા મહોત્સવની પરંપરા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ વર્ષે પણ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (GPYVB) અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૫૧મા શક્તિપીઠ પરિક્રમા મહોત્સવની તમામ તૈયારીઓ કરવામાં આવી છે.

માતા પાર્વતીના ૫૧ શકિતપીઠોમાંથી એક અંબાજી શક્તિપીઠમાં આવતા ભક્તોને અંબાજી સહિત તમામ શક્તિપીઠોના દર્શન કરવાની તક મળશે. ૨૦૦૪માં, તત્કાલીન મુખ્યમંત્રી મોદીએ અંબાજી ખાતે મા પાર્વતીના તમામ શક્તિપીઠોની પ્રતિકૃતિઓની સ્થાપનાની કલ્પના કરી હતી. તેમણે પોતે આ ૫૧ શક્તિપીઠોનો શિલાન્યાસ સમારોહ કર્યો હતો, અને આ કાર્ય ૨૦૧૪માં પૂર્ણ થયું હતું. વર્ષ ૨૦૨૨થી, રાજ્ય સરકાર, GPYVB અને જિલ્લા વહીવટીતંત્રે સંયુક્ત રીતે રાજ્યસ્તરીય પરિક્રમા મહોત્સવની ઉજવણી શરૂ કરી છે.

૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં ભક્તોની સંખ્યા દર વર્ષે સતત વધી રહી છે. ગયા વર્ષે, ઉત્સવ દરમિયાન લગભગ ૧૩ લાખ ૧૫ હજાર ભક્તોએ ૫૧ શક્તિપીઠની પરિક્રમા કરી હતી, જ્યારે આ વર્ષે, આ સંખ્યા ૧૫ લાખને પાર કરે તેવી શક્યતા છે.

**૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવ ૨૦૨૫ કાર્યક્રમો**

૫૧મી શકિતપીઠ પરિક્રમા મહોત્સવના પ્રથમ દિવસે, ૯ ફેબ્રુઆરીએ, પાલખી યાત્રા, ઘંટી યાત્રા અને ધજા યાત્રા કાઢવામાં આવશે. આ ઉપરાંત, વિવિધ ધાર્મિક સંસ્થાઓના નેતાઓ/ધાર્મિક નેતાઓના આશીર્વાદ, શકિતપીઠ પરિસરમાં શક્તિ યજ્ઞ, ભજન મંડળો દ્વારા ભજન સત્સંગ, આનંદના ગરબા, વિવિધ મંડળો દ્વારા પરિક્રમા યાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને વન, પોલીસ, આરોગ્ય વગેરે વિભાગો દ્વારા યાત્રાઓ જેવા કાર્યક્રમો યોજાશે.

બીજા દિવસે, ૧૦ ફેબ્રુઆરીએ, પાલખી યાત્રા, પાદુકા યાત્રા અને ચામાર યાત્રા કાઢવામાં આવશે. આ સમય દરમિયાન, વિવિધ ધાર્મિક સંસ્થાઓના નેતાઓ/ધાર્મિક નેતાઓના આશીર્વાદ, સતત આનંદના ગરબા, શકિતપીઠ પરિસરમાં શક્તિ યજ્ઞ, ભજન મંડળો દ્વારા ભજન સત્સંગ, વિવિધ મંડળો અને સોસાયટીઓ દ્વારા પરિક્રમા યાત્રા, રાત્રિ પરિક્રમા દર્શન સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

૧૧ ફેબ્રુઆરીએ પાલખી યાત્રા, મશાલ યાત્રા, જ્યોત યાત્રા અને ત્રિશૂલ યાત્રાનું આયોજન કરવામાં આવશે. ત્રીજા દિવસે વિવિધ ધાર્મિક સંસ્થાઓના નેતાઓ/ધાર્મિક નેતાઓના આશીર્વાદ, શકિતપીઠ પરિસરમાં શકિત યજ્ઞ, મંત્રોત્સવ, ડ્રોન દ્વારા પુષ્પવર્ષા, ભજન મંડળો દ્વારા ભજન સત્સંગ, વિવિધ મંડળો દ્વારા પરિક્રમા યાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મધ્યરાત્રિ ૧૨ વાગ્યે ગબ્બરના શિખર પર આરતીનું આયોજન કરવામાં આવશે.

**એક જ જગ્યાએ, એક જ જીવનમાં બધા શક્તિપીઠોના દર્શન :**

ગુજરાત પવિત્ર યાત્રા ધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ શ્રી રમેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે દર વર્ષે મહા સુદ ૧૨ થી મહા સુદ ૧૪ દરમિયાન અંબાજી ખાતે ૫૧મો શકિતપીઠ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને તારીખ મુજબ આ વર્ષે આ મહોત્સવ ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવમાં આવતા ભક્તો માટે GPYVB અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રે મફત ભોજન સહિત તમામ પ્રકારની સુવિધાઓ ઉભી કરી છે. આ મહોત્સવનો મુખ્ય મંત્ર ‘‘એક જ જીવનમાં, એક જ જગ્યાએ તમામ ૫૧ શકિતપીઠના દર્શન કરવાની તક‘‘ છે.

**આરતી-દર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમો :**

૫૧મા શકિતપીઠ પરિક્રમા મહોત્સવમાં ભાગ લેવા આવનાર અંદાજે ૧૫ લાખ ભક્તો માટે ત્રૃઙ્ગ્ટઇ અને જિલ્લા વહીવટીતંત્રે વ્યાપક તૈયારીઓ કરી છે. ઉત્સવ દરમિયાન અંબાજી મંદિરમાં આરતી-દર્શનનો સમય જાહેર કરવામાં આવ્યો છે. સમયપત્રક મુજબ, સવારની આરતી સવારે ૭:૩૦ થી ૮:૦૦ વાગ્યા સુધી યોજાશે, જેમાં દર્શન ૯:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી થશે. દર્શન સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી બંધ રહેશે, અને ૧૨:૩૦ થી ૪:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. દર્શન ફરી ૪:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે. સાંજની આરતી સાંજે ૭:૦૦ થી ૭:૩૦ વાગ્યા સુધી યોજાશે, જેમાં સાંજે દર્શન ૭:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે.

ત્રણ દિવસીય ઉત્સવ દરમિયાન, ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન અંબાજીમાં ખેડબ્રહ્મા રોડ પર ડીકિ ત્રિવેદી બંગલોની સામે સાંજે ૭:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. ગબ્બરમાં સાંજે ૭:૦૦ થી ૭:૪૫ વાગ્યા સુધી લાઇટ એન્ડ સાઉન્ડ શો પણ યોજાશે, સાથે જ ત્રણેય દિવસ સાંજની આરતી પણ યોજાશે.

# કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહની મુલાકાત લેતા પાટીદાર અગ્રણી જયંતિલાલ સરધારા

**સૌરાષ્ટ્રના ઔદ્યોગિક ક્ષેત્રને લગતા મુદ્દાઓ અંગે ચર્ચા કરીઃ સંગઠનાત્મક ફેરફાર મુદ્દે પણ ગૃહમંત્રી સાથે સંવાદ**



રાજકોટ, તા.૭

રાજકોટ નજીક આકાર લઇ રહેલા સરદારધામ (સૌરાષ્ટ્ર ઝોન)ના ઉપપ્રમુખ તથા પૂર્વ કોર્પોરેટર તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રણી શ્રીજયંતિલાલ સરધારાએ હાલમાં તેમની દિલ્હી મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઇ શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. ગૃહમંત્રી સાથે તેમણે સૌરાષ્ટ્રના વિકાસને લગતા ઔદ્યોગિક મુદાઓ પર વિસ્તૃત માર્ગદર્શન માગ્યું હતું આ ઉપરાંત ભાજપના સંગઠનાત્મક ક્ષેત્રમાં થઇ રહેલા ફેરફારો અંગે શ્રી સરધારાએ અમિતભાઇ સાથે ચર્ચા કરી હતી. ખાસ કરીને જે રીતે કેન્દ્રની નરેન્દ્ર મોદીની નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર અને ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સુકાને થયેલી ભાજપ સરકાર દ્વારા સૌરાષ્ટ્રના વિકાસમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેમજ એઇમ્સ સહિતની સુવિધાઓ આપવામાં આવી છે તેમજ ઉદ્યોગો માટે સાનુકુળતા સર્જાય અને વિકાસને પણ વેગ મળે તે માટે જે વિવિધ પ્રોજેકટો અમલમાં મુકાયા છે તે અંગે પણ શ્રી સરધારાએ ગૃહમંત્રીનો આભાર માન્યો હતો અને આગામી દિવસોમાં ભાજપ તેમજ સરકાર સાથે તેમની કામ કરવાની પ્રતિબધ્ધતા પણ વ્યકત કરી હતી.

# આરસીસી બેંકના પુરૂષોત્તમ પીપરીયાને વૈશ્વિકકક્ષાનો ‘‘બેસ્ટ યુનિવર્સલ સીઈઓ’’નો એવોર્ડ એનાયત



તસ્વીરમાં આરસીસી બેંકના ચેરપર્સન ડો.બીનાબેન કુંડલીયા સીઇઓ ડો.પુરૂષોત્તમ પીપરીયાને મળેલ Universal Icon Achievers Award બદલ અભિનંદન પાઠવતા દ્રષ્ટિગોચર થાય છે, બીજી તસ્વીરમાં આરસીસી બેંકના સીઇઓ ડો.પુરૂષોત્તમ પીપરીયા અને ડીજીએમ પ્રકાશ શંખાવલા શ્રી ભાર્ગેશૂર બેનજીર્ના વરદ હસ્તે બેંકને મળેલ બ્લુ રિબીન બેસ્ટ બેંકનો એવોર્ડ સ્વીકારતા દ્રષ્ટિગોચર થાય છે.

**✽પુરૂષોત્તમ પીપરીયાને મળેલ બેસ્ટ સીઈઓના એવોર્ડ ઉપરાંત ખ્યાતનામ મેગેઝિન બેંકો દ્વારા આરસીસી બેંકને બેસ્ટ બેંકનો એવોર્ડ મળ્યા**
**✽બેંકિંગ ક્ષેત્રમા કલાર્ક કેડરમાથી સીધા જ સીઈઓ તરીકેના સર્વોચ્ચ પદ ઉપર ડો.પુરૂષોત્તમ પીપરીયાની નિમણુંક થયાનો દેશભરમા પ્રથમ અને એકમાત્ર કિસ્સો**
**✽૧૯ બેંકોમા ફીટ એન્ડ પ્રોપર ક્રાઈટેરીયા ધરાવતા સીઈઓ તરીકેની પસંદગીમા ડો. પુરૂષોત્તમ પીપરીયાની અહેમ્ ભૂમિકા**
**✽સહકારી ક્ષેત્રેના જુદા જુદા વિષય ઉપર ૧૦૦ ઉપરાંત પુસ્તકો લખી સહકારી ક્ષેત્રને વિનામૂલ્યે વિતરણ કરાતા સહકારી સંસ્થાઓ તરફથી પ્રશસ્તિ પત્રો એનાયત થયા**
**✽ડો.પુરૂષોત્તમ પીપરીયાએ ૧૦૦૦ ઉપરાંત સેમિનાર/ટ્રેનિંગમા પેનલ ડિસ્કનિષ્ટ, મેન્ટર, લેકચરર, કિ-નોટ સ્પીકર અને જ્યૂરી તરીકે વિનામૂલ્યે સેવા પ્રદાન કરી**

રાજકોટ, તા.૭

ન્યૂ દિલ્હી મુકામે ઈકોનોમિક ગ્રોથ ફાઉન્ડેશન દ્વારા જાજરમાન એવોર્ડ સેરેમનીનું આયોજન કરવામા આવેલ, જેમાં વિશ્વભરની બેંકોના સીઇઓએ નામાંકન કરેલ હતું. આ એવોર્ડ સેરેમનીમાં આર્થિક અને સામાજીક વિકાસના વૈશ્વિકરણ પર રાષ્ટ્રીય સમિટના પ્રસંગે બેંકિંગ અને ફાઇનાન્સ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ, ઉચ્ચતમ સિધ્ધી અને નોંધપાત્ર ભૂમિકા ભજવવા બદલ આરસીસી બેંકના સીઈઓ અને જનરલ મેનેજર ડો.પુરૂષોત્તમ પીપરીયાને બેસ્ટ સીઈઓ માટે યુનિવર્સલ ઈકોન એચિવર્સ એવોર્ડ એનાયત થયેલ હોવાથી સમાજ શ્રેષ્ઠીઓ, સહકારી તજજ્ઞો અને વિવિધ સહકારી સંસ્થાઓના આગેવાનો અને બેંક સ્ટાફ પરિવારગણ તરફથી ખૂખ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહેલ છે.

તેમજ તાજેતરમાં ‘‘બેંકો‘‘ દ્વારા આંબેવેલી સીટી, લોનાવલા (મહારાષ્ટ્ર) મુકામે ૩ દિવસનું ’’બ્લુ રીબીન સેરેમની અને બેંકો એડવાન્ટેજ એન્યુઅલ સમીટ-૨૦૨૫’’ નું આયોજન કરવામાં આવેલ. આ સમીટમાં ભારતભરની કો-ઓપરેટીવ બેંકોને અલગ અલગ કેટેગરીમાં સને ૨૦૨૪ ના વર્ષ માટે બેસ્ટ પરર્ફોમન્શનો અવોર્ડ એનાયત કરવામાં આવેલ. પુરૂષોત્તમ પીપરીયાને મળેલ બેસ્ટ સીઇઓના એવોર્ડ ઉપરાંત ખ્યાતનામ મેગેઝીન બેંકો દ્વારા આરસીસી બેંકને બેસ્ટ બેંકનો એવોર્ડ મળ્યા છે. બેંકિંગ ક્ષેત્રમા કલાર્ક કેડરમાથી સીધા જ સીઈઓ તરીકિના સર્વોચ્ચ પદ ઉપર ડો.પુરૂષોત્તમ પીપરીયાની નિમણુંક થયાનો દેશભરમા પ્રથમ અને એકમાત્ર કિસ્સો છે. ૧૯ બેંકોમા ફીટ એન્ડ પ્રોપર ક્રાઈટેરીયા ધરાવતા સીઈઓ તરીકિની પસંદગીમા ડો. પુરૂષોત્તમ પીપરીયાની અહમ ભૂમિકા છે.સહકારી ક્ષેત્રેના જુદા જુદા વિષય ઉપર ૧૦૦ ઉપરાંત પુસ્તકો લખી સહકારી ક્ષેત્રને વિનામૂલ્યે વિતરણ કરાતા સહકારી સંસ્થાઓ તરફથી પ્રશસ્તિ પત્રો એનાયત થયા હતા ડો.પુરૂષોત્તમ પીપરીયાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રાપ્ત કરેલ એવોર્ડસ અને સિધ્ધીઓની દ્રષ્ટિ કરીએ તો, Frontiers in Cooperative Banking Awards (FCBA) દ્વારા સને-૨૦૧૫ માં બેસ્ટ CEO નો રાષ્ટ્રીય લેવલનો એવોર્ડ, નેશનલ લેવલની સંસ્થા ઇકોનોમીક ગ્રોથ ફાઉન્ડેશન ન્યુ-દિલ્હી દ્વારા સને-૨૦૧૭ માં ‘‘બેસ્ટ લીડરશીપ એવોર્ડ ફોર બેંકીંગ સેકટર‘‘ નો એવોર્ડ, નેશનલ લેવલની સંસ્થા ઓલ ઇન્ડીયા બિઝનેશ ડેવલોપમેન્ટ એસોશીએશન દ્વારા સને-૨૦૧૭ માં ’’ડો. એ.પી.જે. અબ્દુલ કલામ સદ્ભાવના એવોર્ડ’’,નોંધપાત્ર ભૂમિકા ભજવવા બદલ બેસ્ટ સીઇઓ માટે Universal Icon Achievers Award, સહિત અનેક એવોર્ડ મળ્યાં છે.

## વિશ્વકર્મા જયંતીની ઉજવણી અંતગર્ત

# માધવરાયજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સોમવારે રક્તદાન કેમ્પનું આયોજન

**૪૫૦ થી ૫૦૦ સીસી રક્તદાન થશેઃવિજયભાઈ રૂપાણી, પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા હાજરી આપશે**

રાજકોટ, તા.૭

માધવરાયજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી અંતગર્ત તા. ૧૦/૦૨/૨૦૨૫ ને સોમવારે ‘‘શ્યામ મંદિર રીંગ રોડ બાયપાસ, કોઠારીયા ચોકડી ખાતે સવારે ૭ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.



તસ્વીરઃ પંકજ શિશાંગીયા

આ કેમ્પ માં વિશેષ ઉપસ્થિતી તરીકે વિજયભાઈ રૂપાણી, પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, ભાનુબેન બાબારીયા, મુકેશભાઇ દોશી, રમેશભાઇ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, નયનાબેન પેઢડિયા, જૈમીનભાઈ ઠાકર, કશ્યપભાઇ શુકલ, ધનસુખભાઈ ભંડેરી વગેરેની હાજરી આપશે.

**આ વર્ષે ૪૫૦ થી ૫૦૦ સીસી રક્તદાન થશે.**

આ સમગ્ર આયોજન માટે ટ્રસ્ટનાં પ્રમુખ નિલેશભાઇ ચાવડા, ઉપપ્રમુખ જતીનભાઇ મારૂ, મંત્રી રિતેશભાઇ ટાંક, ખજાનચી સંદીપભાઇ મકવાણા, સહમંત્રી મનોજભાઈ રાઠોડ તેમજ કારોબારી સભ્યો વિજયભાઇ રાઠોડ, વિપુલભાઇ ટાંક, હિતેષભાઇ ભાલીયા, કે.જે. ચાવડા, રાકેશભાઈ પરમાર, રાકેશભાઇ ટાંક, નિખીલભાઇ ટાંક, કિશનભાઇ સોલંકી, નરેન્દ્રભાઇ જેઠવા, ધર્મેન્દ્રભાઇ રાઠોડ, નીલેષભાઇ ચોટલીયા, કમલેશભાઇ વરૂ, જયભાઇ સોલંકી એ સાંજ સમાચારની મુલાકત લીધી હતી.



# આહીર સમાજના યુવાનો માટે પોલીસ ભરતી બોર્ડની ભરતી પરીક્ષા માટે સ્પેશ્યલ બેચના તાલીમ વર્ગ યોજાશે

**ક્રિષ્ના ફાઉન્ડેશન ટ્રષ્ટ દ્વારા કરાયુ આયોજન : ૧૭ફેબ્રુઆરીથી વર્ગોનો પ્રારંભ :**

રાજકોટ, તા.૭

આહીર સમાજના યુવા ભાઇઓ તથા બહેનો સ્પર્ધાત્મકપરીક્ષા આપી પોતાની કારકીર્દી ઘડી શકે અને તેઓ પણ ઉચ્ચ હોદ્દા પર પહોંચે તેવા હેતુથી પોલીસ કોન્સ્ટેબલ, પી.એસ.આઇ.,પરીક્ષાઓની તૈયારી માટેના તાલીમ વર્ગ ક્રિષ્ના ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવશે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અંગે આહિર સમાજના ભાઇઓ-બહેનો માટે રાજકોટના ૧૫૦ ફુટ રીંગરોડ પર રામદેવપીર ચોકડી નજીક પરીશ્રમ સ્કુલ ખાતે ક્રિષ્ના ફાઉન્ડેશન દ્વારા એડમિશન કાર્ય અને ત્યાર બાદ તાલીમ વર્ગનુ આયોજન કરેલ છે.આહીર સમાજના યુવાનો માટે પોલીસ કોન્સ્ટેબલ, પી.એસ.આઇ. ભરતી પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગ માટે તા.૦૭ ફેબ્રુઆરી, શુક્રવાર થી ૧૫ ફેબ્રુઆરી, શનિવાર સાંજે ૬:૩૦ થી ૮:૦૦ દરમ્યાન વહેલા તે પહેલાના ધોરણે એડમિશન આપવામાં આવશે. ત્યારબાદ ૧૭ ફેબ્રુઆરી, સોમવાર થી તાલીમ વર્ગોનો પ્રારંભ કરવામાં આવશે.આ વર્ગોમાં સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવશે, ક્રિષ્ના ફાઉન્ડેશન વર્ષ ૨૦૧૩ થી કાર્યરત છે.

# જોગરાણા પરિવારમાં શરણાઈના સૂર ગુંજયા

**ચિ.વૈદેહી – ચિ.રાજ ચિ.ભૂમિ – ચિ.પારસના શુભલગ્ન**

રાજકોટ તા.૭



સમાજના અગ્રણી ખીમજીભાઈ હીરાભાઈ જોગરાણા તથા શ્રીમતી ગીતાબેનની લાડકી સુપુત્રી ચિ. વૈદેહીના શુભલગ્ન ભાવનગરના શ્રીમતી જસુબેન તથા પૂજનભાઈ હરિભાઈ મારૂના સુપુત્ર ચિ. રાજ સાથે તથા કાનાભાઈ ગંગદાસભાઈ જોગરાણાની સુપુત્રી ચિ. ભૂમિના શુભ વિવાહ થાનગઢના શ્રીમતી લીલુબેન તથા લાલાભાઈ નાથાભાઈ આલગોતરના સુપુત્ર ચિ. પારસ સાથે તા.૧૭ના રોજ કિંગ પાર્ટી લોન્સ, ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ, પાટીદાર ચોક પાસે, ટીલાળા પેટ્રોલ પંપની સામે, રાજકોટ ખાતે નિરધાર્યા છે.

જોગરાણા પરિવારમાં ખુશીનો માહોલ છે. તા.૧૬મીના રવિવારે જોગરાણા પરિવાર દ્વારા દિવાળીબાગ પાર્ટીપ્લોટ, વી.આર. ક્રિકેટ બોકસની સામે, ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે ભોજન સમારંભ તથા રાસ ગરબાનું આયોજન કરવામાં આવેલ છે.

# રવિવારે રકતદાન કેમ્પ યોજાશે

જૈન જાગૃતિ સેન્ટર દ્વારા જેજેસી સેન્ટ્રલ બોર્ડ મુંબઈ ના સુવર્ણ જયંતિ વર્ષ પ્રસંગે દરેક શાખાની જેમ તારીખ ૯ મીએ રવિવારે મેગા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન શારદા ઝાટકીયા હોસ્પિટલ ખાતે રાકતદાન કેમ્પ યોજાશે.કેમ્પમાં સ્વૈછીક રકતદાન કરી માનવતાના મહાયજ્ઞમાં પોતાનું યોગદાન આપે એવી ગોંડલની જનતાને આપીલ કરવામાં આવી છે. કેમ્પ ને સફળ બનવા પ્રમુખ પ્રકાશભાઈ પંચમિયા તથા કારોબારી ટીમ ના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રવિવારે સેવા સંસ્થા જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૧૪૦ ચક્ષુદાન, દેહદાનના દાતાઓનો સન્માન સમારોહ

**અત્યાર સુધીના ૩ સમારોહમાં ૪૧૦ ચક્ષુદાતા, ૩૮ દેહદાતા તથા ૧૨ સ્કીન ડોનેશન કરેલ પરિવારના સ્વજનોને સન્માનિત કરાયા**

રાજકોટ, તા.૭

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાતભરમાં રક્તદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દે,હદાન તથા અંગદાનની પ્રવૃત્તિ ઘણા વર્ષથી ચાલી રહી છે અને સમાજના દરેક વર્ગના લોકોની વિવિધ પ્રકારની સેવા થઈ રહી છે. જનકલ્યાણ ટ્રસ્ટ સમગ્ર વર્ષ દરમિયાન અનેક પ્રકારના કાર્યક્રમ યોજીને આમ પ્રજામાં રક્તદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન તથા અંગદાન અંગે જાગૃતિ ફેલાય તે પ્રકારના કાર્યો કરી રહી છે.



તસ્વીરઃ પંકજ શિશાંગીયા

ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન, અંગદાનની પ્રવૃત્તિઓ વધુને વધુ વિસ્તરે અને સમાજમાં જાગૃતિ ફેલાય તે માટે આ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૪૧૦ ચક્ષુદાતા, ૩૮ દેહદાતા તથા ૧૨ સ્કીન ડોનેશન કરેલ પરિવારના સ્વજનોને પ્રોત્સાહિત કરવા અને ઋણ સ્વીકાર કરવા માટે ત્રણ સત્કાર સમારંભનું આયોજન થઈ ગયેલ છે. આ વર્ષે પણ સંસ્થા દ્વારા તા.૯ને રવિવારના રોજ સૌરાષ્ટ્ર હાઇસ્કુલ ખાતે ૪૧૧ થી ૫૭૦ ચક્ષુદાતાઓ અને ૩૯ થી ૫૬ દેહદાતાઓ અને ૧૩ થી ૧૫ સ્કીન ડોનેશન કરનાર ઉપરાંત એક અંગદાતાના પરિવારજનોને સન્માનિત કરી તેમનો ઋણ સ્વીકાર કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

દાતાઓના પરિવારજનોને સ્વર્ગસ્થના ફોટા, નામ, સ્વર્ગવાસ તારીખ સાથેના શીલ્ડ પણ અર્પણ કરવામાં આવશે. આ સન્માન સમારોહમાં ૧૪૦ લોકોને સન્માનિત કરવામાં આવશે. ‘સાંજ સમાચાર’ની મુલાકાતે ઉમેશ મહેતા, પ્રદીપભાઈ પંડ્યા-કાર્યાલય, જનાર્દનભાઈ આચાર્ય, ડેનીસ આડેસરા, પ્રદીપભાઈ રાવલ, પરેશભાઈ સંઘાણી, ચોટલીયાભાઈ અને અતુલભાઇ શાહ આવ્યા હતા.

# જાન્યુઆરીમાં ૪૫૧૫૯ લોકો લાયબ્રેરીની મુલાકાતે

**નવા ૩૪૬ સભ્યો બન્યા : વધુ ૫૦૨૦ મેગેઝીનની ખરીદી કરાઇ**

રાજકોટ, તા.૭



મનપા સંચાલિત શ્રીમતી પ્રભાદેવી.જે. નારાયણ પુસ્તકાલય શિક્ષણ સમિતિ કેમ્પસ, કરણપરા ચોક, શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય,વોર્ડ નંબર ૨ ની વોર્ડ ઓફિસની બાજુમાં શ્રોફ રોડ, શ્રી બાબુભાઈ વૈધ લાયબ્રેરી, બાપા સીતારામ ચોકની બાજુમાં, પેરેડાઇઝ હોલ સામે, ડો. બાબા સાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી,જીલ્લા ગાર્ડન, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ ૧ તથા ૨, મહિલા વાચનાલય, મહિલા એકટીવિટી સેન્ટર, નાના માવા, ચાણકય લાઈબ્રેરી, ગોવિદ બાગ શાકમાર્કેટ સામે જાન્યુઆરી માસ દરમ્યાન કુલ ૪૫,૧૫૯ મુલાકાતીઓએ લાભ લીધેલ હતો.

આ એક માસ દરમ્યાન ૩૪૬ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણીથી નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિધાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૭૫૦ પુસ્તકો, તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૧૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઈશ્યુમાં મુકવામાં આવેલા છે. જાન્યુઆરી દરમ્યાન ૫,૦૨૦ મેગેઝીન ની વાંચકો માટે ખરીદી કરવામાં આવેલ છે.

આ સુવિધાઓનો શહેરીજનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવી અપીલ મહાપાલિકા લાયબ્રેરી વિભાગે કરી છે.







### ઈંદોરમાં બંધુબેલડી જૈનાચાર્ય પૂ.શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મ. આદિની નિશ્રામાં

# ગણિશ્રી પદ્મચંદ્રસાગરજી મ. તથા ગણિશ્રી આનંદસાગરજી મ.નો આચાર્ય પદવીપ્રદાન સમારોહ ભવ્ય રીતે સંપન્ન

રાજકોટ તા.૭

ઈંદોર (મધ્યપ્રદેશ)માં બંધુબેલડી, પ્રવચન પ્રભાવક જૈનાચાર્ય શ્રી હેમચંદ્રસાગરસૂરિશ્વરજી મહારાજા આદિ વિશાળ શ્રમણ-શ્રવણીવૃંદની નિશ્રામાં પૂ. ગણિવર્યશ્રી પદ્મચંદ્રસાગરજી મ. તથા પૂ.ગણિવર્ય શ્રી આનંદસાગરજી મહારાજને આચાર્ય પદ્વી પ્રદાન સમારોહ આજે યોજાઈ ગયો. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

અયોધ્યાપુરમ તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી જયંતભાઈ મહેતાએ વિગતો આપતા જણાવ્યુંકે આચાર્યપદ પ્રધાન મહોત્સવનો પ્રારંભ તા.પમી જાન્યુઆરીથી શરૂ થયો છે અને આગામી તા.૯મી ફેબ્રુઆરીના સમાપન થશે. આજે તા.૭ના બન્ને ગણિવર્યોને આચાર્ય પદ્વી પ્રદાન કરવામાં આવી છે.

તા.પમી જાન્યુઆરીના અલામ ખાતે આમંત્રણ પત્રિકા લેખન તથા શક્રસ્તવ અભિષેક સાથે ૩૬ દિવસીય આચાર્ય પદ પ્રદાન મહોત્સવનો પ્રારંભ થયો હતો, તા.પ જાન્યુ.થી તા.૬ ફેબ્રુઆરી સુધી વિવિધ અનુષ્ઠાનો તથા કાર્યક્રમો વિવિધ શહેરોમાં ઉજવાયા હતા. અનેક સ્થાનો પર અનુકંપા ભક્તિ કરાઈ હતી. તા.૨૮મી જાન્યુઆરીના સમગ્ર માલવા તથા દેશના અનેક ભાગોમાં 'નમો આયરિયાણં પદના જાપનું આયોજન કરવામાં આવેલ.

તા.૩૧ જાન્યુ.ના પંચ દિવસીય શ્રી ગૌતમસ્વામી પંચપ્રસ્થાન યાત્રાનો પ્રારંભ થયો હતો. પૂ. ગુરુદેવનો નગરપ્રવેશ પ્રવચન વગેરે યોજાયેલ.





તા.૨જી ફેબ્રુ.ના પૂ. આગમોદ્ધારક શ્રી ના દીક્ષાદિન તથા આચાર્યપદ્વી નિમિતે ૧૦૮થી વધુ અઠ્ઠમતપનો પ્રારંભ કરાયો અને તા.પમીના અઠ્ઠમ તપના તપસ્વીઓના સમૂહ પારણા યોજાયા હતા.

તા.પમીના ઈંદોરમાં આગમોદ્ધારક નગરીનું ઉદઘાટન, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું હતું.

તા.૬ઠ્ઠીના સવારે ૩૬૦૦ ભાવિકો સમૂહ સામયિક જોડાયા હતા. રાત્રે 'એક શામ સિદ્ધાચલકે નામ' કાર્યક્રમ યોજાયો હતો.

તા.૮મીના પૂ.ગુરુદેવ આદિની નિશ્રામાં મહાપૂજન ભણાવાશે તથા તા.૯મીના રવિવારે ૩૬ દિવસીય આચાર્ય પદ પ્રદાન સમારોહનું સમાપન થશે.

**તા.પમી જાન્યુ.થી તા.૯મી ફેબ્રુઆરી સુધી ૩૬ દિવસીય આચાર્ય પદવીપ્રદાન મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો, અનુકંપા સહિતના આયોજનો: આચાર્ય પદવીપ્રદાન સમારોહમાં રાજકીય તથા વિવિધ સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિ**





# રાજકોટ મુખ્ય પોસ્ટ ઓફિસ દ્વારા આધારકાર્ડની કામગીરી માટે વિશેષ વ્યવસ્થા ગોઠવાઈ

### અરજદારોની સરળતા માટે ત્રણ કાઉન્ટર કાર્યરત કરાયા: ટોકન સીસ્ટમથી કામગીરી

રાજકોટ તા.૭

રાજકોટ મુખ્ય પોસ્ટ ઓફિસમાં આધાર કાર્ડની કામગીરી માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અરજદારોને સરળતા પડે, તેઓનો સમય બચે તે હેતુથી વિશેષ વ્યવસ્થા કરી ત્રણ કાઉન્ટર કાર્યરત કરાયા છે.

જેમા કાઉન્ટર એકનો સમય સવારે ૮ થી સાંજના ૪ કલાક સુધી જેમા સવારે ૮ થી ૯:૪૫ દરમિયાન ટોકન આપવામા આવશે. કાઉન્ટર ૨ નો સમય સવારે ૧૦ થી સાંજના ૬ કલાક સુધી રહેશે જેમા પૂછપરછ કાઉન્ટર પરથી ૯:૪૫થી ટોકન આપવામા આવશે. આ બન્ને કાઉન્ટરમાં નવા આધાર કાર્ડ તથા આધાર કાર્ડમાં જરૂરી ફેરફાર કરવા માટે, તથા કાઉન્ટર ૩ પરથી સવારે ૯ કલાક થી સાંજના ૫ કલાક દરમિયાન ફક્ત મોબાઈલ નંબર અપડેટ કરવાની કામગીરી કરાશે.





### વિરસદ ગામના સ્વામિનારાયણ મંદિરે

# પૂ.સદ્ગુરૂ જ્ઞાનજીવનદાસ સ્વામીની ૫૦મી પુણ્યતિથિ નિમિતે સદ્ગુરૂવંદના મહોત્સવ ઉજવાયો

### ઢોલ-નગારા સાથે ભવ્ય પોથીયાત્રા નિકળી: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ હાજર રહી આશીર્વાદ પ્રાપ્ત કર્યા

વિરસદ,તા.૭

આણંદ જીલ્લાના બોરસદ તાલુકામાં આવેલા વિરસદ ગામ ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પૂ. સદગુરૂ જ્ઞાનજીવનદાસજી સ્વામીની ૫૦મી પુણ્યતિથિ નિમિતે સદગુરૂવંદના મહોત્સવનુ તા. ૨૮/૧ થી ૩/૨ સુધી આયોજન કરવામાં આવ્યુ હતુ ત્યારે શ્રી સ્વામિનારાયણ મંદિર વિરસદના કોઠારી પૂ. કેશવચરણદાસજી સ્વામી જણાવે છે કે આણંદ જીલ્લાના બોરસદ તાલુકામા આવેલ પવિત્ર ભૂમિ પર પૂજનીય સંતો, વ્હાલા હરિભકતોની ઉપસ્થિતિમાં હજારોની મેદનીમા ઢોલ-નગારા અને બેન્ડની સુરાવલી સાથે પોથીયાત્રા નીકળી હતી. ત્યારબાદ સરધારના મહંત અવું ઘરસભાના પ્રણેતા પ.પૂ. સદગુરુ શાસ્ત્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી વકતાપદે બીરાજીત થઈ જય ધોશ સાથે મહોત્સવનું મંગલ ઉદ્ઘાટન કર્યું હતુ રોજ અલગ અલગ કાર્યક્રમોની રૂપરેખા સાથે ૧૦૦૦થી વધુ મહિલાઓની ઉપસ્થિતિમાં મહિલા મંચન આયોજન હતુ જેમા સંપ્રદાયના સાંખ્યયોગી માતાઓ દ્વારા મહિલાઓને સામાજીક તેમજ પારિવારિક જીવનમાં પોતાના ફરજ અને કર્તવ્ય વિશે માર્ગદર્શન આપ્યુ હતું.

૫૦૦ થી વધુ બાળકોની ઉપસ્થિતિમાં બાળમંચનુ આયોજન કરવામા આવ્યું હતુ જે સંસ્કારનુ સીંચન કરવામા પાયાનુ કામ કરી જીવન ઘડતર કરવામાં મદદરૂપ સાબિત થાય છે, પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજનો ગાદી પટ્ટાભિષેક કરવામા આવ્યો હતો તેમજ સવિશેષ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઇ રામાણીએ સંસ્થાના કાર્યો તેમજ ટ્રસ્ટીનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો હતો ત્યારે વિધાનસભાના મુખ્ય નાયબ દંડક રમણભાઇ સોલંકી, સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ વિગેરે આગેવાનો ઉપસ્થિત રહી વકતા પદે બિરાજમાન શાસ્ત્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી વિગેરે સંતો મહંતોના પણ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.

# સોમવારે સમસ્ત મોઢ વણિક જ્ઞાતિનાં કુળદેવી માતંગી માતાજીનો પાટોત્સવ ઉજવાશે: મહાપ્રસાદ

### બહારગામથી પધારતા મહેમાનો માટે સ્થળ પર પ્રસાદ પાસની વ્યવસ્થા

રાજકોટ તા.૭

સમસ્ત મોઢ વણિક જ્ઞાતિના કુળદેવી શ્રી મોઢેશ્વરી (માતંગી) માતાજીના પાટોત્સવની ઉજવણી દર વર્ષ મુજબ સમસ્ત મોઢ વણિક જ્ઞાતિજનો માટે તા.૧૦-૨-૨૦૨૫, સોમવાર, મહા સુદ-૧૩ના રોજ બપોરે ૩ કલાકે પૂજનવિધી અને ૬-૩૦ કલાકથી મહાપ્રસાદનું મોઢ વણિક માતંગી પાટોત્સવ સમિતિ દ્વારા આયોજન કરેલ છે.

જેમાં મુખ્ય યજમાન જ્ઞાતિ અગ્રણી અ.નિ. મધુબેન જયસુખલાલ છાપીયા પરિવાર તથા ગં.સ્વ. સરયુબેન ઈન્દુભાઈ મહેતા પરિવાર દ્વારા માતંગી માતાજીની પ્રસાદીરૂપે રક્ષાપોટલી ટોકન દીઠ નંગ-૧ મેળવી લેશો. પાર્ટી પ્લોટ વ્યવસ્થા: રાજ શ્રૃંગાર પાર્ટી પ્લોટ, મહાપ્રસાદ વ્યવસ્થા રાધે કેટરર્સ, ફોટોગ્રાફી શ્રીજી ઈલેક્ટ્રોવિઝન, સાઉન્ડ સીસ્ટમ શ્રીનાથજી ડેકોરેશન તથા મંડપ વ્યવસ્થા યંગસ્ટાર ઈવેન્ટ મેનેજમેન્ટ.

રાજકોટના ઈતિહાસમાં મોઢવણિક જ્ઞાતિજનો માટે ૧૮થી જ્ઞાતિના કુળદેવી મોઢેશ્વરી (માતંગી) માતાજીના પાટોત્સવનો ઘર આંગણે રળીયામણો ઉત્સવ ઉજવાય છે. ત્યારે દરેક જ્ઞાતિજનોએ આ પાટોત્સવમાં મહાપ્રસાદ લેવા સૌરાષ્ટ્ર-કચ્છમાં વસતા તમામ જ્ઞાતિજનોને પધારવા હાર્દિક આમંત્રણ છે. આ કાર્યક્રમ જ્ઞાતિજનો પુરતો સિમીત રાખેલ છે.



મોઢ વણિક માતંગી પાટોત્સવ સમિતિના કારોબારી સભ્યશ્રી મહેન્દ્રભાઈ મહેતા-વિકાસ પબ્લીસીટી, સુનીલભાઈ મહેતા શ્રીજી સ્ટીલ, પવનભાઈ પરીખ- એલઆઈસી એજન્ટ, શ્રીમતી પ્રતિમાબેન સતીષભાઈ પારેખ જ્ઞાતિ અગ્રણી, શ્યામભાઈ ગાંધી મેટલ વુડ ફર્નીચર, તથા શ્રેયાંસ મહેન્દ્ર મહેતા-વિકાસ પબ્લીસીટી વિશેષ માહિતિ માટે મો.૯૯૭૯૫ ૧૮૧૪૩નો સંપર્ક કરવો.



# રાજકોટ કલેકટર પ્રભવ જોશી દ્વારા પીએનબી હોમ અને સોલાર લોન એકસ્પોનું ઉદઘાટન

આજે, ૭ ફેબ્રુઆરીના રોજ, રાજકોટ સ્થિત પંજાબ નેશનલ બેંકના વિભાગીય કાર્યાલય ખાતે માનનીય શ્રી પ્રભવ જોશી, જિલ્લા કલેકટર, રાજકોટ દ્વારા હોમ લોન એકસ્પોનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

ઝોનલ ઓફિસના શ્રી અમિત ગગરાણી આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં, સબ ડિવિઝનલ હેડ શ્રી નરેન્દ્ર મીણાએ, આજના એકસ્પોના ઉદ્દેશ્યો અને બેંકની વિવિધ સેવાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ દરમિયાન, શહેરોની તમામ શાખાઓના વડાઓ, એમસીસી હેડ, પીએલપી હેડ, સીએસી હેડ અને તેમની ટીમ હાજર રહી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરના હસ્તે ૮-૯ ગ્રાહકોને તાત્કાલીક સ્તરે સૈદ્ધાંતિક રીતે મંજુર પત્રો આપવામાં આવ્યા હતા.આ કાર્યક્રમનું સંચાલન શ્રી અભિષેક બરહટ, રાજભાષા અધિકારી દ્વારા કરવામાં આવ્યું હતું. પીએનબી તેના ગ્રાહકોને સૌથી સસ્તા દરે હોમ અને સોલાર લોન પુરી પાડી રહી છે. આ એકસ્પો ૮ ફેબ્રુઆરી સુધી નાનામવા સર્કલ સ્થિત બેંકની શાખામાં યોજાઈ રહ્યો છે.

### રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિમ.ની પ્રેરણાથી

# અમદાવાદમાં તા.૨જીના યોજાશે જીવન યાપન પ્રોજેકટ અંતર્ગત મહાસંમેલન



### જરૂરિયાતમંદોને ૧૦૧ રીક્ષા અને ૧૧ અર્ટિગાકાર અર્પણ કરવાનો પ્રોજેકટ

રાજકોટ,તા.૭

રાષ્ટ સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના આશીર્વાદો સમગ્ર સમાજને સશક્ત અને આત્મનિર્ભર સમાજની દિશામાં એક મહત્વપૂર્ણ પગથિયું, જીવન થાપન પ્રોજેકટ અંતર્ગત ૧૦૧ +૧૧ પરિવારોને કાયમી રોજગાર આપવાના મહાન પ્રયાસમાં એક દાતાએ ૫૦% યોગદાન આપી ૧૦૧ રિક્ષા અને ૧૧ અર્ટિગા કાર માટે સહાય આપી છે.પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની કૃપાથી આ જીવન યાપન પ્રોજેકટ' સાકાર થઈ રહ્યો છે, જે સમાજમાં આત્મનિર્ભરતા અને આર્થિક સ્વાતંત્ર્ય લાવવાના ઉદ્દેશ્ય સાથે આગળ વધી રહ્યો છે, જેમાં અત્યાર સુધી વિમલેશભાઈ દ્વારા ૫ લાખ, વિપિનભાઇ વાડેયા (યુ.એસ.એ) અને સાથી દ્વારા ક લાખ, રિકિનભાઈ ટપોવાણી દ્વારા ૧ લાખ અને જયસુખભાઈ અને ઈલાભાભી દ્વારા ૧ લાખની સહાય આપવામાં આવી છે.

આ પ્રોજેકટનો લક્ષ્યાંક એવો છે કે ૧૦૧+૧૧ પરિવારોને કાયમી રોજગારની તકો આપી ગરીબીમાંથી બહાર નીકળવાની તક તેમજ સમાજમાં આત્મસન્માન અને આર્થિક સ્વાતંત્ર્ય વધારવા માટેની તક આપવામાં આવે. જેમાં સૌ ને સહયોગ આપવા જણાવાયું છે.

## ED

(છેલ્લા પાનાનું ચાલું)

૪૩૦૦ ડુપ્લિકેટ વ્યક્તિઓ અથવા વપરાશકર્તાઓ છે જે દર્શાવે છે કે તે જ વ્યક્તિ સામે ટ્રાંઝેક્શન બે વાર રેકોર્ડ કરવામાં આવ્યું હતું. એક ઈડી અધિકારે જણાવ્યું કે આમ, આવા ૪૨૦૦ વ્યવહારોની તપાસ ચાલી રહી છે. એવી શંકા છે કે આ વ્યવહારો કેનેડાથી વ્યક્તિને યુ.એસ. મોકલવાના હેતુથી કરવામાં આવ્યાં હતાં.

ઈડી અહેવાલમાં જણાવાયું છે કે એજન્ટો ૪૦-૫૦ લાખ રૂપિયામાં કેનેડિયન કોલેજમાં એડમિશન કરાવી આપે છે અને બાદમાં એજન્ટો સંભવિત વ્યક્તિને ગેરકાયદે યુ.એસ.મોકલી આપે છે. એજન્ટો ઈમિગ્રન્ટ્સ માટે કેનેડિયન કોલેજોમાં પ્રવેશની વ્યવસ્થા કરે છે અને ફી ચૂકવવામાં આવે છે. એકવાર સંભવિત ઈમિગ્રન્ટ કેનેડા પહોંચ્યાં પછી, પ્રવેશ એક બહાના પર અથવા બીજા પર પાછો ખેંચી લેવામાં આવે છે. ફી, જે ૬૦ લાખથી ૧ કરોડ રૂપિયાની વચ્ચે હોઈ શકે છે, પરંતુ તેમનાં વિઝા પર કોઈ અસર થતી નથી.

તપાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે એજન્ટોએ આ ગેરકાયદેસર સ્થળાંતરને અસર કરવા માટે નાણાકીય વ્યવહારોની એક જટિલ રચના બનાવી છે. તેઓએ પ્રથમ સંભવિત ઈમિગ્રન્ટ્સ માટે એક એકાઉન્ટ ખોલ્યું જેમાં કોલેજની પ્રવેશ ફીની ચુકવણી સહિત પૂરતાં પૈસા એજન્ટો દ્વારા જમા કરવામાં આવ્યાં હતાં. આ પછી એક ફિક્સ ડિપોઝિટમાં સ્થાનાંતરિત કરવામાં આવી હતી જેનો ઉપયોગ ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ ખોલવા માટે કરવામાં આવ્યો હતો, અને પછી ઈબીક્સ દ્વારા પૈસા મોકલવા માટે વપરાય છે. એકવાર પ્રવેશ પાછો ખેંચી લેવામાં આવ્યાં પછી પૈસા પાછાં ઓવરડ્રાફ્ટ ખાતામાં અને ત્યારબાદ ત્રીજા વ્યક્તિનાં ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. આ દરમિયાન, એફડીનો ઉપયોગ ઓવરડ્રાફ્ટ એકાઉન્ટને બંધ કરવા માટે કરવામાં આવતો હતો.

ઈડીએ ગુજરાત પોલીસ દ્વારા જાન્યુઆરી ૨૦૨૩ ની એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરી હતી, જે રાજ્યનાં ચાર સભ્યોનાં મૃત્યુનાં સંદર્ભમાં નોંધાવી હતી જે કેનેડાથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

એક ભાવેશ પટેલે ગુજરાત સ્થિત એજ્યુકેશન ઈમિગ્રેશન ફર્મ કેઆઈઈસી ઈન્ટરનેશનલ એલએલપી દ્વારા મૃતક માટે વિઝાની વ્યવસ્થા કરી હોવાનું જાણવા મળ્યું છે, જે આવા ઘણાં ગેરકાયદેસર ઈમિગ્રેશન પ્રયત્નોની તપાસ હેઠળ છે.

## છરી

(છેલ્લા પાનાનું ચાલું)

નોકરી કરે છે અને તેઓને સંતાનમાં ચાર પુત્ર અને એક પુત્રી છે. જેમાં મૃતક પૃથ્વી વચ્ચેટ અને કારખાનામાં મજૂરીકામ કરતો હતો. વધુમાં પરિવારે જણાવ્યુ હતું કે, તેમનો નાનો પુત્ર નીતિન મનોદિવ્યાંગ છે, જેથી મસ્કરીમાં તેને છરીનો ઘા ઝીંકી દિધો હોવાનું રટણ કર્યું હતું. જો કે, પોલીસે પરિવારજનોની પૂછતાછ આદરી ગુનો નોંધવા તજવીજ આદરી છે.

## વ્યાજદર

(પહેલા પાનાનું ચાલું)

આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, નેસ્લે, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૫૩૦ પોઈન્ટના ઘટાડાથી ૭૭૫૨૮ હતો તે ઉંચામાં ૭૮૩૫૬ તથા નીચામાં ૭૭૪૭૫ હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૧૩૮ પોઈન્ટના ઘટાડાથી ૨૩૪૬૫ હતો તે ઉંચામાં ૨૩૬૯૪ તથા નીચામાં ૨૩૪૪૩ થયો હતો.

કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો ૧૯ પૈસાના ઉછાળાથી ૮૭.૩૯ હતો.

# જામનગરના માઉન્ટેડ પોલીસ વિભાગમાં આઠ દિવસમાં ત્રણ અશ્વના મોત: દોડધામ

### પશુ ચિકિત્સકોની મદદથી ત્રણેય અશ્વના પી.એમ. કરાવી સેમ્પલને અમદાવાદ અને હરિયાણાની લેબોરેટરીમાં મોકલાવાયા







તસવીર : હિતેષ મકવાણા

જામનગર તા.૭

જામનગરના પોલીસ હેડ ક્વાર્ટરના માઉન્ટેડ વિભાગમાં જોડાયેલા ચેતક, હરણી તેમજ સરીતા નામના ત્રણ અશ્વના માત્ર આઠથી દશ દિવસના સમયગાળા દરમિયાન મૃત્યુ નિપજતાં પોલીસ બેડામાં ભારે દોડધામ થઈ છે. આ મામલે તંત્ર દ્વારા આગમચેતીના ભાગરૂપે ઘોડાઓના ખાવા-પીવાની વ્યવસ્થામાં બદલાવ કરાયો છે. સાથે પ્રાથમિક તપાસમાં કોઈ ખાસ રોગચાળો ન હોવાનું દાવો કરાઈ રહ્યો છે. સેમ્પલ પૃથકરણ માટે અમદાવાદ તેમજ હરિયાણાના હિસ્સાની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

હેડકવાર્ટર ડીવાયએસપી વી.કે.પંડ્યાના જણાવાયા અનુસાર જામનગરના પોલીસ હેડકવાર્ટરમાં હાલમાં કુલ ૧૬ જેટલા અશ્વ માઉન્ટેડ વિભાગ સાથે જોડાયેલા છે, અને તેઓની સેવા લેવામાં આવે છે. જે પૈકી ગત ૨૭ મી તારીખે હરણી નામની માદા અશ્વનું ટૂંકી બીમારીમાં મૃત્યુ નીપજ્યું હતું. ત્યારબાદ ૩૦મી તારીખે ચેતક નામના અશ્વનું પણ ત્રણ દિવસની ફીવરની બીમારી બાદ મૃત્યુ થયું હતું, અને ગત ૪થી તારીખે સરિતા નામની માદા અશ્વનું પણ ટૂંકી બીમારીમાં જ મૃત્યુ નિપજ્યું હતું, જેથી પોલીસ તંત્રમાં ભારે દોડધામ થઈ છે. સેમ્પલ મામલે પ્રાથમિક તપાસમાં કોઈ વાયરસ ન હોવાનું જણાઈ આવ્યું છે. હાલની સ્થિતિએ તબીબના માર્ગદર્શન હેઠળ દેખરેખ અને સારવાર ચાલી રહી છે. તેમજ આગમચેતીના ભાગરૂપે ઘોડાઓના ખાવા-પીવાની વ્યવસ્થામાં બદલાવ કરાયો છે.

મોન્ટેડ વિભાગની ટીમ દ્વારા ત્રણેય મૃત અશ્વ ના પોસ્ટ મોર્ટમની કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લાના પશુ ચિકિત્સક ડો. તેજશ શુકલા અને તેઓની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી, અને ત્રણેય પશુઓની બીમારી દરમિયાન સારવાર કરવામાં આવી હતી, અને તેઓના મૃત્યુ બાદ પોસ્ટમોર્ટમની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી.

જેના નમુના લેવામાં આવ્યા હતા અને અમદાવાદ તેમજ હરિયાણાના હિસ્સારમાં આવેલી પશુઓની લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા છે. તેના રિપોર્ટ આવ્યા બાદ સમગ્ર હકીકત જાણવા મળશે. તમે પોલીસ દળના અન્ય અશ્વ ની મેડીકલ ચકાસણી પણ કરવામાં આવી રહી છે.

પોલીસ દળમાં ફરજમાં જોડાયેલા ચેતક અશ્વની ઉંમર ૨૪ વર્ષ જેટલી હતી, જ્યારે હરણી તેમજ સરિતા નામની બંને માદા અશ્વ ની ઉંમર ૧૭-૧૭ વર્ષની હતી. પોલીસ દળમાં હાલ ૧૩ અશ્વ સેવારત છે, જયારે ત્રણ અશ્વ નિવૃત્ત થયા છે. પરંતુ તેની સાર સંભાળ રાખવામાં આવી રહી છે. ત્યારે એક વછેરૂ છે, જેની પણ સાર સંભાળ થઈ રહી છે.

## ઈન્કમટેકસ

(પહેલા પાનાનું ચાલું)

માં સૌરાષ્ટ્રનાં ઉદ્યોગ જુથને સાંકળતુ પ્રથમ દરોડા ઓપરેશન હાથ ધરાયું છે. વહેલી સવારમાં જ દરોડાની વાત પ્રસરતા વેપાર ઉદ્યોગકારો જુથ પર તે હોવાનું ખુલતા બિલ્ડર સહિતના જુથોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## રામલલ્લા

(છેલ્લા પાનાનું ચાલું)

ધર્મશાળા સામે મુખ્ય દ્વારથી દર્શન માટે પ્રવેશ આરંભ થશે.જે રાત્રે ૯ વાગ્યા સુધી અવિરત ચાલશે. બપોરે ૧૨ વાગ્યે ભોગ આરતી થશે. સાંજે ૭ વાગ્યે સંધ્યા આરતી અને ૧૫ મીનીટ માટે કપાટ બંધ રહેશે. ડો.મિશ્રાના જણાવ્યા રાત્રે ૧૦ વાગ્યે શયન આરતી અને ત્યારબાદ બાકી રાત્રી માટે કપાટ બંધ થઈ જશે. ટ્રસ્ટીએ જણાવ્યું હતુંકે હવે કોઈપણ એનઆરઆઈ ડાયરેકટ કાઉન્ટર પર પોતાનો પાસપોર્ટ રજુ કરીને પાસ બનાવી શકે છે. રામલલ્લાનાં દર્શન માટે સુગમ અને વિશિષ્ટ વીઆઈપી પાસ અને આરતી પાસની વ્યવસ્થા જાહેર કરાઈ છે.

## જોડાણો 'કટ્ટ'

(છેલ્લા પાનાનું ચાલું)

જાન્યુઆરીના અંતે રાજકોટ શહેરમાં અંદાજીત ૩૦ કરોડની વસુલાત બાકી છે. વિજ ચોરીના ચેકીંગમાં જતી ટીમોને બાકી નાણાંની વસુલાત કરવાની પણ જવાબદારી સોંપવામાં આવી છે. વ્યાજબી કારણ વિના અને ઈરાદાપૂર્વક જ બીલ નહીં ભરનારાનાં વિજ જોડાણ કાપી નાખવાનું શરુ કરાયું છે. કેટલાક દિવસોથી દરરોજ ૧૦૦થી વધુ આવા જોડાણ કટ્ટ કરવામાં આવી રહ્યા છે.

સુત્રોના કહેવા પ્રમાણે નાણાં વર્ષનો વસુલાત ટારગેટ હાંસલ કરવાની સાથોસાથ બાકી વસુલીનો લક્ષ્યાંક પણ હાંસલ કરવા અત્યારથી જ ઝુંબેશ શરુ કરી દેવામાં આવી છે. વિજચોરી પકડવા માટે કોર્પોરેટની સાથોસાથ સબડીવીઝન લેવલે પણ નિયમિત રીતે ડ્રાઇવ યોજવામાં આવે જ છે અને કરોડોની વિજચોરીના ખુલાસા સાથે તેઓને નાણાં ભરવાનું અલ્ટીમેટમ અપાતું હોય છે અનેક કિસ્સા કાનૂની વિવાદમાં પણ જતા હોય છે.

## આગ

(પહેલા પાનાનું ચાલું)

કાબુમાં આવી હતી. આગના આ બનાવમાં જાનહાનીના ખબર નથી. એસીનું ગેસ સિલિન્ડર ફાટવાથી આગ લાગ્યાની વાત બહાર આવી છે. જ્યારે કુંભ પ્રશાસને જણાવ્યું હતું કે મેળા ક્ષેત્રમાં સેક્ટર ૧૮માં લાગેલી આગ પર કાબુ મેળવી લેવાયો છે. આગની ઘટનામાં જાનહાની થઇ નથી કે કોઇ ઘાયલ પણ નથી થયા.

ઉલ્લેખનીય છે કે મહાકુંભમાં આગનો આ ત્રીજો બનાવ છે. અગાઉ ગીતા પ્રેસ ગોરખપુરની શિબિરમાં આગ લાગી હતી. આ આગમાં પણ જાનહાની નહોતી થઇ. આ આગમાં ૧૦૦થી વધુ કોટેજ સળગીને ખાખ થયા હતા. અહીં પણ ઝડપથી આગને કાબુમાં લવાઇ હતી.

અગાઉ ૧૭મી જાન્યુઆરીએ મહાકુંભના સેક્ટર ૧૯માં આગ લાગી હતી. કેમ્પમાં રાખેલા ઘાસમાં આગ ભભૂકી હતી જેમાં ૧૬ કેમ્પ સળગી ગયા હતા. આ આગમાં જાનહાનીના કોઇ સમાચાર નહોતા.

## ફોન

(છેલ્લા પાનાનું ચાલું)

જ હશે. આ સાથે જ નિયામકે ફરી એકવાર કહ્યું છે કે દૂરસંચાર વિભાગે કોલરના નામ દર્શાવતી વ્યવસ્થા ઝડપથી લાગુ કરવી જોઈએ. 'ટ્રાઈ'એ આ પ્રસ્તાવ દુરસંચાર વિભાગને મોકલ્યો છે. લાગુ કરતા પહેલા વિભાગની મંજુરી જરૂરી છે.

૬ મહિનાનો સમય લાગશે: ટ્રાઈએ દુરસંચાર વિભાગને નવી નંબરીંગ યોજના લાગુ કરવા માટે દુરસંચાર સેવા આપનારાઓને ૬ મહિનાનો સમય આપવાની વાત કહી છે. આ સાથે જ ટ્રાઈએ એમ પણ કહ્યું છે કે ગ્રાહકોને જાહેર કરવામાં આવેલ મૌજૂદ ફોન નંબરોમાં કોઈ ફેરફાર ન થવો જોઈએ.

નંબર બંધ નહી થાય: જયારે, ઉપયોગ ન થવાથી નિષ્ક્રીય કરવામાં આવી ચૂકેલા નંબરોના ઉપયોગ પર ટ્રાઈએ કહ્યું છે કે દૂરસંચાર કંપનીઓ કોઈપણ મોબાઈલ કે ફિકસ્ડ લાઈન કનેકશનને ત્યાંસુધી નિષ્ક્રીય નહીં કરે, જયાં સુધી એ નંબરનો ૯૦ દિવસ સુધી ઉપયોગ ન કરવામાં આવે.

### ૨૦૧૫ના પાટીદાર અનામત આંદોલન સમયે થયેલા ૧૪ કેસ હવે બંધ

# હાર્દિક પટેલ સહિત તમામ સામેના પાટીદાર આંદોલનના કેસ પરત ખેંચતી સરકાર

## આંદોલનના એક દશકા પછી હવે ભાજપના ધારાસભ્ય બનેલા હાર્દિક પટેલ ઉપરાંત દિનેશ બાંભણીયા સહિત તમામને રાહત

રાજકોટ: ગુજરાતમાં ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન સમયે હાલ ભાજપના ધારાસભ્ય અને તે સમયના પાટીદાર આંદોલનના કન્વીનર હાર્દિક પટેલ સહિત પાટીદાર આંદાલનકારીઓ સામેના ૧૪ કેસો સરકારે પરત ખેચી લીધા છે જેમાં રાજય સરકારે હાલ વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ સામે જે બે રાજદ્રોહના કેસ કર્યા હતા તેનો પણ સમાવેશ થાય છે તો આંદોલનના અન્ય કન્વીનર દિનેશભાઈ બાંભણીયા, અલ્પેશ કથીરીયા, ચિરાગ પટેલ સામેના કેસ પણ પાછા ખેંચાયા છે અને હવે પાટીદાર આંદોલનકારીઓ સામે કોઈ સરકારી કેસ પેન્ડીંગ નથી. આ આંદોલનમાં ૧૪ જેટલા પાટીદાર યુવાનોના બલીદાન થયા હતા અને છ માસથી વધુ સમય ચાલેલા આંદોલનમાં સંખ્યાબંધ કેસ થયા હતા જેમાં સરકારે અલગ-અલગ સ્થળો પરની ઘટનામાં ૧૪ કેસ કર્યા હતા અને તેમનો રાજદ્રોહ જેવા ગંભીર આરોપ પણ લગાવાયા હતા તે પણ હવે કેસ પાછા ખેચી આ તમામ ૧૪



## જો કે વિસનગર તોડફોડમાં હાર્દિક પટેલને થયેલી ૨ વર્ષની સજાનો કેસ હજુ સુપ્રીમમાં પેન્ડીંગ: 'સમાધાન' થઈ ગયુ છે

કેસ અમદાવાદ, સુરત, મહેસાણા તથા ગાંધીનગરમાં નોંધાયા છે જે પરત ખેંચી લેવાયા છે.

જો કે વિસનગરમાં હાલના આરોગ્યમંત્રી તથા ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસમાં તોડફોડ સહિતના મુદ્દે હાર્દિક પટેલ સામે ઋષીકેશ પટેલે જે કેસ કર્યા હતા તેમાં હાર્દિક પટેલને ૨ વર્ષની સજા ટ્રાયલ કોર્ટે કરી છે જે કેસમાં હાલ 'સમાધાન' થઈ ગયુ છે અને તે માટે સુપ્રીમમાં સમાધાન મંજુર રાખવાની અરજી પેન્ડીંગ છે જેમાં હવે સર્વોચ્ચ અદાલત મંજુરી આપે તો હાર્દિક પટેલને તે ૨ વર્ષની સજા પણ રદ થશે. આ અગાઉ ૨૦૨૨માં ચુંટણી લડવા માટે હાર્દિક પટેલે સુપ્રીમમાં તેની સામેના કેસ સામે અપીલ કરી હતી. સુપ્રીમે સજા સસ્પેન્ડ કરી હાર્દિકને ચૂંટણી લડવાની મંજુરી આપી હતી તેથી હવે તેમાં સર્વોચ્ચ અદાલતનું વલણ અપનાવે છે તેના પર નજર છે. પાટીદાર આંદોલનમાં સરકાર અને આંદોલનકારીઓ વચ્ચે સમાધાનમાં પણ તપાસ કેસ પાછા ખેચવાની શરત હતી.

# અયોધ્યામાં રામમંદિરની પહેલી ઈંટ રાખનાર કામેશ્વર ચૌપાલનું નિધન

### ચૌપાલના નિધનથી ભાજપમાં શોકની લહેર

અયોધ્યા તા.૭

રામમંદિરમાં પહેલી ઈંટ રાખનાર કામેશ્વર ચૌપાલનું દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે.

તેમણે ૨૦૨૪માં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી હતી. તેઓ બિહાર વિધાન પરિષદના સભ્ય પણ રહ્યા હતા.



કામેશ્વર ચૌપાલના નિધનથી ભાજપમાં શોકની લહેર ફેલાઈ હતી. કામેશ્વર ચૌપાલને સંઘના પ્રથમ કાર સેવકનો દરજજો પણ મળ્યો હતો. તેઓ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટ્રસ્ટી પણ હતા.

કામેશ્વર ચૌપાલે ૧૯૮૯માં અયોધ્યામાં શ્રીરામ મંદિરની પહેલી ઈંટ રાખી હતી. ત્યારે દેશના જુદા જુદા ભાગોમાંથી આવેલા હજારો સાધુ-સંતો અને લાખો કાર સેવકો તેમાં લાગ્યા હતા.

# ૧૦ દિવસ અને ૨૦૦ થી વધુ ગોલ્ડ મેડલ દાવ પર

### ગ્લાસગો ગેમ્સ આવતાં વર્ષે ૨૩ જુલાઈથી ૨ ઓગસ્ટની વચ્ચે રમાશે

ગ્લાસગો :

ગ્લાસગો ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સના ૨૩ મા તબક્કામાં દસ દિવસમાં ૨૦૦ થી વધુ ગોલ્ડ મેડલ દાવ પર રહેશે. જેમાં પેરા સ્પોર્ટ્સ, ટ્રેક સાયકલિંગ અને સ્વિમિંગમાં સૌથી વધુ મેડલ આપવામાં આવશે. આ સ્પર્ધા આવતાં વર્ષે ૨૩ જુલાઈથી ૨ ઓગસ્ટ સુધી યોજાશે. રમતો આઠ માઇલની કોરિડોરની અંદર યોજાશે. તેનાં પ્રોગ્રામમાં મિશ્ર 4x400 મીટર રિલે શામેલ છે જે ૧૯૬૬ પછી પ્રથમ વખત કોમનવેલ્થ ગેમ્સમાં સામેલ કરવામાં આવશે. કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ ના શેડ્યૂલમાં કુલ દસ રમતો શામેલ છે. આમાં જિમ્નેસ્ટિક્સ, એથ્લેટિક્સ અને પેરા એથ્લેટિક્સ, ૩x૩ બાસ્કેટબોલ અને ૩x૩ વ્હીલચેર બાસ્કેટબોલ, બોક્સિંગ, સ્વિમિંગ અને પેરા સ્વિમિંગ, બાઉલ્સ અને પેરા બાઉલ્સ, જુડો, નેટબોલ, ટ્રેક અને પેરા ટ્રેક સાયકલિંગ અને વેટલિફ્ટિંગ અને પેરા પાવરલિફ્ટિંગ શામેલ છે.




# બિનહિસાબી ૪૨.૧૨ લાખ પાન-મસાલાનાં પાઉચ પકડી પાડતું સ્ટેટ જીએસટી વિભાગ

### રૂા. ૨.૫૫ કરોડથી વધુની કરચોરી ઝડપી લેવામાં આવી

રાજકોટ, તા. ૭

ચાલુ નાણાકીય વર્ષ પુરૂ થવા આડે હવે માત્ર થોડો સમય બાકી રહ્યો છે. ત્યારે સ્ટેટ જીએસટી વિભાગ સતત સક્રિય બન્યું છે અને કરચોરો ઉપર તવાઇ ઉતારી છે.

ત્યારે સ્ટેટ જીએસટી વિભાગે ૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સંવેદનશીલ ચીજવસ્તુઓમાં ઇનવોઇસ વિના, ખામીયુકત ઇન્વોઇસ અથવા યોગ્ય દસ્તાવેજો વિના માલની હેરફેર થકી કરવામાં આવતી કરચોરી રોકવા માટેના અભિયાનના ભાગરૂપે અમદાવાદ જિલ્લામાં પાન-મસાલા અને તમાકુના પાઉચ વહન કરતા ૬ વાહનોને અટકાવ્યા હતા.




ચોકકસ બાતમીના આધારે માલ તથા દસ્તાવેજોની ચકાસણીના કરવામાં આવતા પાન-મસાલા અને તમાકુના કુલ ૪૨.૧૨ લાખ બિનહિસાબી પાઉચ મળી આવ્યા હતા. જેમાં રૂા. ૨૫૫ લાખથી વધુ જીએસટી ચોરીનો હોવાનો અંદાજ છે.

રાજ્ય વેરા વિભાગ દ્વારા સરકારી આવકનું રક્ષણ અને વસુલાત કરવા માટે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમજ વિભાગ સંવેદનશીલ ચીજવસ્તુઓમાં કરચોરીને રોકવા માટે તેના ગુપ્તચર નેટવર્ક અને ક્ષમતાઓને વધુ સક્ષમ અને વિસ્તૃત કરવા માટે પણ સક્રિયપણે કાર્ય કરી રહ્યું છે.

### વધુ બે એકઝિટ પોલમાં ભાજપને પ્રચંડ બહુમતીના સંકેત

# દિલ્હીમાં કોની 'સરકાર'! કાલે પરિણામ: ભાજપ પર 'ઓપરેશન લોટસ'નો 'આપ'નો આરોપ

### અમારા નિશ્ચિત જીતના ઉમેદવારોને રૂા.૧૫-૧૫ કરોડ ઓફર થાય છે: કેજરીવાલે તમામ ૭૦ ઉમેદવારોની બેઠક બોલાવી



નવી દિલ્હી: દેશમાં ગત વર્ષે લોકસભા ચુંટણીમાં બહુમતીથી દુર રહી ગયેલા ભાજપે બાદમાં હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં જબરી ફતેહ મેળવ્યા બાદ આ વર્ષે દિલ્હીના પ્રતિષ્ઠા જંગમાં પણ આમ આદમી પાર્ટીને પરાજીત કરી કેપીટલ કબ્જે કરશે તેવા સંકેત વચ્ચે આવતીકાલે હાથ ધરાનારી દિલ્હી વિધાનસભા ચૂંટણીની મતગણતરીની ઉતેજના અને સસ્પેન્ડ વધી ગયા છે તથા જો ત્રિશંકુ વિધાનસભા સર્જાય તો રાજકીય તડજોડા માટે પણ તૈયારી શરૂ થઈ ગઈ છે. કાલે બપોર સુધીમાં જ દિલ્હીની તમામ ૭૦ વિધાનસભા બેઠક પરના પરિણામો જાહેર થઈ જશે. દિલ્હીમાં રેકર્ડ બ્રેક ૧૩ એકઝીટ પોલ જાહેર થયા છે જેમાં ૧૧માં ભાજપની સરકાર રચાશે તેવા સંકેત આપી દીધા છે તો બીજી તરફ આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે ભાજપે ચૂંટણીમાં પોતાની હાર માની લીધી છે અને તેથી જ પરિણામો પલટાવવા માટે તે આમ આદમી પાર્ટીના ઉમેદવારો જેની જીત નિશ્ચિત છે તેમનો સંપર્ક કરી રૂા.૧૫-૧૫ કરોડ ઓફર કરવામાં આવી રહી છે. આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને સાંસદ સંજયસિંહે આરોપ મુકયો છે કે ભાજપે અમારા સાત ઉમેદવાર જેની જીત નિશ્ચિત છે તેમનો ભાજપે સંપર્ક કરીને પક્ષમાં સામેલ થવા રૂા.૧૫-૧૫ કરોડની ઓફર કરી છે તો અરવિંદ કેજરીવાલે દાવો કર્યો કે અમારા ૧૬ ઉમેદવારોને ભાજપે સંપર્ક કરીને પણિમ બાદ ભાજપ સાથે જોડાવા આમંત્રણ આપ્યુ છે.

દિલ્હીમાં ગઈકાલે વધુ બે એકઝીટ પોલ જાહેર થયા જેમાં ટૂ-ડે ચાણકય એ ભાજપને પ્રચંડ બહુમતીમાં ૫૧ બેઠક પર વિજેતા દર્શાવ્યા છે. આમ આદમી પાર્ટીને ૧૯ બેઠકો મળશે તેવો અંદાજ અપાયો છે તો કોંગ્રેસને કોઈ બેઠક નહી મળે તેવો વર્તારો કર્યો છે. બીજી તરફ દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી તથા 'આપ'ના સંયોજક અરવિંદ કેજરીવાલે પક્ષના તમામ ૭૦ ઉમેદવારોની બેઠક બોલાવીને તેઓને પરિણામ સુધી હવે 'વોચ'માં રાખવાની પણ તૈયારી કરી છે.

### ઓપરેશન લોટસ આરોપ જૂઠો: સંજયસિંહ પર કેસની ભાજપની ચીમકી

નવી દિલ્હી: દિલ્હીમાં પરિણામો પુર્વે ભાજપે ઓપરેશન લોટસ શરૂ કરાયાના આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે મુકેના આરોપ પર દિલ્હી ભાજપના વડા વિરેન્દ્ર સચદેવાએ પ્રતિભાવ આપતા કહ્યુ કે આમ આદમી પાર્ટીની હાર નિશ્ચિત જણાતા હવે તેણે ઈવીએમ બાદ નવો આરોપ લગાવ્યા છે પણ સંજયસિંહએ આ નવા ધારાસભ્યોના ખરીદ-આરોપ પર માફી નહી માંગે તો અમો તેના પર માનહાનીનો કેસ દાખલ કરીશું.

# બાંગ્લાદેશી અભિનેત્રી મેહર એફ્રોઝની રાજદ્રોહના કેસમાં ધરપકડ

### મેહરની ધરપકડ પહેલાં જમાલપુરમાં તેનાં પરિવાર પર હુમલો કરવામાં આવ્યો અને તેનું ઘર પણ સળગાવી દેવામાં આવ્યું

નવી દિલ્હી: બાંગ્લાદેશી અભિનેત્રી મેહર એફ્રોઝ મોટી મુશ્કેલીમાં ફસાઈ ગઈ છે. ગુરુવારે સાંજે અભિનેત્રીની ધરપકડ કરવામાં આવી છે. માહિતી અનુસાર, ઢાંકા પોલીસે મેહરને રાષ્ટ્ર વિરુદ્ધ કાવતરું કરવા બદલ ધરપકડ કરી હતી.



મેહર પર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો છે, જેનાં કારણે તેની ધરપકડ કરવામાં આવી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. ડિટેક્ટીવ શાખા ઉપરાંત પોલીસ કમિશનર રેઝૌલ કરીમ મલિકે કહ્યુ કે "ગુરૂવારે રાત્રે ધાનમડીમાં તેમની અટકાયત કરવામાં આવી હતી."

મેહર ફિલ્મની દુનિયાની એક એવી અભિનેત્રીઓ છે જે ખુલ્લેઆમ પોતાનું નિવેદન આપે છે. કદાચ આ તેની ધરપકડનું કારણ છે. અહેવાલો અનુસાર, તેનાં પર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો છે કારણ કે તેણે મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળ બાંગ્લાદેશની વચગાળાની સરકારની ટીકા કરી રહી હતી.

મેહરની ધરપકડ પહેલાં જમાલપુરમાં તેનાં પરિવાર પર હુમલો કરવામાં આવ્યો હતો અને તેનું ઘર પણ સળગાવી દેવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને સ્થાનિકોએ સાંજે ૬ વાગ્યાની આસપાસ જમાલપુર સદર ઉપઝિલામાં નોરુન્ડી રેલ્વે સ્ટેશન નજીક આવેલાં મકાનમાં આગ લગાવી હતી. આ ઘર તેમનાં પિતા એન્જિનિયર મોહમ્મદ અલીનું હતું જેમણે ગત રાષ્ટ્રીય ચૂંટણીમાં આવામી લીગથી નામાંકન મેળવ્યું હતું. તેની માતા બેગમ તહુરા અલીએ સંસદમાં અનામત મહિલા બેઠક પરથી બે ટર્મ પૂર્ણ કર્યા છે.

# દક્ષિણની ફિલ્મોનું દિલ્હી ફિલ્મમાં રિમેકનું મીટરડાઉન

### દેવા, બચ્ચન પાંડે, કિસીકાભાઈ કિસીકી જાન, સેલ્ફી, સરફિરા, શાહઝાદા ફ્લોપ રહ્યા

નવી દિલ્હી,તા.૭

બચ્ચન પાંડે, કિસી કા ભાઈ કિસી કી જાન, સેલ્ફી, સરફિરા, શાહઝાદા, જર્સી અને વિક્રમ વેધા જેવી ફિલ્મોમાં કંઈ કોમન ન હતું પરંતુ આ બધી બોલિવૂડ ફિલ્મો સાઉથ ફિલ્મોની રિમેક હતી જે ફ્લોપ રહી હતી.

બોલીવુડના લોકો હંમેશાં દક્ષિણની હિટ ફિલ્મોની હિન્દી રિમેક બનાવે છે. પરંતુ કોવિડ દરમિયાન, જયારે પ્રેક્ષકોએ ઓટીટી પર દક્ષિણની હિન્દી ડબ ફિલ્મો જોઈ લીધી પછી રિમેકનો અવકાશ નોંધપાત્ર રીતે ઓછો થયો છે. આ હોવા છતાં બોલીવુડ પોતાનો રિમેક બનાવવાનો મોહ ભારે પડતો દેખાય છે. બીજી બાજુ, પ્રેક્ષકો ખૂબ સ્માર્ટ બની ગયાં છે તેઓ સોશિયલ મીડિયા પર મૂળ ફિલ્મ સાથે બોલિવૂડ ફિલ્મનાં રિમેકની તુલના કરવાનું શરૂ કરે છે.




તાજેતરમાં જ શાહિદ કપૂરની ફિલ્મ 'દેવા' મલયાલમ ફિલ્મની રિમેક છે, જ્યારે જુનૈદ ખાન અને ખુશી કપૂરની ફિલ્મ લવયાપા, જે આ અઠવાડિયે રિલીઝ થઈ રહી છે, તે પણ એક સુપરહિટ તમિલ ફિલ્મ લવ ટુડેની રિમેક છે. એ જ રીતે, તૃપ્તિ ડિમરી અને સિધ્ધાંત ચતુર્વેદીની ફિલ્મ ધડક ૨, જે આવતાં દિવસોમાં રજૂ થશે, તે પણ તમિળ ફિલ્મની રિમેક હશે. જો કે, દેવાના નિર્માતાઓ કહે છે કે તેમને ફિલ્મનો એન્ડ બદલી નાખ્યો છે. જયારે લવયાપાના નિર્માતાઓએ એ વાતને છુપાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે કે ફિલ્મ દક્ષિણ ફિલ્મની રીમેક છે.

શાહિદ કપૂરની ફિલ્મ કબીર સિંહે હિન્દી બોક્સ ઓફિસ પર ખૂબ સારું પ્રદર્શન કર્યું હતું. આ ફિલ્મ પણ તેલુગુ ફિલ્મ 'અર્જુન રેડ્ડી'ની હિન્દી રિમેક હતી. તેની હિટનું કારણ એ છે કે મુળ ફિલ્મ હિન્દીમાં રિલીઝ થઈ ન હતી. કોવિડ દરમિયાન, જ્યારે લોકોએ અર્જુન રેડ્ડીને હિન્દીમાં જોઈ પણ શાહિદનું કામ 'કબીર સિંહ'માં વધારે વખાણ્યું હતું.

આ જ કારણ છે કે કોવિડ પછી પ્રેક્ષકોએ એક પછી એક દક્ષિણ ફિલ્મોનાં હિન્દી રિમેકને નકારી કાઢી અને અનેક હિન્દી ફિલ્મો ફ્લોપ થઈ છે. આ હોવા છતાં, બોલિવૂડમાં દક્ષિણ ફિલ્મોની રિમેક બનવાની પ્રક્રિયા આડેધડ ચાલું રહે છે. ફિલ્મ જગતનાં નિષ્ણાતો કહે છે કે અગાઉ પ્રેક્ષકોને ભાગ્યે જ ખબર પડતી હતી કે ફિલ્મ દક્ષિણ ફિલ્મની રીમેક છે. પરંતુ આજકાલ નિર્માતાઓ આ વિશે વધુ માહિતી બહાર ન આવે તેવો પ્રયત્ન કરે છે. ઉપરાંત, તેઓ યુ ટ્યુબ અને ઓટીટીમાંથી મૂળ ફિલ્મનાં હિન્દી ડબ સંસ્કરણને પણ દૂર કરે છે. બીજી બાજુ, પ્રેક્ષકો એટલા સ્માર્ટ બની ગયાં છે કે તેઓ ફિલ્મ રીલીઝ થાય તે પહેલાં જ શોધી કાઢે છે કે કઈ હિન્દી ફિલ્મ કઈ સાઉથની ફિલ્મની રિમેક છે.

શાહિદ કપૂરની તાજેતરની રીલીઝ 'દેવા' બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરી રહી નથી, ફિલ્મનાં જાણકાર લોકો બોલીવુડમાં રિમેક કલ્ચરને કાબૂમાં લેવાની હિમાયત કરી રહ્યાં છે. તે જોવાનું રસપ્રદ રહેશે કે બોલીવુડ લોકો આના પર કયારે ધ્યાન આપે છે.



# અક્ષયકુમારે મુંબઈમાં આલિશાન એપાર્ટમેન્ટ રૂા.૮૦ કરોડમાં વેચી દીધુ

મુંબઇ,તા.૭

બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર અને તેની પત્ની ટ્વિંકલ ખન્નાએ તેમનું આલીશાન એપાર્ટમેન્ટ્સ વેચી નાખ્યું છે. તેમનું એપાર્ટમેન્ટ મુંબઇમાં ઓબેરોય ૩૬૦ વેસ્ટ પ્રોજેક્ટના ૩૯ મા માળે છે. આ એપાર્ટમેન્ટમાં ચાર પાર્કિંગ સ્લોટ્સ પણ છે. અભિનેતાએ ૬૮૩૦ ચોરસ ફૂટમાં બનેલાં આ એપાર્ટમેન્ટને ૮૦ કરોડ રૂપિયામાં વેચી દીધું છે.

**એપાર્ટમેન્ટ કેટલામાં વેચાયું :-**


પ્રાપ્ત દસ્તાવેજો અનુસાર, આ એપાર્ટમેન્ટના એક ચોરસ ફૂટની કિંમત ૧.૧૭ લાખ રૂપિયા છે. મતલબ કે અક્ષયે આ એપાર્ટમેન્ટને ૮૦ કરોડ રૂપિયામાં વેચી દીધું છે. આ સાથે, ૩૧ જાન્યુઆરીએ નોંધાયેલાં દસ્તાવેજો બતાવે છે કે અક્ષયે સ્ટેમ્પ ડ્યુટી તરીકે રૂા. ૪.૮૦ કરોડની અલગ ચુકવણી કરી છે.

**અક્ષયની આગામી ફિલ્મો :-**

અક્ષય કુમારની ૬ ફિલ્મો વર્ષ ૨૦૨૫ માં રજૂ થવાની છે. આ વર્ષે તેનું 'વેલકમ ટુ ધ જંગલ', 'શંકરા', 'હાઉસફુલ ૫', 'જોલી એલએલબી ૩', 'ભૂત બંગલા' અને 'હરી ફેરી ૩' રજૂ થવાની ધારણા છે. તે જ સમયે, તેની 'સ્કાય ફોર્સ' થિયેટરોમાં લોકોનું મનોરંજન કરી રહી છે.

# મુંબઈમાં ભાઈના લગ્નમાં પ્રિયંકાએ પહેર્યો રૂા. ૧૨ કરોડનો નેકલેસ

મુંબઇ : પ્રિયંકા ચોપડા હાલમાં પોતાના ભાઇ સિધ્ધાર્થ ચોપડાના લગ્નમાં હાજરી આપવા ભારત આવી છે. પ્રિયંકા દરેક લુકમાં આકર્ષક લાગે છે. પણ સિધ્ધાર્થના મહેંદી-સંગીતના સેલીબ્રેશનમાં તેણે પહેરેલા ૧૨ કરોડ રૂપિયાના નેકલેસ બધાનું ધ્યાન ખેંચ્યુ હતું. આ નેકલેસ તેના સ્ટ્રેપલેસ ગાઉન સાથે પરફેકટ મેચ થતો હતો. આ નેકલેસ પહેલી નજરે બહુ મોંઘી હોવાની ખબર પડતી હતી. ફેશન-ઇન્ડસ્ટ્રીના નિષ્ણાતોના મતે એ લકઝરી બ્રેન્ડનો ખાસ પીસ હતો અને એની કિંમત ૧૦ થી ૧૨ કરોડ રૂપિયા આંકવામાં આવી છે.



પ્રિયંકાનો આ નેકલેસ પિન્ક ગોલ્ડમાંથી બનાવાયો છે અને એમાં નાના હીરા જડવામાં આવ્યા છે. આ નેકલેસમાં કિંમતી રત્નો પણ જડેલા છે. ભાઇની મહેંદીમાં પ્રિયંકાએ પરંપરાગત ગ્રીન લેહંગા પહેરવાને બદલે કલોરલ ગાઉન પહેરવાનું પસંદ કર્યુ હતું. આ ગાઉનમાં મલ્ટીકલરમાં ફુલની ડિઝાઇન હતી. આ ગાઉનના પ્રિન્સેસ-કટ કોર્સેટને કારણે તેમ જ એને અનુરૂપ મેકઅપને લીધે પ્રિયંકા ચાર્મિંગ દેખાતી હતી. પ્રિયંકાનો ભાઇ સિધ્ધાર્થ ફિલ્મ પ્રોડયુસર છે અને તેણે તામિલ-તેલુગુ એકટ્રેસ નિલમ ઉપાધ્યાય સાથે લગ્ન કરવાનો નિર્ણય લીધો છે. બંનેની મુલાકાત ૨૦૧૯માં થઇ હતી. અને ત્યારથી તેઓ સાથે જ છે.

### 'નેટફ્લિક્સ' પર આવી રહી છે......

# પ્રતિક ગાંધીની ડીટેકટીવ કહાની સારે જહા સે અચ્છા ટુંક સમયમાં

### પ્રતિક ગાંધી આ શ્રેણીમાં જાસૂસી અધિકારીની ભૂમિકા ભજવે છે

નવી દિલ્હી,તા.૭


ધ ગ્રેટ ઈન્ડિયન મર્ડર અને સ્કેમ જેવી સિરિઝમાં શાનદાર અભિનય કરનાર ગુજરાતી ફિલ્મનાં હિરો પ્રતિક ગાંધી તેનાં નવાં પ્રોજેક્ટ સાથે ફરી એકવાર તેનાં પ્રેક્ષકોના હૃદયમાં એક વિશેષ સ્થાન બનાવવા આવી રહ્યાં છે. આ સમયે અભિનેતા દેશભક્તિથી ભરેલી શ્રેણીમાં જોવા મળશે. જેનું ટિઝર પણ જાહેર કરવામાં આવ્યું છે.

**સારે જહા સે અચ્છાનું ટિઝર રિલીઝ**

નેટફ્લિકસે પ્રતિક ગાંધી અભિનિત સિરિઝનુ ટિઝર રિલીઝ કરતાં સમયે લખ્યું કે ઇન્ટેલ મળી આવ્યું છે. સારે જહા સે અચ્છા હવે ગુપ્ત રહ્યું નથી. જાસૂસો આવવા માટે તૈયાર છે.ફક્ત નેટફ્લિક્સ પર. શ્રેણીમાં પ્રતિક ગાંધી ઉપરાંત તિલોતમા શોમ, સન્ની હિન્દુજા, રજત કપૂર, અનુપ સોની સહિતનાં ઘણાં કલાકારો જોવા મળશે. શ્રેણીને જોતાં, એવું લાગે છે કે નિર્માતાઓ પ્રેક્ષકોને એક નવાં પ્રકારનો અનુભવ અપાવશે.

**ટીઝરમાં શું વિશેષ છે ? :-**

આ ટીઝર પ્રતિક ગાંધીથી શરૂ થાય છે, જે કહે છે કે કોઈપણ દેશની સુરક્ષા માટે બોમ્બ, મિસાઇલો અને ટૈન્ક જરૂરી છે. પરંતુ બીજું એક શસ્ત્ર છે જેની રેન્જ બધાં કરતાં વધારે છે. તે હથિયાર 'માહિતી' છે. પ્રતિક કહે છે કે આ શોમાં તે એક જાસૂસની ભુમિકા ભજવી રહ્યો છે જે દેશ માટે મહત્વપૂર્ણ છે. હાલમાં, શ્રેણીની પ્રકાશન તારીખ વિશે કોઈ માહિતી નથી, પરંતુ ચાહકો આ શો માટે પહેલેથી જ ઉત્સાહિત છે.



**નિર્માતાઓએ શ્રેણી વિશે શું કહ્યું ?**

શોની ઘોષણા કરતી વખતે, નિર્માતાઓએ કહ્યું કે અમારી નવી રોમાંચક શ્રેણીની ઘોષણા કરવામાં અમને ખૂબ ગર્વ થઈ રહ્યો છે. શ્રેણીમાં, એવાં નાયકો વિશે કહેવામાં આવશે કે જેઓ આપણાં દેશ માટે ગુપ્ત માહિતી એકત્રિત કરે છે. આ શો તે અધિકારીઓને શ્રદ્ધાંજલિ આપે છે જે પોતાની જાન જોખમમાં નાખીને પણ દેશની સુરક્ષા કરે છે. ઘણી વખત આવાં અધિકારીઓની બહાદુરી, બલિદાન અને સંકલ્પ અસંખ્ય હોય છે અને ઇતિહાસનાં પૃષ્ઠોમાં ખોવાઈ જાય છે. નિર્માતાઓ આ ખોવાયેલી વાર્તાઓ પ્રેક્ષકો સમક્ષ લાવશે.

### લા–નીના પેટર્ન તરફની ગતિ છતાં ઉંચા તાપમાનથી વૈજ્ઞાનિકો ચિંતિત

# ઉંચા તાપમાનનો સિલસિલો! જાન્યુઆરી ઈતિહાસનો સૌથી ગરમ

## છેલ્લા ૧૯માંથી ૧૮ મહિનામાં તાપમાન નોર્મલ કરતા ૧.૫ ડિગ્રી વધુ નોંધાયુ



નવી દિલ્હી,તા.૭

લા નીનાના પ્રભાવને કારણે, વૈજ્ઞાનિકોએ સામાન્ય કરતાં તાપમાન ઓછું રહેવાની અપેક્ષા રાખવામાં આવી હતી, પરંતુ જાન્યુઆરીનું તાપમાન આ કલ્પનાને ખોટી સાબિત કરી હતી. ઇઆરાએ ૫ ડેટાના વિશ્લેષણ મુજબ, જાન્યુઆરી ૨૦૨૫ એ અત્યાર સુધીનો સૌથી ગરમ જાન્યુઆરી સાબિત થયો છે. વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે આ મહિનાનું સરેરાશ તાપમાન ૧૮૫૦-૧૯૦૦ ની સામે ૧.૭૫ ડિગ્રી સેલ્સિયસ કરતાં વધારે હતું.

અલ નીનોના પ્રભાવના અંત પછી પણ જાન્યુઆરીનું તાપમાન રેકોર્ડ સ્તર પર પહોંચ્યું તે આ પહેલી વાર છે. બર્કલે અર્થના આબોહવા વૈજ્ઞાનિક જેક હોસ્ફાધરના જણાવ્યાં અનુસાર, જાન્યુઆરી ૨૦૨૫ એ સૌથી ગરમ જાન્યુઆરી હતો, જેણે ૨૦૨૪ ના અગાઉનાં રેકોર્ડને પણ વટાવી દીધો છે. અગાઉ સૌથી ગરમ જાન્યુઆરી



૨૦૨૪, ૨૦૨૦ અને ૨૦૧૬ માં નોંધાયો હતો.

જાન્યુઆરી દરમિયાન, તાપમાન ફક્ત ઉત્તરીય ભાગમાં જ નહીં પણ દક્ષિણ ભાગમાં પણ સામાન્ય કરતાં વધારે હતું.

આબોહવા ઇતિહાસકાર એમ. હીરાના જણાવ્યાં અનુસાર, ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ, જમૈકા અને મેડાગાસ્કર જેવાં વિસ્તારોમાં તાપમાનના રેકોર્ડ્સ તૂટી ગયાં હતાં. લા નીના દરમિયાન સામાન્ય રીતે તાપમાનમાં ઘટાડો થાય છે, પરંતુ આ સમયે વિરુદ્ધ થયું છે.

### શું ભારતમાં ધીરે ધીરે વસંતઋતુ સમાપ્ત થઈ રહી છે ?



જેમ જેમ જાન્યુઆરી અને ફેબ્રુઆરીનું તાપમાન થોડું થોડું વધી રહ્યું છે તેમ તેમ ભારતનાં હવામાનશાસ્ત્રીઓ ''પ્રારંભિક વસંત તબક્કાને સમાપ્ત થતો કહી રહ્યાં છે. આઇએમડી અનુસાર, જાન્યુઆરી ૨૦૨૪ કરતાં પણ ૨૦૨૫ માં તાપમાન વધારે રહ્યું છે સરેરાશ તાપમાન ૧૮.૯ રહયું હતું જે તેને તાજેતરનાં ઇતિહાસમાં શિયાળાનાં સૌથી વધુ ગરમ જાન્યુઆરી મહિનાઓમાંનો એક બનાવે છે. પરંપરાગત રીતે, માર્ચ અને એપ્રિલમાં જેટલું તાપમાન રહે છે તેટલું ફેબ્રુઆરીમાં જોવા મળી રહ્યું છે. નિષ્ણાતો કહે છે કે આ વલણ એક વિસંગતતા કરતાં વધુ છે તે ભારતનાં વાતાવરણમાં ક્રમિક બદલાવ સુચવે છે, જે ટૂંક સમયમાં દેશની પરંપરાગત વસંત ઋતુને સમાપ્ત કરી શકે છે. ભારતી ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક પોલિસી હૈદરાબાદના સંશોધન નિયામક પ્રોફેસર અંજલ પ્રકાશ અને આઇપીસીસી લેખક ચેતવણી આપે છે. ''આબોહવાના બદલવા સાથે, તે સ્પષ્ટ થઈ રહ્યું છે કે એક સમયે નવીકરણ અને કૃષિ માટે અને લોકોની પ્રિય વસંત ઋતુમાં જોખમમાં છે. પ્રકાશે ઉમેર્યું કે આ ફેરફારો પરંપરાગત હવામાન ચક્રને વિક્ષેપિત કરી રહ્યાં છે, વસંતને ટૂંકાવી રહ્યાં છે અને તેની લાક્ષણિકતા સમશીતોષ્ણ પરિસ્થિતિઓને બદલી રહ્યાં છે. ''આ અસર આબોહવા-કૃષિ, જૈવવિવિધતા અને મોસમી સંક્રમણોને અસર કરે છે મૂળવાળી સાંસ્કૃતિક પદ્ધતિઓથી આગળ વધે છે. આ અસરોને ઘટાડવા અને આપણી ઋતુઓની લયને જાળવવા માટે તાત્કાલિક કાર્યવાહીની જરૂર છે.'

# કંપની માટે અનોખો પ્રેમ! કર્મચારીએ પોતાની ગરદન પર કંપનીના લોગોનું ટેટૂ બનાવ્યું



## ૨૦૦૭ મા કંપનીમાં જોડાયા બાદ પ્રોજેક્ટ મેનેજરથી માંડીને પાર્ટનર અને પ્રેસિડેન્ટ બન્યા

દિલ્હી, તા.૭

જો કોઈ કર્મચારી તેના કામ પ્રત્યે વફાદાર હોય છે અને તેની કંપનીને પણ પસંદ કરે છે, તો તે કંપની પ્રત્યેનો પોતાનો પ્રેમ ઘણી રીતે દર્શાવે છે. ઘણા લોકો વર્ષો સુધી એક જ કંપનીમાં કામ કરે છે, કેટલાક લોકો ઓવરટાઇમ પણ કરે છે જેથી કામ સમયમર્યાદા સુધીમાં પૂર્ણ થઈ શકે અથવા કંપની મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હોય તો પણ તેને છોડતા નથી.

પરંતુ કેનેડામાં રહેતા મૂળ ભારતીય વ્યક્તિએ આ બધાથી આગળ વધીને કંઈક એવું કર્યું છે જેની કોઈ કલ્પના પણ ન કરી શકે. ૨૦૦૭થી એક જ કંપનીમાં કામ કરી રહેલા રામિન્દર ગ્રેવાલ એક જ કંપનીમાં પ્રોજેક્ટ મેનેજરથી માંડીને પાર્ટનર અને પ્રેસિડેન્ટ બન્યા અને હવે કંપની તેમના માટે કેટલી મહત્વની છે તે બતાવવા માટે તેણે પોતાના ગળા પર કંપનીના લોગોનું ટેટૂ કરાવ્યું છે.

રામિંદરે ગરદનની બાજુમાં બનેલા આ ટેટૂની તસવીર પોતાના લિંક્ડિન પર શેર કરી છે. આ એક બોલ્ડ અને કાયમી ટેટૂ છે, જે ક્ષણે રામિંદરે તેની તસવીર શેર કરી, ત્યારબાદ થી સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ ગયું છે. પોસ્ટ શેર કરતી વખતે, રામિંદરે કેપ્શનમાં પોતાની લાગણીઓ પણ વ્યક્ત કરી છે.

તેણે લખ્યું છે- 'જ્યારે તમને તમારી ટીમ, કામ અને મિશન પર ગર્વ હોય છે, ત્યારે તમે તેને હંમેશા તમારી સાથે રાખો છો. કેટલાક લોકો તેમની લાગણીઓ દર્શાવવામાં જરાય શરમાતા નથી અને હું તેનાથી પણ ઉપર છું આથી ખુલ્લેઆમ કર્યું છે. આ પોસ્ટ વાઈરલ થતાં જ ઘણા લોકોએ તેના પર પોતાની પ્રતિક્રિયા આપી છે.

# અભિનેત્રી ઈશિકા તનેજાએ મહાકુંભમાં સ્નાન કરીને અભિનય કારકિર્દીને કહ્યું અલવિદા

## શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ પાસેથી આધ્યાત્મિક દીક્ષા મેળવી

પ્રયાગરાજ, તા.૭

અભિનેત્રી ઈશિકા તનેજાએ મહાકુંભમાં સ્નાન કરીને પોતાની અભિનય કારકિર્દીને અલવિદા કહી દીધું છે. ૨૦૧૭ ની ફિલ્મ 'ઇન્દુ સરકાર' માં પોતાની ભૂમિકા માટે ઓળખ મેળવનાર ભૂતપૂર્વ બ્યુટી ક્વીન ઈશિકા તનેજાએ પ્રયાગરાજ ૨૦૨૫ ના મહાકુંભમાં ગત તા. ૨૯ જાન્યુઆરીએ પવિત્ર ડૂબકી લગાવીને સનાતન ધર્મનું પાલન કર્યું અને પોતાની અભિનય કારકિર્દીને અલવિદા કહ્યું હતું.



ઇશિકા તનેજા મધ્યપ્રદેશના જબલપુરમાં તેમના ગુરૂ દીક્ષા સમારોહમાં હાજરી આપી શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ પાસેથી આધ્યાત્મિક દીક્ષા પણ મેળવી હતી. આ અંગે ઇશિકા તનેજાએ કહ્યું, હું સાધ્વી નથી. હું ગર્વિત સનાતની છું. હું સેવાની ભાવના સાથે જોડાયેલી છું. મહાકુંભમાં દૈવી શક્તિઓ રહેલી છે. મારા જીવનની સૌથી મોટી સિદ્ધિ એ છે કે મને શંકરાચાર્યજી પાસેથી ગુરૂ દીક્ષા મળી છે. એક માર્ગદર્શક હોવાથી મને જીવનમાં દિશા મળી છે.

તેણીએ શોબિઝથી આધ્યાત્મિકતા સુધીની પોતાની સફરને 'કામચલાઉ' ગણાવી અને કહ્યું કે, વર્ષો સુધી ફિલ્મો અને મ્યુઝિક વીડિયોમાં કામ કર્યા પછી તે આખરે 'ઘરે પાછી ફરી' છે. વધુમાં કહ્યું કે, તે ભવિષ્યમાં ફિલ્મો બનાવવા માટે તૈયાર છે પણ અભિનય નહીં કરે. ૨૦૧૬ માં, તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ઇશિકાને ૧૦૦ મહિલા સિદ્ધિઓ શ્રેણીમાં રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત કરી હતી. તેણીએ વિક્રમ ભટ્ટની વેબ સિરીઝ ''હદ'' માં કામ કર્યું છે અને માત્ર ૬૦ મિનિટમાં ૬૦ મોડેલો પર એરબ્રશ મેકઅપ કરીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો છે.

# બોલિવૂડ અભિનેતા સોનુ સૂદ સામે ધરપકડ વોરંટઃ કોર્ટમાં હાજર થવા ફરમાન


## છેતરપિંડી કેસમાં સમન્સની અવગણના કરતા લુધિયાણા કોર્ટનું વોરંટ

મુંબઈ,તા.૭

બોલિવૂડ અભિનેતા સોનુ સૂદની મુશ્કેલીઓ વધી ગઈ છે. કારણ કે લુધિયાણાની એક કોર્ટે છેતરપિંડીના કેસમાં જુબાની આપવાનું ટાળવા બદલ તેમની સામે ધરપકડ વોરંટ જારી કર્યું છે.

સોનુ સૂદને લુધિયાણા સ્થિત વકીલ રાજેશ ખન્ના દ્વારા દાખલ કરાયેલા કેસના સંદર્ભમાં સમન્સ જારી કરવામાં આવ્યું હતું, જેમાં મોહિત શુકલા નામના વ્યકિત પર ૧૦ લાખ રૂપિયાની છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

એડવોકેટ ખન્નાએ આરોપ લગાવ્યો હતો કે શુકલાએ તેમને નકલી રિજિકા સિક્કાઓમાં રોકાણ કરવા માટે લાલચ આપી હતી. આ કેસમાં અભિનેતા સોનુ સૂદને જુબાની આપવાની હતી. તાજેતરમાં ફિલ્મ ફતેહ બનાવનાર અભિનેતા સૂદને વારંવાર સમન્સ જારી કરવામાં આવ્યા હતા, પરંતુ તેમણે તેના પર કોઈ ધ્યાન આપ્યું ન હતું, જેના કારણે કોર્ટે તેમની સામે ધરપકડ વોરંટ જારી કર્યું હતું.



લુધિયાણા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ રમણપ્રીત કૌરે વોરંટ જારી કર્યું છે. આ વોરંટ મુંબઈના અંધેરી પશ્ચિમમાં આવેલા ઓશિવારા પોલીસ સ્ટેશનને મોકલવામાં આવ્યું છે, જેમાં તેમને અભિનેતાની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

# હાથમાં AK-47 અને M શ્રેણીની રાઈફલો સાથે મણિપુરમાં ફૂટબોલનો મેચ :વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ

## નમ્પી રોમિયો હેન્સોંગ નામના આઈડીમાંથી વિડીયો મુકાયોઃ યુટ્યુબ ચેનલમા ૧.૦૯ લાખ સબસ્ક્રાઈબર્સ

કાંગપોકપીઃ તા.૭

મણિપુરના કાંગપોકપી જિલ્લામાં ફૂટબોલ મેચ દરમિયાન શસ્ત્રોના ખુલ્લા પ્રદર્શનનો વીડિયો વાયરલ થયા બાદ હંગામો મચી ગયો છે. આ વીડિયોમાં ફૂટબોલની જર્સી પહેરેલા ઘણા લોકો AK-47 અને M શ્રેણીની રાઈફલ્સ જેવી ઓટોમેટિક એસોલ્ટ રાઈફલ્સ સાથે ફૂટબોલ રમતા જોવા મળે છે. આ ઘટના ૨૦ જાન્યુઆરીના રોજ બની હતી અને આ વીડિયો સૌપ્રથમ સોશિયલ મીડિયા પ્રભાવક દ્વારા ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવામાં આવ્યો હતો. આ ઘટનાએ વંશીય સંઘર્ષ વચ્ચે હથિયારોની વધતી હાજરી પર સવાલો ઉભા કર્યા છે.

આ લોકોએ જે રાઈફલ લીધી હતી તેના પર લાલ રિબન બાંધેલી હતી. વીડિયોમાં દેખાતું પોસ્ટર બતાવે છે કે મેચ ૨૦ જાન્યુઆરીએ (ક) નોહજુંગ કિપજેન મેમોરિયલ પ્લેગ્રાઉન્ડ, K Gamanomphai ખાતે થઈ હતી. રાજધાની ઈમ્ફાલથી લગભગ ૩૦ કિલોમીટર દૂર કાંગપોકપી જિલ્લામાં ગામનોમફઈ નામનું ગામ છે.

વાયરલ વિડિયો સૌપ્રથમ ઈન્સ્ટાગ્રામ પર નમ્પી રોમિયો હેન્સોંગ નામના સોશિયલ મીડિયા પ્રભાવક દ્વારા પોસ્ટ કરવામાં આવ્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર હેન્સોંગના ૧૧,૦૦૦ ફોલોઅર્સ છે. વીડિયોમાં 'કુકીલેન્ડ' વોટરમાર્ક અને હેન્સોંગના નામ સાથે હેશટેગ છે. હેન્સોંગે પાછળથી વિડિયો કાઢી નાખ્યો અને બીજો, ટૂંકો વિડિયો પોસ્ટ કર્યો. જેમાં સશસ્ત્ર માણસો દેખાતા ન હતા. હેન્સોંગની યુટ્યુબ ચેનલ, જેના ૧.૦૯ લાખ સબ્સ્ક્રાઇબર્સ છે, તેણે અગાઉ આખો વિડિયો અપલોડ કર્યો હતો, પરંતુ બાદમાં તેને દૂર કરવામાં આવ્યો હતો.





Meitei હેરિટેજ સોસાયટી નામની નાગરિક સંસ્થાએ પોસ્ટ શેર કરતી વખતે તેણે લખ્યું કે મણિપુરમાં એક ફૂટબોલ ટૂર્નામેન્ટનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. સૌથી વધુ હેરાન કરનારી બાબત એ છે કે કહેવાતા ફૂટબોલરો દ્વારા અત્યાધુનિક હથિયારોનું ખુલ્લેઆમ પ્રદર્શન કે આ કુકી આતંકવાદીઓની ફૂટબોલ ટુર્નામેન્ટ છે? અમે અધિકારીઓ પાસેથી એસોલ્ટ રાઈફલ્સ ના આ ખુલે આમ પ્રદર્શન ની તપાસ માટે માંગ કરી છે.



## સૌનું આકર્ષક જેવી ક્રિતીની બેગની કિંમત રૂા.૩.૮૦ લાખ!!


ક્રિતી સેનન હાલમાં એક મીટીંગમાં ગઈ હતી એ સમયે ફોટોગ્રાફરોએ તેને કિલક કરી લીધી હતી. એ વખતે ક્રિતીનો લુક એકદમ સ્ટાઈલીશ હતો. તેણે ઓલિવ ગ્રીન રાઉન્ડ-નેક ટી-શર્ટ સાથે કમ્ફર્ટેબલ કાર્ગો પેન્ટ પહેર્યું હતું. આ લુકમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી તેની ગોલ્ડન ડીઓર બેગ. એની કિંમત અંદાજે ૩.૮૦ લાખ રૂપિયા છે. આ ક્રિસ્ટીયન ડીઓર બેગમાં એડજસ્ટેબલ અને રિમુવેબલ સ્ટ્રેપ છે જેને કારણે એને અલગ-અલગ રીતે સ્ટાઈલ કરી શકાય છે.

# રતન ટાટાએ વિલમાં મોહિની મોહન દત્તાને ૫૦૦ કરોડ આપ્યાં : ટાટા ગ્રુપમાં હલચલ

## મોહિની મોહન દત્તા રતન ટાટાને ૬૦ વર્ષથી ઓળખે છે અને રતન ટાટાના નજીકનાં મિત્ર છે

નવી દિલ્હી,તા.૭

સ્વર્ગીય રતન ટાટાનું વસિયતનામું તાજેતરમાં ખુલ્યું જેમાં આશ્ચર્યજનક વાત પ્રકાશમાં આવી છે. તેણે તેની સંપત્તિનો એક તૃતિયાંશ હિસ્સો એટલે કે ૫૦૦ કરોડથી વધુ રૂપિયા આપ્યાં એક એવી વ્યક્તિનાં નામે કર્યા છે, જેનાં વિશે વિશ્વ ભાગ્યે જ જાણે છે. સૂત્રોનાં જણાવ્યાં અનુસાર, રતન ટાટાએ તેમની વિલમાં મોહિની મોહન દત્તાને ૫૦૦ કરોડથી વધુ રૂપિયા આપ્યાં છે. રતન ટાટા અને દત્તા વચ્ચેનાં સંબંધ વિશે બહુ ઓછા લોકોને ખબર હતી. આ સમાચાર ટાટા પરિવાર માટે પણ આઘાતજનક છે.



મોહિની મોહન દત્તા જમશેદપુરમા રહે છે છે અને ટ્રાવેલ ક્ષેત્રમાં કામ કરે છે. દત્તાના પરિવારજનો સ્ટેલિયન નામની ટ્રાવેલ એજન્સી ચલાવતાં હતાં અને ૨૦૧૩ માં, તેનું તાજ સર્વિસમાં વિલિનીકરણ થઈ ગયું. તાજ સર્વિસ એ તાજ હોટલનો એક ભાગ છે. દત્તા પરિવારનો સ્ટાલિયનમાં ૮૦ ટકા હિસ્સો હતો જ્યારે બાકીનાં ૨૦ ટકા ટાટા પાસે હતો. મોહિની દત્તા ટીસી ટ્રાવેલ સર્વિસીસના ડિરેક્ટર પણ હતાં. તે થોમસ કૂક સાથે સંકળાયેલ કંપની હતી.

### મોહિની મોહન દત્તા કોણ છે ?

રતન ટાટાની નજીકનાં લોકો કહે છે કે દત્તા તેનો જૂનો સાથી હતો. પરિવાર સહિત તેની નજીકનાં લોકો દત્તાને જાણતાં હતાં. જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે મોહિની દત્તાએ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. રતન ટાટાની વિલમાં તેની સાવકી બહેનો શિરીન અને ડીના જેજિભોય પણ સામેલ છે. તેણે પણ આ અંગે કંઇ કહ્યું નથી. અન્ય એક એક્ઝિક્યુટિવ ખમ્બાતાએ પણ કોઈ ટિપ્પણી કરી ન હતી. ચોથા એક્ઝિક્યુટિવ મેહલી મિસ્ત્રીએ કહ્યું, ''હું આ વ્યક્તિ વિશે કંઇ કહેવા માંગતો નથી.'' દત્તાની એક પુત્રી ટાટા ટ્રસ્ટમાં નવ વર્ષ કામ કર્યુ છે. અગાઉ તે તાજ હોટલોમાં કામ કરતી હતી. ટાટા ગ્રુપનાં સૂત્રોએ જણાવ્યું હતુ કે દત્તા પોતાને ટાટા પરિવારની નજીકનાં કહે છે. ઓક્ટોબર ૨૦૨૪ માં રતન ટાટાના અંતિમ સંસ્કાર સમયે, દત્તાએ કહ્યું હતું કે તેઓ જમશેદપુરમાં ડીલર્સ હોસ્ટેલમાં પ્રથમ વખત રતન ટાટાને મળ્યાં હતાં. રતન ટાટા તે સમયે ૨૪ વર્ષનાં હતાં. તેમણે કહ્યું, કે''તેણે મને મદદ કરી અને મને આગળ વધાર્યો.'' દત્તાએ પણ દાવો કર્યો હતો કે તેઓ ૬૦ વર્ષથી એકબીજાને ઓળખે છે.

### રતન ટાટાનું વસિયતનામું

દત્તાને મુંબઈનાં એનસીપીએ ખાતે ડિસેમ્બર ૨૦૨૪ માં યોજાયેલાં રતન ટાટાના જન્મદિવસની ઉજવણીમાં પણ આમંત્રણ અપાયું હતું. રતન ટાટાએ તેની મોટાભાગની સંપત્તિ દાનમાં આપી દીધી છે. ઉપરાંત, તેણે તેની સાવકી બહેનો માટે પણ કેટલાક પૈસા છોડી દીધાં છે.એવું માનવામાં આવે છે કે તેની સાવકી બહેનોએ પણ તેમનો હિસ્સો દાન કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. દત્તાને ૫૦૦ કરોડની વધુ પૈસા આપવાથી ટાટા જૂથમાં ઘણી ચર્ચા છે. કાનૂની નિષ્ણાતો માને છે કે સંપત્તિ વહેંચણીની નજીકથી તપાસ કરવામાં આવશે. તેનાં છેલ્લાં વર્ષોમાં, રતન ટાટાએ તેમની સંપત્તિનો મોટો ભાગ, રતન ટાટા એન્ડોવમેન્ટ ફાઉન્ડેશન અને રતન ટાટા એન્ડોવમેન્ટ ટ્રસ્ટ સ્થાપવામાં લગાવ્યો હતો. અંદાજ મુજબ, ટાટા ગ્રુપની ટાટા સન્સમાં તેનો હિસ્સો ૦.૮૩ ટકા હતો અને તેની કુલ સંપત્તિ આશરે ૮૦૦૦ કરોડ હતી.



# વેશ્યા બનવાનો ઈન્કાર કરતાં પતિએ પત્નિને છુટાછેડા આપ્યા !!

## પત્નિને બંધક બનાવી માર મારતો હતો !!

કાનપુર,તા.૭

એક મહિલાએ દેહ વેપાર કરવાની ના પાડતાં તેનાં પતિએ તેને માર માર્યો અને બાદમાં તેને છૂટાછેડા આપી દીધાં હતાં. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે તેના સાસરીયાઓ નશીલાં પદાર્થો પણ વેચે છે. વિરોધ કરવા પર, તેને બંધક બનાવીને માર માર્યો અને ઘણાં દિવસો સુધી તેણીને ખાવાનું પણ આપ્યું ન હતું.

પીડિતા બે વર્ષની પુત્રી સાથે તેનાં પિતાના ઘરે આવી છે અને તેણે બાબુપુરવા પોલીસ સ્ટેશનમાં દહેજ સતામણી, હુમલો, ટ્રિપલ તલાક સહિતનાં અનેક કેસો દાખલ કર્યા હતાં.

મહિલાનાં જણાવ્યાં અનુસાર, તેણે ૧૨ જુલાઈ ૨૦૨૨ ના રોજ મુંબઈનાં બાંદ્રા વેસ્ટમાં રહેતાં એક યુવાન સાથે લગ્ન કર્યા હતાં. એવો આક્ષેપ કરવામાં આવે છે કે લગ્ન પછી ટૂંક સમયમાં પતિ અને સાસરિયાં પક્ષ દ્વારા દહેજની માંગ કરીને માર મારવાનું શરૂ કર્યું હતું. વિરોધ કરવા પર, તેઓએ તેમને દેહ વેપાર માટે દબાણ કરવાનું શરૂ કર્યું હતું.

દેહ વેપારના ઇનકાર પર, તેને બંધક બનાવીને માર મારવામાં આવ્યો હતો અને ઘણાં દિવસો સુધી ખાવાનું પણ આપ્યું ન હતું. જ્યારે આ કેસની ફરિયાદ પોલીસ સુધી પહોંચી ત્યારે સાસરિયાં પક્ષે ભૂલ સ્વીકારવાનું શરૂ કર્યું હતું પરંતુ બાદમાં ફરીથી તેણી સાથે મારપીટ કરવામાં આવી હતી. જ્યારે તેણીએ દેહ વેપાર કરવાની ના પાડી ત્યારે પતિએ ત્રીપલ તલાક આપી દીધાં. પીડિતા તેની પુત્રી સાથે તેનાં પિતાના ઘરે આવી અને તેની સામે કેસ દાખલ કર્યો છે. પોલીસ અધિક્ષક અરૂણ કુમાર દ્વિવેદીએ કહ્યું કે આ મામલે તપાસ ચાલી રહી છે. આરોપીને નિવેદન માટે બોલાવવામાં આવશે.

# દિલ્હી ક્રાઈમ-૩ : નિર્ભયા અને ચડ્ડી-બનિયાન કેસ બાદ હવે નવાં રહસ્યને હલ કરશે મેડમ સર

## દિલ્હી ક્રાઈમ સિઝન-૩ બાળ તસ્કરી પર આધારિત : હુમા કુરેશી આ સિરિઝમાં વિલનની ભુમિકામાં જોવા મળશે

નવી દિલ્હી : દિલ્હી ક્રાઇમની ત્રીજી સીઝનનું ટીઝર બહાર આવ્યું છે. તાજેતરમાં, નેટફ્લિક્સે શ્રેણીની ત્રીજી સીઝનની જાહેરાત કરી છે.

આ વખતે દિલ્હીનાં ગુનાનો નવો અધ્યાય શોમાં ખુલવાનો છે. મોસમને વધુ મનોરંજક બનાવવા માટે, નિર્માતાઓએ આ વખતે શોમાં નવાં પાત્રો મૂક્યાં છે. ચાલો આપણે જાણીએ કે આ વખતે શેફાલી શાહ ક્યાં નવાં કેસનાં રહસ્યને હલ કરશે.

**મેડમ સરનું કમબેક :–**

આ ટીઝરની શરૂઆત પોલીસ દ્વારા પકડાયેલી ટ્રકથી થાય છે જેમાં છોકરીઓ ભરેલી હોય છે. આ છોકરીઓ કેમ પકડવામાં આવી છે અને આ ગેંગ કોણ ચલાવી રહ્યું છે. અભિનેત્રી શેફાલી શાહ (શેફાલી શાહ) ફરીથી આ પ્રશ્નોનાં જવાબો શોધવા મેડમ સર બનીને આવી રહી છે. 'નિર્ભયા કેસ' ની વાર્તા પ્રથમ સીઝનમાં બતાવવામાં આવી હતી. બીજી સીઝનમાં, ચડ્ડી બનિયાન ગેંગને ખુલ્લી પાડવામાં આવી હતી. શોએ દરેક વાર્તા સાથે પ્રેક્ષકોના હૃદયમાં વિશેષ સ્થાન બનાવ્યું છે.

**'દિલ્હી ક્રાઇમ ૩' ની વાર્તા :–**

૫૮-સેકન્ડ ટીઝરમાં, શેફાલી શાહનો ઈટેન્સ લુક અને રસિકા દુગલને સારી રીતે પસંદ કરવામાં આવી રહી છે. ટીઝરમાં રસિકા કહે છે, ખુલ્લેઆમ છોકરીઓ વેચાઈ રહી છે અને કોઈ પણ કંઈપણ કહેતું નહીં. આ શોમાં હુમા કુરેશી વિલનની ભૂમિકામાં જોવા મળશે. ટીઝરે ચાહકોની ઉત્તેજનામાં વધારો કર્યો છે. હવે તે જોવું રહ્યું કે ટ્રેલરમાં ક્યાં નવાં રહસ્યો જાહેર થશે.





**નવી સીઝન વિશે નિર્માતાઓએ શું કહ્યું**

નવી સીઝન વિશે વાત કરતાં, શ્રેણીના નિર્માતાઓએ કહ્યું કે 'અમે દિલ્હી ક્રાઇમની ત્રીજી સીઝન સાથે પાછા ફરવા માટે ઉત્સાહિત છીએ. મેડમ સર અને તેની શ્રેષ્ઠ ટીમે અત્યાર સુધીની સૌથી મુશ્કેલ પડકારનો સામનો કરવો પડશે. તે એક વિલનનો સામનો કરશે જે ક્રૂર તેમજ મહત્વાકાંક્ષી છે. હાલમાં, ચાહકોએ દિલ્હી ક્રાઇમની ત્રીજી સીઝનની પ્રકાશન તારીખ માટે લાંબી રાહ જોવી પડશે.

# હવે દેશભરમાં લેન્ડલાઈન ફોન નંબર ૧૦ આંકડાનો થઈ જશે



## ટ્રાઈએ બે દાયકા જૂની રાષ્ટ્રીય નંબરીંગ વ્યવસ્થા બદલવાની સરકારને ભલામણ કરી

નવી દિલ્હી તા.૭

ભારતીય દુરસંચાર નિયામક ઓથોરિટી (ટ્રાઈ)એ બે દાયકા જૂની રાષ્ટ્રીય નંબરીંગ વ્યવસ્થા બદલવા ભલામણ આપી છે. ટ્રાઈએ સરકારને એ સૂચન કર્યું છે કે લેન્ડલાઈન ફોન ઉપયોગકર્તાઓને સ્થાનિક કોલ કરવા માટે પણ પુરા ૧૦ અંકવાળા નંબરને ડાયલ કરવા પડશે.

ટ્રાઈના અનુસાર લેન્ડ લાઈનથી લેન્ડ લાઈન કોલ કરતા પહેલા '૦' લગાવવો પડશે. ત્યારબાદ એસડીસીએ કે એસટીડી કોડ અને પછી ગ્રાહક નંબર લગાવવો પડશે, જો કે, મોબાઈલ દ્વારા નંબર લગાવવાની પ્રક્રિયા પહેલાની જેમ

(અનુસંધાન ૧૨ મા પાને)

# બટેટા, દાળ સસ્તા છતાં થાળી મોંઘી : શાકાહારી થાળીનો ભાવ વધીને રૂા.૨૮.૭ થયો

મુંબઈ, તા.૭

બટેટા, દાળ અને ચિકનના ભાવમાં વધારાને કારણે ગત વર્ષ ની સરખામણીએ જાન્યુઆરીમાં ઘરનું ભોજન મોંઘું બન્યું છે. રેટિંગ એજન્સી ક્રિસિલના એક એકમ દ્વારા ગુરુવારે જારી કરાયેલા માસિક રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે.

શાકાહારી થાળીમાં ઉપયોગમા આવતી તમામ વસ્તુઓના ભાવ ગત મહિને ઘટયા હતા. ભારતમાં સૌથી વધુ શાકાહારી ભોજન લેવાઈ છે. આથી તેમાં ઉપયોગમાં લેવાથી વસ્તુઓ સૌથી વધુ ખરીદાય છે. ત્યારે ભાવ વધતા ગૃહિણીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કેટલીક વસ્તુઓમાં કાપ પણ મૂકવામાં આવ્યો હતો. આ રિપોર્ટ મુજબ બટાકાના ભાવમાં ૩૫ ટકા, કઠોળમાં ૭ ટકા અને વનસ્પતિ તેલમાં ૧૭ ટકાના વધારાને કારણે શાકાહારી થાળીનો ભાવ વધીને રૂ. ૨૮.૭ થયો છે. એક વર્ષ અગાઉના સમયગાળામાં તેની કિંમત થાળી દીઠ રૂ. ૨૮ હતી.



ક્રિસિલે કહ્યું કે શાકાહારી થાળીના ભાવમાં વાર્ષિક ધોરણે વધારો થયો હશે પરંતુ માસિક ધોરણે ઘટાડો થયો છે. ડિસેમ્બર ૨૦૨૪માં શાકાહારી થાળીની કિંમત ૩૧.૬ રૂપિયા હતી. પરંતુ જાન્યુઆરીમાં ટામેટાં, બટાકા અને ડુંગળીના ભાવમાં ઘટાડો થવાને કારણે શાકાહારી થાળીની કિંમતમાં ઘટાડો થયો હતો.

છેલ્લા મહિનામાં શાકાહારી થાળીની સરખામણીમાં માંસાહારી થાળીના ભાવમાં વધુ વધારો થયો છે. તેની કિંમત જાન્યુઆરી ૨૦૨૪ પહેલા ૫૨ રૂપિયાથી વધીને ૬૦.૬ રૂપિયા થઈ જશે. આ વધારો બ્રોઈલર ચિકનના ભાવમાં થયેલા ૩૩ ટકાના વધારા કરતાં ઓછો છે. વાસ્તવમાં, બ્રોઈલર ચિકન નોનવેજ થાળીમાં ૫૦ ટકા યોગદાન આપે છે. જો કે, ડિસેમ્બરમાં ૬૩.૩ રૂપિયાની સરખામણીમાં માસિક ધોરણે કિંમતોમાં ઘટાડો થયો છે.

જાન્યુઆરી ૨૦૨૫ માં માસિક ધોરણે, ટામેટાના ભાવમાં ૩૪ ટકાના ઘટાડા, બટાકાના ભાવમાં ૧૬ ટકા અને ડુંગળીના ભાવમાં ૨૧ ટકાના ઘટાડાને કારણે શાકાહારી થાળીની કિંમતમાં ઘટાડો થયો હતો. જ્યાં સુધી માંસાહારી થાળીની વાત કરીએ તો, જાન્યુઆરી ૨૦૨૫માં તેની કિંમત એક વર્ષ પહેલા ૫૨ રૂપિયાથી વધીને ૬૦.૬ રૂપિયા થઈ ગઈ. આ વધારો બ્રોઈલર ચિકનના ભાવમાં થયેલા ૩૩ ટકાના વધારા કરતાં ઓછો છે.

ઋતુ પરિવર્તન અને મહાકુંભનાં શ્રદ્ધાળુઓને ધ્યાને લઈ....

# રામમંદિરમાં રામલલ્લાનાં દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરાયો



## એનઆરઆઈ કાઉન્ટર પર પોતાનો પાસપોર્ટ રજુ કરી દર્શન માટે પાસ બનાવી શકે છે

અયોધ્યા તા.૭

રામમંદિરમાં દર્શન માટે પ્રવેશ હવે સવારે ૬ વાગ્યાથી શરૂ થશે. મંદિર ટ્રસ્ટે ઋતુ પરિવર્તન અને મહાકુંભનાં શ્રધ્ધાળુઓના દ્રષ્ટિગત શ્રીરામ લલાના દર્શનના સમય ગાળામાં વધારો ક રાયો છે.

આ વ્યવસ્થા આજથી લાગુ રહેશે.આ ઉપરાંત એનઆરઆઈ શ્રધ્ધાળુ પોતાના પાસપોર્ટથી સીધા કાઉન્ટરથી દર્શન પાસ બનાવી શકશે

રામમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી ડો.અનિલ મિશ્રે ટાઈમ ટેબલ જાહેર કર્યું છે.

નવી વ્યવસ્થામાં સવારે ૪ વાગ્યે મંગલા આરતી અને પટ બંધ થશે. ત્યારબાદ સવારે ૬ વાગ્યે શૃંગાર આરતી થશે. બિરલા

(અનુસંધાન ૧૨ મા પાને)

કુવાડવા ગામમાં પરિવારની સામે જ પુત્રનું મોત

# ૧૮ વર્ષીય પૃથ્વી લઢેરને ૧૨ વર્ષીય નાના ભાઈ નિતિને પડખામાં છરીનો ઘા ઝીંક્યોઃ મોત

**ગ્રામ પંચાયતમાં સફાઈ કામ કરતાં નાથાભાઈ લઢેરનો મનોદિવ્યાંગ પુત્ર નીતિન છરી હાથમાં રાખી ભાઈ પૃથ્વી સાથે મજાક-મશ્કરી કરતો હતો ત્યારે પડખામાં છરીનો એક ઘા ઝીંકી દીધો, ટૂંકી સારવારમાં દમ તોડ્યો**

રાજકોટ. તા.૭

રાજકોટના કુવાડવા ગામે એક કરૂણ ઘટના સામે આવી છે. જેમાં વાલ્મિકી પરિવારના ૧૮ વર્ષીય પુત્ર પૃથ્વી લઢેર અને તેનો નાનો ભાઈ ૧૨ વર્ષીય નિતિન મશ્કરી કરતાં હતા ત્યારે મનો દિવ્યાંગ નાના ભાઈના હાથમાં રહેલ છરીનો એક ઘા ૧૮ વર્ષીય પૃથ્વીના પડખામાં લાગી જતાં તેને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયો હતો. પરંતુ ટૂંકી સારવારમાં જ તેને દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો હતો. બનાવથી પરીવારમાં આક્રંદ સાથે અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને તપાસનો ધમધમાટ આદર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, કુવાડવા ગામમાં હરિઓમ ચોકમાં રહેતો પૃથ્વી નાથાભાઇ



લઢેર (ઉ.વ.૧૮) ગઈકાલે સાંજે ઘરે હતો ત્યારે રાતના ૯:૩૦ વાગ્યે તેના નાના ભાઈ ૧૨ વર્ષીય નીતિન સાથે મજાક મસ્કરી કરતો હતો. ત્યારે નાના ભાઈ

**વાલ્મીકિ સમાજમાં અરેરાટીઃ કુવાડવા રોડ પોલીસ કાફલો હોસ્પિટલે દોડી આવ્યો અને તપાસનો ધમધમાટ આદર્યો, પરિવારજનોએ ફરીયાદ કરવાની ના પાડી**

નિતિને ઘરમાં રહેલ શાકભાજી સુધારવાની છરી લઈ મજાક મસ્કરી કરતી વેળાએ છરીનો એક ઘા પૃથ્વીના પડખામાં ઝીંકી દેતાં તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. ત્યાં હાજર પરિવારજનોએ પૃથ્વીને તાત્કાલિક સારવાર અર્થે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ પૃથ્વીએ દમ તોડી દેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ મથકનો પોલીસ કાફલો હોસ્પિટલ પર દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક યુવકના પિતા નાથાભાઇ વાલજીભાઈ ગામ પંચાયતમાં સફાઈ કામદાર તરીકે કોન્ટ્રાક્ટ બેઇઝ પર

(અનુસંધાન ૧૨ મા પાને)

ગુજરાત સરકારના પરિપત્રનો અમલ શરૂ

# હવે પ્રોસીકયુશનના કેસમાં અપીલનો નિર્ણય પણ ગૃહમંત્રાલય જ કરશે

**નિર્દોષ છુટકારો- સજા વધારવા સહિતની અપીલમાં જવાની સતા ન્યાયતંત્ર પાસેથી લઈ લેવાઈ**

રાજકોટ: ગુજરાતમાં ન્યાય વિભાગ દ્વારા પ્રોસીક્યુશન- એટલે કે સરકાર વતી જે ફરિયાદોમાં સરકારી ધારાશાસ્ત્રીઓની તથા તેની સહાયકોની નિયુક્તિ થાય છે તે હવે ગૃહ મંત્રાલય હેઠળ આવરી લેવા કરાયેલા નિર્ણયનો અમલ કરતું જાહેરનામું બહાર પાડવા આવ્યુ છે અને હવે આ કામગીરી ગૃહ વિભાગ સંભાળશે તથા તેના દ્વારા સરકારી વકીલો તેમના ધારાશાસ્ત્રીઓની નિયુક્તિ તથા તેમના મહેનતાણા વિ. પણ ગૃહવિભાગ નિશ્ચિત કરશે અને ખાસ કરીને કોઈપણ કોર્ટ કેસમાં ચૂકાદા સામે અપીલ કરવાનો નિર્ણય પણ ગૃહ વિભાગ કરશે.

જેમાં છુટકારા સામે અને સજા વધારવા સામેની અરજીઓનો સમાવેશ થાય છે. આમ કાનૂન ન્યાય વિભાગને નિયમ ૨૩ અને ૨૬ હેઠળ જે કામગીરીની સતા મળી હતી તે હવે પરત લઈને ગૃહવિભાગને સુપ્રત કરવામાં આવી છે.

આ ફેરફાર આજથી જ અમલમાં આવી ગયો છે. જેના કારણે ગૃહવિભાગ હવે વધુ શક્તિશાળી બનશે.

# વિજતંત્રે ધોકો પછાડ્યો! બાકી નાણાંની વસુલાત માટે પઠાણી ઉઘરાણીઃ ઘડાઘડ જોડાણો 'કટ્ટ'

## રાજકોટ શહેરમાં અંદાજીત ૩૦ કરોડની વસુલાત બાકી; રોજ ૧૦૦થી વધુ કનેકશન કાપી નખાતા હોવાનો નિર્દેશ

રાજકોટ, તા.૭

નાણાંકીય વર્ષની સમાપ્તિ પૂર્વે મહત્તમ વસુલાત કરવાના સરકારી વિભાગો મેદાને પડ્યા છે ત્યારે વિજતંત્ર દ્વારા પણ ધોકો પછાડવામાં આવ્યા છે. વિજચેકિંગની સાથોસાથ બાકી નાણાંની પઠાણી ઉઘરાણી કરવા અથવા વિજ જોડાણો કાપી નાખવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. રાજકોટમાં જ રોજ ૧૦૦થી વધુ વિજ જોડાણ 'કટ્ટ' થતાં હોવાના નિર્દેશ છે.

સમગ્ર ગુજરાતમાં સૌથી મોટું વિજ વિતરણ નેટવર્ક પશ્ચિમ ગુજરાત વિજ કંપની (પીજીવીસીએલ)નું છે. પુરા સૌરાષ્ટ્ર-કચ્છમાં પથરાયેલું છે અને પાંચ લાખથી વધુ વિજ ગ્રાહકો છે. ઔદ્યોગિક, કોમર્શીયલ, રહેણાંક, કૃષિ સહિત જુદી-જુદી કેટેગરીમાં વિજ જોડાણ હેઠળ બીલો આપવામાં આવે છે. સમયસર બીલ ન ભરનાર સામે કાર્યવાહી થતી હોય છે. હવે નાણાં વર્ષ નજીક આવી રહ્યું છે ત્યારે કાર્યવાહી કડક કરવામાં આવી છે. બાકી નાણાંની વસુલાત ઝડપી બનાવવા તથા વિજ જોડાણ કાપવા સુધીના પગલા લેવાના આદેશ કરવામાં આવ્યા છે.

પીજીવીસીએલ રાજકોટ સીટી સર્કલના સુત્રોએ જણાવ્યું હતું કે

(અનુસંધાન ૧૨ મા પાને)

# ચાલુ વાહને મોબાઈલમાં વાત કરતાં નીકળ્યાં એટલે દંડાયાઃ એક મહિનામાં પોલીસે ૫૧૬ કેસ કર્યા

**ટ્રાફિક પોલીસે જાન્યુઆરી મહિનામાં બ્લુ કાચ, ઓવર સ્પીડ, ત્રિપલ સવારી, એરહોર્ન, સીટબેલ્ટ, હેલ્મેટ સહિતના ૩૪૫૧૨ કેસ કરી રૂા.૧.૧૦ કરોડનો દંડ વસુલ્યોઃ ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ, એસીપી જે.બી.ગઢવી અને ટીમની કામગીરી**

રાજકોટ. તા.૭

ટ્રાફિક પોલીસે રોડ સેફ્ટી મંથ અંતર્ગત જાન્યુઆરી માસમાં કુલ ૩૪,૫૧૨ કેસ કરી ૧.૧૦ કરોડનો દંડ વસુલ્યો હતો. જેમાં સૌથી વધુ કેસ ત્રીપલ સવારી બાઇક ચલાવવાના ૧૧૩૬૭ કેસ અને ચાલુ વાહને મોબાઇલ પર વાત કરનાર ૫૧૬ વાહનચાલકો સામે પણ દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. સાથો સાથ ૬૦૨ વાહન ડીટેઇન કરવામાં આવ્યા હતાં.

ભારત સરકારના વાહન વ્યવહાર અને હાઈવેઝ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા માર્ગ સલામતિ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર દેશમાં રોડ સેફ્ટી વીક- મંથની ઉજવણી કરવામા આવે છે. જે અન્વયે નેશનલ રોડ સેફ્ટી મંથ-૨૦૨૫ ની ઉજવણી ૧



લી જાન્યુઆરીથી ૩૧ મી જાન્યુઆરી સુધી કરવામાં આવી છે. જે અંતર્ગત શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા,એડી. મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ અને એસીપી જે.બી.ગઢવી અને ટ્રાફિક શાખાના અધિકારી- કર્મચારીઓ દ્વારા રોડ સેફ્ટી મંથ દરમિયાન શહેરી વિસ્તારના લોકો માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમોનું વધુમાં વધુ પાલન કરે તે માટે માસ દરમિયાન શહેરી વિસ્તારમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો સામે કાયદાની જોગવાઇ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

જેમાં ટ્રાફિક પોલીસે બ્લેક ફિલ્મના ૭૨૯ કેસ કરી રૂા.૩,૬૪,૫૦૦ નો દંડ વસૂલ્યો છે, જ્યારે ચાલુ ગાડીએ મોબાઈલ પર વાત કરનાર ૫૧૬ વાહન ચાલકો પાસેથી રૂા.૨.૫૮ લાખનો દંડ વસૂલાયો છે.

ઓવર સ્પીડના ૨૨૪૨ કેસ, ત્રણ સવારી વાહન ચલાવવાના ૧૧૩૬૭ કેસ, ટ્રાફિક અડચણરૂપ વાહન મૂકવાના ૩૩૪૮, સુશોભિત નંબર પ્લેટના ૩૬૬૦ એર હોર્નના ૧૮૨, હેલ્મેટ વગર વાહન ચલાવવાના ૨૨૩૨, સીટ બેલ્ટના ૨૫૯૩, જરૂરી કાગળો સાથે ન રાખવાના ૨૬૮૭, નંબર પ્લેટ વગર વાહન ચલાવવાના ૨૨૦૩ તથા અન્ય કેસો ૨૭૫૩ મળી ટ્રાફિક શાખાએ એક માસ દરમિયાન કુલ ૩૪૫૧૨ કેસ કરી ૧,૧૦,૮૭,૮૦૦ નો દંડ વસૂલ્યો છે. આ સાથે પોલીસે ૬૯૨ વાહન ડિટેઇન પણ કર્યા છે.

શિક્ષણના બ્હાને કેનેડા મોકલી અમેરિકામાં ઘુસાડવાની મોડસ ઓપરેન્ડી

# ભારતીયોને ગેરકાયદે વિદેશ મોકલતા ગુજરાત સહિતના એજન્ટો હવે EDના રડારમાં

**ગુજરાતથી જ ગયેલા ૮૫૦૦માંથી ૪૨૦૦ના વ્યવહાર શંકાસ્પદઃ તપાસ શરૂ**

નવી દિલ્હી : ગુરુવારે યુ.એસ.માંથી દેશનિકાલ કરવામાં આવતાં ભારતીયોનાં મુદ્દે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ જણાવ્યું હતું કે તે ઓછામાં ઓછા ૪૨૦૦ ભારતીયોની તપાસ કરી રહી છે, જેમને છેલ્લાં ત્રણ વર્ષમાં ગેરકાયદેસર રીતે યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્થળાંતરિત કર્યુ છે. આ તપાસ ગુજરાત અને પંજાબ સ્થિત એજન્ટો સામે ચાલી રહેલી તપાસનાં ભાગ રૂપે છે જેઓ નિયમિતપણે લોકોને વિવિધ માર્ગો દ્વારા ગેરકાયદેસર રીતે અમેરિકા અને કેનેડા મોકલે છે

ઈડીને તપાસમાં જાણવા મળ્યું છે કે ઘણાં એજન્ટોએ યુ.એસ. માં ભારતીયોનાં ગેરકાયદેસર ઈમિગ્રેશન માટે શિક્ષણનો માર્ગ લીધો છે. આ હેઠળ, યુ.એસ. જવા માંગતા ભારતીયોને કેનેડિયન કોલેજોમાં પ્રવેશ આપવામાં આવે છે. આ પ્રવેશના આધારે, તેઓ દેશમાં કેનેડિયન વિઝા અને જમીન મેળવે છે. પરંતુ આ ''વિદ્યાર્થીઓ'' ક્યારેય કોલેજમાં જોડાતાં નથી અને કેનેડામાં એસોસિએટેડ એજન્ટો દ્વારા જમીનનાં માર્ગો દ્વારા યુ.એસ. લઈ જવામાં આવે છે.

ઈડીએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે કેનેડા સ્થિત કોલેજોમાં ફીની ચુકવણી એ ઇબિક્સક કેશ દ્વારા કરવામાં આવી હતી, જે વિદેશી રેમિટન્સ સેવાઓ પ્રદાન કરે છે. ઇબિક્સક કેશ સાથે પૂછપરછ કર્યા પછી, તે જાણવા મળ્યું કે ગુજરાતનાં એજન્ટોએ વિદ્યાર્થીઓ વતી ૦૭/૦૯/૨૦૨૧ થી ૦૯/૦૮/૨૦૨૪ સુધી કેનેડા સ્થિત વિવિધ



કોલેજોમાં ૮૫૦૦ જેટલાં વ્યવહારો કરવામાં આવ્યાં હતાં.

અહેવાલ મુજબ, આ ૮૫૦૦ વ્યવહારોમાંથી, લગભગ

(અનુસંધાન ૧૨ મા પાને)


એક્રેલીક ફોટો
બાળકો, કપલ, ફેમીલી, મોટી સાઈઝમાં કરાવી આપના ડ્રોઈંગ રૂમને સજાવો
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, રાજકોટ. M.: 94297 85836



ટેન્ડર નોટીસ
આથી દવા સપ્લાય કરતી એજન્સીઓને જણાવવામાં આવે છે કે રાજકોટ શહેરમાં **ડો.હેડગોવાર જન્મશતાબ્દી સેવા સમિતિ-રાજકોટ સંચાલિત** દવાખાનાઓ માટે દવા તથા સર્જીકલ વસ્તુઓ પુરી પાડવા માટેના ભાવ મંગાવવામાં આવે છે.
• ટેન્ડર લઈ જવાની તારીખઃ ૧૦/૦૨/૨૦૨૫ થી
• પરત આપવાની તારીખઃ ૨૫/૦૨/૨૦૨૫
• સમયઃ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
ટેન્ડર લઈ જવા તથા પરત આપવાનું સ્થળઃ
▸ ડો.હેડગેવાર જન્મશતાબ્દી સેવા સમિતિ - રાજકોટ સંચાલિત
▸ ડો.પી.વી.દોશી સાર્વજનીક દવાખાનું, લક્ષ્મીનગર મેઈન રોડ, રાજકોટ.
ટેન્ડર રૂબરૂ/ટપાલ/કુરીયર મારફતે ઉપરોકત તારીખ સુધીમાં પરત આપી જવાનું રહેશે.



